CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૬ રવિવાર, તા.૩૧-૦૩-૨૦૨૪ અંક : ૨૦૩ વર્ષ : ૨૧ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# દિલ્હીના રામલીલા મેદાનમાં આજે I.N.D.I.Aની સભા

## લોકસભા ચૂંટણી પહેલાં વિપક્ષની પહેલી મોટી સભા : AAPએ કહ્યું- વિપક્ષને નિશાન બનાવવામાં આવી રહ્યા છે; ભાજપે કહ્યું- ભાષણ માટે ભીડ એકઠી કરે છે વિપક્ષ

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં ૩૧ માર્ચ એટલે આવતીકાલે INDIA બ્લોક 'મહાસભા' યોજવા જઈ રહ્યું છે. તેમાં ૨૬ દળના નેતાઓ સામેલ થઈ શકે છે. લોકસભા ચૂંટણી પહેલાં આ વિપક્ષની પહેલી મોટી સભા રહેશે. શનિવારે AAP નેતા ગોપાલ રાય અને દિલીપ પાંડેએ રામલીલા મેદાનમાં તૈયારીઓનું નિરીક્ષણ કર્યું.



ગોપાલ રાયે કહ્યું કે ગઠબંધનના નેતા 'તાનાશાહી હટાવો, લોકતંત્ર બચાવો' સભામાં પહોંચી રહ્યા છે. કેન્દ્ર સરકાર એજન્સીઓની મદદથી વિપક્ષના નેતાઓને નિશાન બનાવી રહી છે. એક ચૂંટાયેલાં મુખ્યમંત્રીને કોઈના આરોપોના આધારે જેલમાં ધકેલવામાં આવ્યા છે. આ જે ખેલ ચાલી રહ્યો છે, તેના જ વિરુદ્ધ આવતીકાલે મહાસભા થવા જઈ રહી છે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દુષ્યંત કુમાર ગૌતમે કહ્યું કે INDIA ગઠબંધનમાં સામેલ દળના નેતાઓને રાજ્યોમાં કોઈપણ પૂછનાર નથી. એટલે જ્યાં ભીડ એકઠી થાય છે, ત્યાં પોતાનું ભાષણ આપે છે. આજે જનતાએ તેમનો અસ્વીકાર કર્યો છે.

## BJP મેનિફેસ્ટો કમિટી જાહેર

### ૨૭ સભ્યની કમિટીમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રને મળ્યું સ્થાન

નવીદિલ્હી,

ભાજપે લોકસભા ચૂંટણી માટે ચૂંટણીઢંઢેરા સમિતિની જાહેરાત કરી છે. સમિતિનું નેતૃત્વ રાજનાથ સિંહ કરશે, જ્યારે નિર્મલા સીતારમણ સમિતિના કન્વીનર હશે. પીયૂષ ગોયલને સહ-સંયોજકની જવાબદારી સોંપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ભાજપની આ ચૂંટણીઢંઢેરાની સમિતિમાં કુલ ૨૭ સભ્ય હશે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવની સાથે પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણને પણ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ સમિતિમાં સભ્ય તરીકે સ્થાન મળ્યું છે. ભાજપના ચૂંટણીઢંઢેરાની સમિતિમાં અર્જુન મુંડા, ભૂપેન્દ્ર યાદવ, સ્મૃતિ ઈરાની, અર્જુનરામ મેઘવાલ, કિરણ રિજિજુ, અશ્વિની વૈષ્ણવ, ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર પટેલ, હિમંતા બિસ્વા સરમા, વિષ્ણુદેવ સાય, રવિશંકર પ્રસાદ, સુશીલ મોદી, કેશવ પ્રસાદ, રાજીવ ચંદ્રશેખર, વિનોદ તાવડે, રાધામોહન દાસ, ઓપી ધનખડ, અનિલ એન્ટની, તારીક મન્સૂર વગેરે સામેલ છે.

## વિવાદ પુરા કરો: દિલ્હીથી ગુજરાત ભાજપને તાકીદ

### ચૂંટણી પ્રચાર માટે પુરપાટ દોડતી ગાડીને ઓચિંતી બ્રેક લાગી

ગાંધીનગર,

લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુની ભીડ સાથે વિજય માટે ધસમસી રહેલા ભાજપે ઉમેદવાર જાહેર કરતા જ હવે એક બાદ એક બેઠક પર સ્પીડબ્રેકર જેવી સ્થિતિ અનુભવવી પડે છે.




જેના ખભા પર બેસીને ચુંટણી જીતવાની હતી તેવા કાર્યકર્તાઓને ઉમેદવાર અંગે ભાગ્યે જ પૂછાયુ અને ગાંધીનગર-દિલ્હીમાં ચાર-પાંચ લોકોએ નિર્ણય લઈને ઉમેદવાર જાહેર કર્યા તેમાં બે બેઠકો પર બદલવા પડયા અને કાર્યકર્તાઓની લાગણી-માંગણીને માન આપ્યુ છે તેવા દાવા કરીને પણ કાર્યકર્તાઓને પૂછયા વગર જ નવા ઉમેદવાર મુકતા તેનો પણ વિરોધ શરૂ થયો છે. જે ડામવા અને ઉમેદવારીપત્રક ભરાય તે પુર્વે ઓલ-વેલ કરી દેવા દિલ્હીથી આદેશ છૂટતા જ હવે પક્ષના પ્રચારને થોડી બ્રેક લાગી છે તથા એક બાદ એક બેઠક પર પક્ષમાંજ જે ડેમેજની આશંકા છે ત્યાં બધું ઠીકઠાક કરવાના પ્રયાસો શરૂ થયા છે.

## ભાજપ ઉમેદવારોને વિવાદથી દૂર રહેવા આદેશ

### રૂપાલાએ કરેલી ટીપ્પણી બાદ ભાજપ હાઈકમાન્ડ એક્શનમાં

અમદાવાદ,

રાજકોટ લોકસભા સીટના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટીપ્પણી મામલે ભાજપ હાઈકમાન્ડ એક્શનમાં આવ્યું છે. આ વિવાદ વકરતા ઈન્ચાર્જ ચૂંટણી પ્રભારી બી.એલ .સંતોષે સુચના આપ્યા બાદ ભાજપના તમામ એટલે કે ૨૬ ઉમેદવારોને વિવાદાસ્પદ નિવેદન ન આપવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

બી.એલ.સંતોષે આ અંગે સૂચના આપ્યા બાદ ભાજપ પ્રદેશ દ્વારા એક વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં ભાજપના તમામ ઉમેદવારોને વિવાદોથી બચવા માટે જણાવવામાં આવ્યું હતું. થોડા દિવસ પહેલા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ વાલ્મિકી સમાજનાં કાર્યક્રમમાં જાહેરમાં ક્ષત્રિય સમાજ અને રાજવી પરિવારની લાગણી દુભાય તે પ્રકારનું નિવેદન કરતાં ક્ષત્રિય સમાજમાં રોષ ફાટી નીકળ્યો હતો. જેથી પૂર્વ શિક્ષણમંત્રી અને ક્ષત્રિય સમાજનાં આગેવાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત હાલના રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ સહિતનાં રાજવીઓ ઉપરાંત કોંગ્રેસના મહેશ રાજપૂતે નારાજગી વ્યકત કરી હતી. જે બાદ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માંગતો વીડિયો જાહેર કર્યો અને કહ્યું કે, મારો આશય વિધર્મીઓ ઝૂલ્મોનું નિરૂપણ કરવાનો. ક્ષત્રિય સમાજ કે રાજવી પરિવારની લાગણી દુભાય તેવો કોઈ જ ઈરાદો ન હતો.

## આજે મોદી 'રામાયણ કે રામ' માટે મેરઠમાં કરશે મેગા રેલી: જયંત ચૌધરી મંચ પર હશે

### રામાયણના રામ એટલે કે અરુણ ગોવિલ ભાજપની ટિકિટ પર મેરઠથી ચૂંટણી લડશે

(એ.આર.એલ),મેરઠ,તા.૩૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે મેરઠમાં રેલી સાથે ઉત્તર પ્રદેશમાં તેમના લોકસભા ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે, જ્યાં ભાજપે ટીવી સિરિયલ 'રામાયણ' ફેમ અભિનેતા અરુણ ગોવિલને તેના ઉમેદવાર તરીકે નિયુક્ત કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મેરઠથી ભાજપના ઉમેદવાર અરુણ ગોવિલ ઉપરાંત, રાષ્ટ્રીય લોકદળના અધ્યક્ષ જયંત ચૌધરી, જેઓ તાજેતરમાં ભાજપના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન, એનડીએમાં સામેલ થયા છે, તેઓ પણ આવતીકાલે એટલે કે પીએમ મોદીની મેગા રેલીમાં વડાપ્રધાન સાથે હશે. રવિવાર. સ્ટેજ શેર કરશે.

બીજેપીના એક નેતાએ કહ્યું, 'અયોધ્યામાં મંદિરમાં ભગવાન શ્રી રામની મૂર્તિના અભિષેક બાદ પીએમ મોદી રાજ્યમાં તેમના ચૂંટણી પ્રચારની શરૂઆત ટીવી સિરિયલમાં ભગવાન રામની ભૂમિકા ભજવનાર અરુણ ગોવિલના મતવિસ્તારથી કરી રહ્યા છે. રામાયણ હતી અને તેઓ ખૂબ જ આદરણીય કલાકાર રહ્યા છે.

પાર્ટીના પ્રદેશ મહાસચિવ અનૂપ ગુપ્તાને વડાપ્રધાનની રેલીના સંકલનની જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે મેરઠ સિવાય નજીકના બાગપત, બિજનૌર, મુઝફ્ફરનગર અને કૈરાના લોકસભા ક્ષેત્રના લોકો પણ રવિવારની રેલીમાં ભાગ લેશે.

બીજેપીના વરિષ્ઠ નેતા અને સ્ન્ઝ ગોવિંદ નારાયણ શુક્લાએ કહ્યું કે વડાપ્રધાન મોદીની મેરઠ રેલી પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે કહ્યું કે પાર્ટી અને તેના સહયોગીઓ રાજ્યની તમામ ૮૦ લોકસભા બેઠકો જીતશે.

## મહારાષ્ટ્રમાં કોંગ્રેસને ફટકો : પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રીના પુત્રવધૂ ભાજપમાં જોડાયા

### શિવરાજ પાટિલની પુત્રવધૂ અર્ચના પાટિલ ચાકુરકરે કેસરિયો ધારણ કરી લીધો

મુંબઈ,

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીથી ઠીક પહેલા કોંગ્રેસને ઝટકો લાગ્યો છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટિલની પુત્રવધૂ અર્ચના પાટિલ ચાકુરકરે ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો હતો. મુંબઈમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અર્ચના પાટિલ ચાકુરકર ભાજપમાં જોડાયા હતા.

અર્ચના પાટિલને ભાજપમાં લાવવા પાછળ કોંગ્રેસના પૂર્વ દિગ્ગજ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણની ભૂમિકા મનાઈ રહી છે. તેમણે જ ભાજપ અને અર્ચાના વચ્ચે મધ્યસ્થતા કરી હોવાનું મનાય છે. જેના પછી અર્ચના પાટિલ ભાજપમાં જોડાઈ ગયા હતા. અગાઉ મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બસવરાજ પાટિલ મુરુમકરે પણ કોંગ્રેસ છોડી ભાજપનો કેસરિયો ધારણ કર્યો હતો. તેઓ પણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શિવરાજ પાટિલના દીકરા છે.

## રાષ્ટ્રપતિએ ચાર વિભૂતિઓને ભારતરત્નથી કર્યા સન્માનિત

### ચરણ સિંહ, નરસિંમહરાવ, કર્પૂરી ઠાકુર, વૈજ્ઞાનિક સ્વામીનાથનને સન્માનિત કરવામાં આવ્યા

નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ ભવનમાં આજે ૫ મહાન વ્યક્તિઓને તેમના ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપી ઉત્કૃષ્ટ કાર્ય અને રાષ્ટ્ર પ્રત્યે અસાધારણ યોગદાન બદલ દેશનું સર્વોચ્ચ સન્માન ભારતરત્ન આપવામાં આવ્યો. ૫ મહાન વિભૂતિઓ પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ, પી.વી. નરસિંમહરાવ, બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર, વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને ભારતરત્ન આપી સન્માન કરવામાં આવ્યા. ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને તેમના નિવાસસ્થાને આવતીકાલે (૩૧ માર્ચ) ભારતરત્ન આપી સન્માન કરાશે.

## RLJP સુપ્રીમો પશુપતિ આખરે માની ગયા

### પોતાની પાર્ટીને એનડીએનો ભાગ ગણાવી બાયોમાં 'મોદીનો પરિવાર' ટેગ ઉમેર્યો

પટણા,

બિહાર એનડીએમાં સીટની વહેંચણીથી નારાજ ઈન્ત્ન સુપ્રીમો પશુપતિ પારસ સંમત થયા છે. તેમણે પોતાની પાર્ટીને એનડીએનો ભાગ ગણાવી છે. પશુપતિ કુમાર પારસે જાહેરાત કરી છે કે તેમની પાર્ટી બિહારની તમામ ૪૦ લોકસભા બેઠકો પર એનડીએની જીતને સમર્થન આપશે. એટલું જ નહીં, તેણે ફરીથી તેનું સોશિયલ મીડિયા હેન્ડલ બદલ્યું છે અને તેના બાયોમાં 'મોદીનો પરિવાર' ટેગ ઉમેર્યો છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે બિહારમાં સીટ વહેંચણીમાં ચિરાગ પાસવાનને પ્રાધાન્ય આપવાથી અને તેમની પાર્ટીને એક પણ સીટ ન આપવાથી નારાજ પશુપતિ કુમાર પારસે તાજેતરમાં નરેન્દ્ર મોદી કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું. શનિવારે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પીએમ નરેન્દ્ર મોદી સાથેની તસવીર શેર કરતી વખતે પશુપતિ કુમાર પારસે આગળ લખ્યું કે પીએમ મોદીનો નિર્ણય અમારા માટે સર્વોપરી છે અને તેમના નેતૃત્વમાં રેકોર્ડ બ્રેક બહુમતી સાથે સમગ્ર દેશમાં ૪૦૦થી વધુ બેઠકો જીતીને દ્રઢ્ઢછ સરકાર ત્રીજી વખત બનશે. અન્ય એક ટ્વિટમાં તેમણે ઉમેર્યું છે કે બિહારની ૪૦ લોકસભા બેઠકો જીતવામાં અમારી પાર્ટીને સંપૂર્ણ સમર્થન છે અને રહેશે.

પશુપતિ કુમાર પારસની આ જાહેરાત સાથે, હાજીપુર લોકસભા સીટથી એલજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ રામ વિલાસ અને પારસના ભત્રીજા ચિરાગ પાસવાન માટે રસ્તો સાફ થઈ ગયો છે. પારસે એક વર્ષ કરતા પણ વધુ સમય પહેલા હાજીપુર સીટ પરથી ૨૦૨૪માં લોકસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. તેઓ પોતાને આ બેઠક પર રામવિલાસ પાસવાનના ઉત્તરાધિકારી માને છે.

## સોમવારથી LPG સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ

(જી.એન.એસ)નવીદિલ્હી,,તા.૩૦

નવું નાણાકીય વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થવા જઈ રહ્યું છે. નાણાકીય વર્ષના પ્રથમ દિવસથી ઘણા નિયમોમાં ફેરફાર થવા જઈ રહ્યા છે. આવો જ એક નિયમ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (ૈંરૂ) સાથે સંબંધિત છે. ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન એલપીજી સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું રહેશે. તમને જણાવી દઈએ કે આ સબસિડી મુક્તિ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી હતી, પરંતુ તાજેતરમાં જ સરકારે આ રાહતને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી લંબાવી છે. આ નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસ એટલે કે ૧ એપ્રિલ, ૨૦૨૪થી અમલમાં આવશે. લાભાર્થી વર્ગને વર્ષમાં ૧૨ રિફિલ આપવામાં આવે છે. આ અંતર્ગત ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે.

## બોર્ડ પરીક્ષાના પરિણામો પ્રથમ વખત એકાદ મહિનો વ્હેલા જાહેર થશે

### એપ્રિલના બીજા સપ્તાહથી આવવા લાગશે : ધો.૧૦ના ૬૦ ટકા પેપર ચકાસાઈ ગયા; ૧૨ની ઉતરવહીની ડેટા એન્ટ્રી થવા લાગી



ગાંધીનગર,

ગુજરાત શિક્ષણ બોર્ડ વર્ષોની પરંપરા તોડીને ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાના પરિણામો એક મહિનો વ્હેલા જાહેર કરે તેવી સંભાવના છે. એપ્રિલ મહિનાના અંતમાં જ પરિણામો જાહેર થવા સાથે લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવી શકે છે. વ્હેલા પરિણામથી વિદ્યાર્થીઓને આગળનો અભ્યાસ નકકી કરવામાં વધુ સમય મળશે. ઉપરાંત વિવિધ એન્ટરન્સ પરીક્ષા માટે યોગ્ય તૈયારી કરી શકશે.

શિક્ષણ બોર્ડના સૂત્રોએ કહ્યુ કે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ એપ્રિલના બીજા સપ્તાહમાં જાહેર કરી દેવાની તૈયારી છે જયારે ધો.૧૦ તથા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ એપ્રિલ મહિનાના અંતમાં આવી શકે છે. પરિક્ષા શરૂ થયાના ૪૫ દિવસમાં જ પરિણામ આવી જવાનું ગુજરાતના શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પ્રથમવાર બનશે.

સૂત્રોના કહેવા પ્રમાણે રાજયભરમાં અંદાજીત ૬૫૦૦૦ શિક્ષકોને ઉતરવહી ચકાસણીની કામગીરી સોંપવામાં આવી છે. પરીક્ષા લેવાથી માંડીને ચકાસણીમાં દર વર્ષની સરખામણીએ ત્રણ ગણો સ્ટાફ લગાડવામાં આવ્યો છે.

ધો.૧૨ સાયન્સ તથા ગુજકેટના પરિણામોના આધારે જ ઈજનેરી તથા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવતો હોવાના કારણોસર તે પ્રક્રિયા પણ વ્હેલી શકય બનશે.૨૦૨૩માં ગત વર્ષે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ બીજી મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૬૫.૫૮ ટકા આવ્યું હતું. ધો.૧૨નું ૨૫ મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૬૪.૬૨ ટકા આવ્યુ હતું. ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૧ મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૭૩.૨૭ ટકા રહ્યું હતું.

CMYK CMYK

# ઉના ગીરગઢડા ગીર બોર્ડર નજીક ભેદી ધડાકો થતા લોકો ઘરની બહાર નીકળી ગયા

## જીલ્લા, તાલુકાના દુર દુર સુધીના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભેદી ધડાકો સંભળાતા લોકોમાં ભય ફેલાયો

કૈલેશ ભટ્ટ ઉના:

ઉના ગીરગઢડા પંથક નજીક જંગલ વિસ્તારની આસપાસ એક ભેદી ધડાકાનો અવાજ આવતા તાલુકાના અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જોકે આ ધડાકાનો અવાજ આટલો બધી પ્રચંડ હતો કે લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. અને આ ધડાકો ક્યાં થયો તેની હજુ સુધી કોઈ જાણકારી મળી નથી. આ ભેદી ધડાકો થતા ઉના શહેર અને ગ્રામ્ય વિસ્તારો માંથી એકબીજાના ફોન ધણી ઉઠ્યા હતા. આ ધડાકો થતા લોકોના મોબાઈલ ગ્રુપમાં એવી અફવા ઉડવા લાગી હતી. જે ગીરગઢડાના ધોકડવા નજીક બેડીયા, ખાંભા વચ્ચે જંગલમાં એક પ્લેન ક્રેઝ થયું હોવાની અફવાઓ ફેલાઈ હતી. અને આ અફવાઓ મોબાઈલ ગ્રુપમાં અન્ય રાજ્યમાં ખેતરમા પ્લેન ક્રેશ થયાના ફોટાઓ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયા હતા.



જોકે આ ભેદી ધડાકો થતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. અને કહેતા હતા કે આવો ધડાકો આજ સુધી કોઈ દિવસ સાંભળ્યો નથી તેઓ ધડાકો થયો હતો. અને ગભરાઈ જઈ તાત્કાલિક ઘરની બહાર નીકળી લોકો આકાશમાં અને આસપાસ જોવા લાગ્યા હતા. આ બાબતે ઉના મામલતદાર ડી કે ભીમાણીનો ટેલીફોનીક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે ભેદી ધડાકો થયો છે. અમે આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર જેવા કે સનખડા, ગાંગડા, મોઠા, સામતેર સહિતના આજુબાજુના ગામમાંથી જાણવા મળેલ છે કે આકાશમાં વિમાન નીચી સપાટીએ જઈ રહ્યું હતું. ત્યારે આ ભેદી ધડાકાનો અવાજ આવ્યો હતો. જોકે વિમાન ક્રેશ થયું હોય તેવું કઈ જાણવા મળ્યું નથી.

ગીરગઢડા જંગલ બોર્ડર નજીક આવેલ શાણાવાક્યા ગામની સિમ વાડીમાં એક નાનો ટુકડો પડ્યો હોય તેનો વિડીયો વાયરલ થયેલો હતો. જોકે ભેદી ધડાકાના અવાજથી લોકોમાં ભય ફેલાઈ ગયો હતો.

## ખાંભામાં આરટીઆઈ અંતર્ગત માહિતિ ન આપીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા

અમરેલી:ખાંભા ગામે રહેતા ગીરીશભાઈ ખીમજીભાઈ બાબરીયા નામનાં ૨૮ વર્ષિય યુવકે ગત તા. ૫/૩ તથા તા. ૧૧/૩ ના રોજ આરટીઆઈ થકી સરકારી ગ્રાન્ટો અંગેની જે તે માહિતી માંગેલ હતી તે માહિતી નહી આપવા સારૂ તે જ ગામે રહેતા બાબુભાઈ ભીખુભાઈ ખુમાણે તા. ૨૮ના રોજ બપોરે ૨ વાગ્યે યુવકને ફોન કરી ખાંભા ગ્રામ પંચાયત કચેરીની ઓફીસે બોલાવી અને યુવકે માંગેલ આરટીઆઈની માહિતીની હવે તેને જરૂરીયાત નથી તેવો લેખીતમાં વળતો જવાબ કરી આપવાનું કહેલ. જેથી યુવકે તેવો જવાબ નહીં કરી આપવાનું કહેતા આરોપીને સારૂ નહીં લાગતા તેથી એકદમથી ઉશ્કેરાઈ જઈ યુવકને જેમ-ફાવે તેમ ગાળો આપી ડાબા ગાલે બે જાપટ મારેલ તથા તેમના વાસાના ભાગે તથા પેટના ભાગે ઢીકાપાટુ વડે મુંઢમાર મારી તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત, અપમાનીત કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# ૨૫ તોલા સોનું અને આવાસની લાલચમાં રૂા. ૬ લાખ ગુમાવ્યા

## છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધી ગાંધીગ્રામ પોલીસે મહિલાની ધરપકડ કરી

રાજકોટ:

એક પરિવારનાં સભ્યોને પાંચ તોલા સોનાના દાગીનાનાં બદલામાં પચ્ચીસ તોલા સોનાનાં દાગીના આપવાની લાલચ આપી આરોપી ક્રિષ્નાબેન સમીપ શાહ (રહે. ઈન્દિરા સર્કલ પાસે, દ્રષ્ટિ એપાર્ટમેન્ટ)એ રૂા. ૬ લાખની છેતરપિડી કર્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે આરોપીની મહિલાની ધરપકડ કરી હતી.બજરંગવાડી નજીકના પુનિતનગર શેરી નં. ૧માં રહેતા અને સોફા બનાવવાની મજૂરી કરતાં અશોકભાઈ દામજીભાઈ જેઠવા (ઉ.વ. ૪૬)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, દ્રષ્ટિ એપાર્ટમેન્ટમાં તેના ધર્મના બનાવેલા બહેન કુસુમબેન ઘોડાસરા રહે છે. તેના પત્ની મનીષાબેન ત્યાં પ્રસંગમાં



જમવા ગયા ત્યારે તે જ એપાર્ટમેન્ટમાં રહેતા ક્રિષ્નાબેન સાથે પરિચયમાં આવ્યા હતાં.ગઈ તા. ૧૮મી ફેબ્રુઆરીએ ક્રિષ્નાબેન તેનાં ઘરે આવ્યા હતાં અને તેનાં પત્ની અને પુત્રીને કહ્યું કે તમે મને નાના-મોટા સોનાના દાગીના આપો, હું તમને તેમાંથી ૨૫ તોલા સોનુ કરીને આપીશ. જેથી તેની વાતમાં આવી તેને સોનાનો ચેઈન, સોનાનો સેટ, વીંટી વગેરે દાગીના આપ્યા હતાં. બદલામાં અઠવાડિયામાં ૨૫ તોલા સોનું આપવાની વાત કરી ક્રિષ્નાબેન જતા રહ્યા હતાં.થોડા દિવસો પછી ક્રિષ્નાબેન ફરીથી તેનાં ઘરે આવ્યા હતા અને કહ્યું કે મારા પિતા પાલીતાણા મંદિરમાં ટ્રસ્ટી છે, અને સેવાનું કામ કરે છે. જો તમે સકનના રૂા. ૩ લાખ આપો તો બાકીનાં રૂા. ૭ લાખ હું આપી તમને રૂા. ૧૦ લાખનું આવાસ યોજનાનું ૩ BHKનું ક્વાર્ટર આપીશ. પરિણામે તેની વાતમાં ફસાઈ ફિક્સ ડિપોઝીટ તોડાવી રૂા. ૩ લાખ આપ્યા હતાં. તેના થોડા દિવસો બાદ ક્રિષ્નાબેન સોનાના દાગીના આપી ગયા હતાં. જે ચેક કરાવતાં ઈમિટેશનનાં હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ક્રિષ્નાબેનને કોલ કરી રૂા. ૩ લાખ દાગીનાનાં અને રૂા. ૩ લાખ રોકડાની માંગ કરતાં વાયદાઓ કરતાં રહ્યા હતાં. પરંતુ આજ સુધી દાગીના અને રોકડ રકમ પરત નહીં આપતાં આખરે ફરિયાદ નોંધાવી હતી.

# કોડીનાર - ડોળાસા વચ્ચે ફોર ટ્રેક રોડનું કામ ફરી મંદ ગતિમાં!



ડોળાસા: કોડીનાર થી ઉના સુધી ના ફોર ટ્રેક રોડ નું કામ નવ વરસ થી ગોકળ ગાય ની ગતિ થી ચાલતું હતું.પણ દિવાળી પછી ડોળાસા કોડીનાર વચ્ચે ફોર ટ્રેક રોડના કામ માં ભારે તેજી આવી હતી.ત્યારે એવું લાગતું હતું કે આવતા ચોમાસા સુધી માં આ કામ પૂરું થઈ જશે.પણ અચાનક ફરી આ કામ ગોકળ ગાય ની ગતિ ચાલવા લાગતા આ કામ હવે ક્યારે પૂરું થશે.તે નક્કી નથી.પણ લોકો અને વાહન ચાલકો તોબા પોકારી ગાય છે.

૨૦૧૫ માં નરેન્દ્રભાઈ મોદી ની પ્રથમ સરકાર માં સોમનાથ થી ભાવનગર રોડ ને ફોર ટેક સિમેન્ટ રોડ ના કામ નું ખાત મુહુર્ત માર્ગ વ્યવહાર મંત્રી નીતિનભાઈ ગડકરી ના હસ્તે થયું હતું.આ દરમ્યાન મોદીજી ની બીજી ઈનિંગ્ પણ.પૂરી થઈ ગઈ છે પણ આ કામ હજુ પૂરું થયું નથી ડોળાસા થી ઉના સુધી ના ૨૨ કી.મી.નું મોટા ભાગ નું કામ પૂરું થયું છે ..પણ કોડીનાર ડોળાસા વચ્ચે ના અઢાર કી.મી.માં તો આ કામ ના કોન્ટ્રાકટર ના ગજબ માં ધાંધીયા રહ્યા છે. આ કામ ને દસમું વરસ ચાલુ છે.પણ અનેક સ્થળોએ કામ હજુ બાકી છે.જેમાં ડોળાસા બાય પાસ નું કામ ઘણું બાકી છે. મિતિયાજ ચોકડી નું કામ પૂરું બાકી છે.માલગામ વેળવા વચ્ચે જ્યાં ટોલ નાકું બનવાનું છે ત્યાં એકજ પટ્ટા ઉપર થી તમામ વાહનો છે...લોકો ની પ્રશ્ન છે કે આ કામ પૂરી કરવા હજુ કેટલા વર્ષ લાગશે...? સરકાર ને પણ આ બાબત ની કોઈ ફિકર નહિ હોય?

# રાજુલામાં ઘરફોડ ચોરી કરનાર ઈસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

અમરેલી: રાજુલા ગામે આવેલ વોરાવાડ, ખડપીઠમાં રહેતા અબ્બાસીભાઈ કુરબાનહુસૈન ચૌહાણ ગત તા.૨૧/૩/નાં રોજ પોતાના રહેણાંક મકાનના મુખ્ય દરવાજા ઉપર તાળુ મારી, પોતાના પરીવાર સાથે રમજાન માસ અન્વયે નમાજમાં ગયેલ હોય, તે દરમિયાન સાંજના પોણા સાતથી સાડા સાત વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ મેઈન દરવાજાનું તાળુ તોડી, ઘરમાં પ્રવેશ કરી ઘરનો સામાન વેરવિખેર કરી, પરચુરણ રોકડ રૂ.૫,૦૦૦ ની ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગે જે તે સમયે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરુધ્ધ



કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હોય, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ઉપરોક્ત ઘરફોડ ચોરીના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરી અને બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગત તા.૨૭/૩ ના નાઈટ પેટ્રોલીંગ દરમિયાન રાજુલા ટાઉનમાંથી યુસુફભાઈ હમીદભાઈ રફાઈ, (રહે.અમદાવાદ) નામનાં ઈસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, સઘન પુછપરછ કરતા ઉપરોક્ત ઘરફોડ ચોરી તેમજ સને ૨૦૧૭ માં રાજુલામાં ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, રોકડ રૂપિયા ૪,૩૫૩ તથા એક લોખંડનો સળીયો રૂપિયા ૧૦ મળી કુલ રૂ.પિયા ૪,૩૬૩ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ છે.

પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતાં પકડાયેલ આરોપીએ અગાઉ સને ૨૦૧૭ નાં વર્ષમાં રાજુલામાં ખોડીયાર માતાજીના મંદીરની બાજુમાં આવેલ એક બંધ મકાનનું તાળુ તોડી તેમાંથી રોકડ રકમ, સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ હતી

## બાબરાનાં યુવકે નીલવડા ગામે વગર ડીગ્રીએ આરોગ્ય સેવા શરૂ કરી

અમરેલી: બાબરાની રામનગર સોસાયટીમાં રહેતા પ્રતિકભાઈ જુગલભાઈ ગોંડલીયાએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર બાબરા તાલુકાના નિલવડા ગામે કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલ કરી અને સારવાર આપી ડોકટરની રજી. મેડીકલ પ્રેક્ટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત અલગ અલગ સાધન સામગ્રી નંગ-૨૨ કિંમત રૂા.૧૮૫૯૦ ના મુદ્દામાલ સાથે મેડિકલ પ્રેકિટસ કરતા અને પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા હોય. આ અંગે કોટડાપીઠા મેડીકલ ઓફીસર ડો. નિધી બી. ખેરે તેમને ઝડપી લઈ બાબરા પોલીસમાં પ્રતિકભાઈ જુગલભાઈ ગોંડલીયામાં ફરિયાદ નોંધાવી છે.

# ઓલ ઈન્ડિયા ક્ષેત્રે લાંબી કૂદમાં સિધ્ધિ મેળવી

સાવરકુંડલા:

ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસમાં પ્રથમ વખત લાંબી કૂદમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર હીટ અને ફીટ માલવિયા નુતનબેન.. ૨૦ થી વધારે નેશનલ ગેમ્સનો અનુભવ દસથી વધારે ગોલ્ડ ચાર સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મેળવનાર ફરી એકવાર અનોખી સિધ્ધિ પ્રાપ્ત કરી.. ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ દ્વારા ચંદીગઢ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત એટલેટીક્સ મિટમાં ગુજરાતની પ્રથમ મહિલા માલવિયા નૂતનબેને લાંબી કુદમાં ગોલ્ડ મેડલ મેળવી અમરેલી જિલ્લાની ગાવડકા પ્રા. શાળા તથા



સમગ્ર શિક્ષણ વિભાગનું નામ રોશન કર્યું.તેની આ સિધ્ધિને સાવરકુંડલાના અગ્રણી બિલ્ડર કરશનભાઈ ડોબરીયાએ બિરદાવી અને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગીર સોમનાથનું ગૌરવ:ડો. ડી.કે. વાજાની સાહિત્યનો અતુલ્ય વારસો આઈડેન્ટી એવોર્ડ માટે પસંદગી

ઉના:ઉનામાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા શિક્ષક તરીકે ફરજ બજાવતા ડો.ડી. કે, વાજાને "દાર્શનિક"ની ગીર સોમનાથ જિલ્લામાંથી સાહિત્યનો અતુલ્ય વારસો આઈડેન્ટી એવોર્ડ-૨૦૨૪ માટે પસંદગી કરવામાં આવી. આવનાર દિવસોમાં શિક્ષકને એવોર્ડ ગાંધીનગર ખાતે એનાયત કરવામાં આવશે.

'શિક્ષક સંહિતા' શિક્ષકની ધરોહર તથા તેમના જ્યોતિ પુંજ લક્ષણોનો સંચિત પુસ્તક ગણીને પસંદગી થતા શાળા, કુટુંબ, સમાજ



તથા મિત્રોએ હદયથી શુભેચ્છા પાઠવી હતી. સાહિત્યસર્જન ક્ષેત્રે તેઓ ૩૦ વર્ષથી ઉત્તમ સર્જન કરી રહ્યા છે. ડી કે વાજા એ ૯૦૦ દોહરા' ૭૦૦ નવ્યાંક,૪૫૦ હાઈકું અને ૨૦૦ જેટલા કાવ્યો (ગીત,ગઝલ અને સોનેટ) સંક્ષિપ્ત ગુજરાતી વ્યાકરણ, આઝાદીકા અમૃતોત્સવ, લેખન પૂર્ણ કરેલ છે. મનમુક્તિધામ લેખનમાં કાર્યરત છે. જે વિપુલ પ્રમાણમાં સર્જન કરીને સાહિત્યની ઉમદા સેવા કરી છે. ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી લોકોની શુભકામઓનો પાઠવવામાં આવી હતી. આ એવોર્ડ તા. ૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે એનાયત થશે.

# કબીર ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા:આજ રોજ તારીખ ૨૮-૩-૨૪ ને ગુરુવારે શ્રી સદગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ?સ્ટ સવારકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવે છે . આ કેમ્પની અંદર ઓ.પી. ડી.માં ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૩૦ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનુ દિપ પ્રાગટય કબીર ટેકરીનાં મહંત શ્રી નારાયણ સાહેબ દ્વારા સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી તથા હોસ્પિટલના તબીબી કર્મચારીઓની ઉપસ્થિતમાં કરવામાં આવેલ.. આ તકે સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ,જગદીશભાઈ જેઠવા જિતેનભાઈ હેલૈયા, ચીમનભાઈ નાથજી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ, સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેશભાઈ ભીલ તથા કબીર ટેકરીના સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરુવારે છેલ્લા ૧૩ વર્ષથી યોજાય છે

# લુ લાગવાથી બચીએ: તકેદારીના પગલાં ભરીએ: આપત્તિ વ્યવસ્થાપન તંત્રનો અનુરોધ

(અતુલ કારિયા) અમરેલી:

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં હીટ વેવની સંભાવનાઓને જોતા હીટ વેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી છે.

શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ,નારિયેળ પાણી સહિતના પીણાનો ઉપયોગ કરવો. વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરવા. ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપી થી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો. પ્રાથમિક સારવાર માટેની તાલીમ મેળવી લેવી. બાળકો, વૃધ્ધો, બીમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લુના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી લેવી.

કામદાર અને નોકરીદાતા માટે કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુધ્ધ પાણી, છાશ, ઓ.આર.એસ,બરફના પેક પ્રાથમિક સારવાર પેટીની વ્યવસ્થા કરવી. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતીને ટાળવી. સખત મહેનતનું કામ હોય તે તેને દિવસના ઠંડા સમયમાં ગોઠવવું. બહારની પ્રવ્રુતિઓ માટે વિશ્રાંતી સમય અને તેની સંખ્યા વધારવી. જે કામદાર વધુ ગરમી વાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલ નથી તેમને હળવું તેમજ ઓછી અવધી માટેનું કામ આપવું. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળાઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપો. કામદારોને હીટ વેવ એલેર્ટ વિશે માહિતગાર કરવા. શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો. ઘરગથ્થુ ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ધાણાજીરુ નાખેલું કચુંબર લુ લાગવાની શક્યતા ઘટાડી શકે છે.

ઘરને શીતળ રાખવા માટે ઘરની દીવાલોને સફેદ રંગથી રંગો. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે કૂલ રુફ ટેકનોલોજી, હવાની અવર જવર માટે ક્રોસ વેંટીલેશન અને થર્મો કૂલ ઈન્સુલેશનનો ઉપયોગ કરો. સૂકા ઘાસની ગંજી છત પર રાખો અથવા શાકભાજી પણ ઉગાડી શકો. ઘરની બારીઓ ઉપર સૂર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનીયમ ફોઈલ કવર વાળા પૂંઠા લગાવો. ઘેરા રંગના પડદા, બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત રાત્રે જ બારીઓ ખોલો. બને ત્યાં સુધી નીચેના માળ ઉપર રહો. લીલા રંગના છાપરા, ઈન્ડોર છોડ મકાનને કુદરતી રીતે ઠંડું રાખે છે અને એયર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે અને તેમાંથી બહર નીકળતી વધારાની ગરમીને ઓછી રાખે છે. એયર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો. આને કારણે તમારુ વીજળીનું બિલ ઓછું થશે અને સાથે તમારી સ્વસ્થતાનું પણ ધ્યાન રાખશે. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલને બદલે છીદ્રાળુ દીવાલ ટેકનોલોજીનો ઉપયોગ કરો. જાડી દીવાલનું ચણતર કરો, જે ઘરને અંદરથી ઠંડુ રાખશે. નીચેથી જાળીદાર દીવાલ ચણતર કરો કે જે ગરમીને રોકશે અને વધુ હવાને પસાર થવા દેશે. દીવાલને રંગવા માટે ચૂનો અથવા કાદવ જેવા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરો. બાંધકામ પૂર્વે મકાન બાંધકામના નિષ્ણાંતની સલાહ લો.

લુ લાગી હોય તેવી વ્યક્તિની સારવાર: ભીના કપડાંનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડી શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ અથવા લીંબુ સરબત-તોરાની જેવું પ્રવાહી આપો. વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા. જો શરીરનું તાપમાન એકધારુ વધતું હોય, માથાનો દુઃખાવો અસહ્ય હોય, ચક્કર આવતા હોય, નબળાઈ હોય ઊલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયા હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી લેવી જોઈએ.આટલું ન કરો: બપોરના ૧૨ વાગ્યા થી ૦૩ વાગ્યા સુધી તડકામાં ન જવું. બપોરના સમયે બહાર હોય ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી. ઉઘાડા પગે બહાર ન જવું. આ સમયે રસોઈ ન કરો. રસોડામાં હવાની અવર જવર માટે બારી અને બારણા ખુલ્લા રાખો. શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા શરાબ, ચા, કોફી સોફ્ટ ડ્રીંક ન લેવા. પ્રોટીનની વધુ માત્રા હોય તેવા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠા વાળા આહારને ત્યજવો. પાર્ક્ડ વાહનોમાં પાળતું પ્રાણી કે બાળકોને એકલા ન રાખો. વધારે પડતી રોશની વાળા વીજળીના બલ્બનો ઉપયોગ ટાળો અને જરુરના હોય તો કોમ્પ્યુટર કે બીજા ઉપકરણને બંધ રાખો.

કૃષિ વિષયકઃ ઉભા પાકને હળવું તેમજ વારંવાર સિંચન કરો. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. વિસ્તાર હીટ વેવ કે લુ ફૂંકાતા પવન વાળા વિસ્તારમાં આવતો હોય તો સ્પ્રિંકલરથી સિંચાઈ કરો.

પશુપાલન: પશુઓને છાયંડામાં રાખો અને તેમને શુધ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી કામ ના લેવું. આશ્રય સ્થાનનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાંસની ગંજીથી ઢાંકો. અથવા તો છાણ કાદવ અથવા સફેદ રંગથી રંગો, આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો કે ફોગર્સ લગાવો. બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છંટકાવ કરો. પશુને પાણીના હવાડા નજીક લઈ જવા. આહારમાં તેમને લીલો ચારો આપો, પ્રોટીન ચરબી વગરનો આહાર આપો. ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો. જ્યારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવાઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.આટલું ન કરો: બપોરના સમયે પશુઓને ચરવા ન લઈ જાવ તેમ અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર નિવાસી અધિક કલેક્ટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## બગસરાનાં હામાપુર ગામે પેટ્રોલ ભરેલ બોટલ ફેંકી મકાન સળગાવવાનો પ્રયાસ

અમરેલી:બગસરા તાલુકાના હામાપુર ગામે રહેતા અશોકભાઈ કડવાભાઈ દેગામા નામનાં ૩૨ વર્ષિય યુવકના ઘર ઉપર ગત તા. ૨૦/૩ના રોજ કોઈ અજાણ્યા ઈસમે કાચની બોટલોમાં પેટ્રોલ ભરી યુવકના ઘરનો નાશ કરવાના ઈરાદે રસોડા ઉપર પેટ્રોલ ભરેલ બોટલ ફેંકી રસોડાના ઉપરના ભાગે રહેલ તાલપત્રી સળગાવી દઈ અને મકાનમાં આશરે રૂા. ૧૦૦૦ નું નુકસાનકર્યાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

## સાવરકુંડલાના ખ્યાતનામ આંખના તબીબનું અવસાન: શુભેચ્છકોમાં ગમગીની છવાઈ



સાવરકુંડલા:સાવરકુંડલા ખાતે પોતાની આંખની હોસ્પિટલ ધરાવનાર સાવરકુંડલાનાં આંખના પ્રતિષ્ઠિત તબીબ ડો. વિનોદભાઈ જીણાભાઈ પટેલનું નિધન થતાં શહેરને એક સારા આંખના તબીબની ખોટ વર્તાય. ૨૭-૩-૨૪ને બુધવારે અમદાવાદ ખાતે તેમનો દેહાંત થતાં તેમના પરિવાર તથા શુભેચ્છકોમાં ગમગીની છવાઈ ગઈ હતી. પોતે ખૂબ જ મિલનસાર અને વિનોદી સ્વભાવ ધરાવતા હતા. અને દર્દીઓમાં પણ સારી ચાહના ધરાવતાં હતાં. તેમના નિધનથી સાવરકુંડલા શહેરને એક સારા આંખના તબીબની ખોટ કાયમ વર્તાશે.

# રાજકોટ જિલ્લામા ધોમધખતા તડકા ૪૪ લોકોને ૧૦૮ની તાત્કાલિક સારવાર કરાઈ

## જિલ્લા વહિવટી વિભાગ દ્વારા લોકોપયોગી સૂચનો જાહેર કરવામાં આવ્યાં

રાજકોટ, રાજકોટના જિલ્લાના નાગરિકો ઉનાળાના ધોમધખતા તડકાથી પોતાની જાતનું રક્ષણ કરી શકે અને પોતાના સ્વાલસ્થિ્ક ની જાળવણી કરી શકે, તે માટે ૧૦૮ અને જિલ્લા વહિવટી વિભાગ દ્વારા લોકોપયોગી સૂચનો જાહેર કરવામાં આવ્યાં છે. ગરમીના લીધે લૂ લાગવાના તેમજ બેભાન બનવાના બનાવો વધે તે પહેલા નાગરિકોએ શું કાળજી રાખવી જોઈએ? તે જોઇએ તો, લોકોએ સખત ગરમીમાં બને ત્યાંવ સુધી તડકામાં બહાર નીકળવાનું ટાળવું, ગરમીમાં બહાર નીકળો તો સુતરાઉ, લાંબા આખી બાયના કપડાં પહેરવાં, મોઢાથી પ્રવાહી પૂરતાં પ્રમાણમાં લેવું. જેમાં સાદુ પાણી, લીંબુ પાણી, છાશ વગેરેનો ઉપયોગ કરી શકાય, નાના બાળકો અને મોટી ઉંમરની વ્યંક્તિ ઓએ ગરમીમાં બહાર ન નીકળવું, સગર્ભા માતા અને નવજાત શિશુને લૂ ના લાગે તેની ખાસ કાળજી રાખવી.

આ ઉપરાંત, લૂ લાગે કે તેની અસર દેખાય તો નજીકના દવાખાનામાં ડોક્ટણરનો સંપર્ક કરવો જોઈએ, જે વ્યનક્તિાને લૂ લાગી હોય તેને ઠંડા વાતાવરણમાં રાખવા. લૂ લાગી હોય તેને પ્રાથમિક ઉપચાર માટે ઠંડા પાણીના પોતાં મૂકી શકાય, આઈસ પેક હોય તો જાંઘ અને બગલના ભાગમાં મૂકવાથી શરીરનું ઉષ્ણ તામાન તરત જ નીચું લાવી શકાય છે. જે શ્રમિકો ખુલ્લી સાઈટ પર તડકામાં કામ કરતાં હોય, તેમણે દર બે કલાકે છાયડામાં પંદરથી વીસ મિનિટ આરામ લેવો જોઈએ, ગરમીની ઋતુમાં બજારનો ઉઘાડો અને વાસી ખોરાક લેવાનું ટાળવું જોઇએ.

રાજકોટ જિલ્લામાં છેલ્લા અડતાલીસ કલાકમાં જ ગરમીના લીધે કેસોમાં વધારો જોવા મળ્યો છે, છેલ્લાં અડતાલીસ કલાકમાં જ રાજકોટ જિલ્લામાં હીટવેવને લઈને ૪૪ કિસ્સોઓ સામે આવ્યાંછ છે. જેની ૧૦૮ સેવા દ્વારા સારવાર કરવામાં આવી છે અને નજીકના હોસ્પિ્ટલમાં ખસેડવા આવ્યા છે.

હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરાયું છે જે અંગે રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જિલ્લાની તમામ ૧૦૮ એમ્યુદ્વ લન્સાને સજ્જ રાખવામાં આવી છે. ૧૦૮ના પ્રોગ્રામ મેનેજર ચેતન ગાધેએ જણાવ્યુંત હતું કે, તમામ ૧૦૮ એમ્યુદ્વ લન્સામાં ગરમી કે લૂ સબંધિત કોઈપણ પ્રકારના કિસ્સારઓને પ્રતિસાદ આપવા માટે પુરતા પ્રમાણમાં દવાઓ, સંસાધનો, ઈન્જેં કશન, ઓઆરએસ, ગ્લુનકોઝ, સહિત ઓક્સિાજનના પુરતા જથ્થાૂની વ્યએવસ્થાૂ કરવામાં આવી છે. તમામ કર્મચારીઓ તાલીમબદ્ધ અને કટિબદ્ધ છે. ત્યાણરે રાજકોટની જનતા સાવધાનીના પગલા લઇ કાળજી રાખે તેમ છતા આવશ્યઓક સમયે તત્કાલ ૧૦૮ને કોલ કરી સેવા મેળવે જેથી આપાતકાલીન પરિસ્થિતિઓમાં મૂલ્યાવાન માનવજીવન બચાવી શકાય.

# રાજકોટ ઝૂમાં બે સફેદ વાઘ બાળનો જન્મ : ઝૂમાં કુલ સંખ્યા ૧૦ થઈ

## વાઘણ ગાયત્રીએ ધુળેટીના દિવસે બેલડાને જન્મ આપ્યો : માતા અને બચ્ચા બન્ને તંદુરસ્ત



રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૫૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. વન્યપ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતીઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે. સફેદ વાઘ નર દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી ૧૦૫દિવસના ગર્ભાવસ્થાના અંતે તા.૨૫/૦૩/૨૦૨૪ના રોજ સાંજના સમયે વાઘ બાળ જીવ-૦૨(બે)નો જન્મ થયેલ છે. માતા ગાયત્રી દ્વારા બચ્ચાંઓની પૂરતી કાળજી રાખવામાં આવે છે. હાલ માતા તથા બચ્ચા બન્ને તંદુરસ્ત છે. ઝૂ વેટરનરી ઓફિસર તથા ટીમ દ્વારા માતા તથા બચ્ચાંઓનું સીસીટીવી દ્વારા રાઉન્ડ ધ કલોક મોનીટરીંગ કરવામાં આવે છે.

ઝૂ ખાતે અગાઉ થયેલ બ્રીડીંગ મુજબ નર વાઘ દિવાકર તથા માદા વાઘણ યશોધરાના સંવનનથી તા.૦૬/૦૫/૨૦૧૫ના રોજ સફેદ વાઘ બાળ ૦૧ માદાનો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સફેદ વાઘ બાળ ૦૪ માદાનો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ સફેદ વાઘ બાળ ૦૪ (નર-૦૨ માદા-૦૨)નો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ ગાયત્રીના સંવનનથી તા.૧૮/૦૫/૨૦૨૨ના રોજ સફેદ વાઘ બાળ ૦૨ (બે) નરનો જન્મ થયેલ., નર વાઘ દિવાકર તથા માદા વાઘણ કાવેરીના સંવનનથી તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ સફેદ વાઘ બાળ ૦૨ (બે) નરનો જન્મ થયેલ., આમ સફેદ વાઘણ ગાયત્રી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૨ બચ્ચાંઓનો જન્મ આપી સફળતાપુર્વક ઉછેર કરવામાં આવેલ છે. રાજકોટ ઝૂ ખાતે અત્યાર સુધીમાં કુલ ૧૫ (પંદર) સફેદ વાઘ બાળનો જન્મ થયેલ છે. જેનાં બદલામાં મૈત્રી બાગ ઝૂ, ભીલાઈ દ્વારા રાજકોટ ઝૂને સફેદ વાઘ નર દિવાકર, સફેદ વાઘણ યશોધરા તથા સફેદ વાઘણ ગાયત્રી આપવામાં આવેલ. રાજકોટ પ્રાણી ઉદ્યાન ખાતેનું કુદરતી જંગલ સ્વરૂપેનું નૈસર્ગીક વાતાવરણ સફેદ વાઘ તથા એશીયાઇ સિંહોને અનુકુળ આવી જતા સમયાંતરે ખુબ જ સફળતાપૂર્વક સંવર્ધન થઈ રહેલ છે. હાલ ઝૂ ખાતે સફેદ વાઘબાળ૦૨નો જન્મ થતા સફેદ વાઘની સંખ્યા ૧૦ થઈ ગયેલ છે. જેમાં નર-૩, માદા-૫ તથા બચ્ચા-૨નો સમાવેશ થાય છે.

હાલ ઝૂ માં જુદી જુદી ૬૭ પ્રજાતિઓનાં કુલ-૫૬૪ વન્યપ્રાણી-પક્ષીઓ મુલાકાતીઓ માટે પ્રદર્શિત કરવામાં આવે છે. રાજકોટ પ્રાણીઉદ્યાનનો આધુનીક ઢબે વિકાસ કરાતા મુલાકાતીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે.

# રાજકોટમાં ધુમાડાયુકત ડીઝલ બસોને વિદાય આપવા કોર્પો.ની તૈયારી : સીએનજી બસ દોડાવાશે



રાજકોટ,

રાજકોટ મહાનગરમાં નવા નાણાકીય વર્ષથી સીએનજી બસ દોડાવવાની તૈયારી મનપાએ કરી છે ત્યારે એપ્રિલના અંતમાં આ ગેસ આધારીત બસો રોડ પર મૂકાવાની શરૂ થઇ જશે તેમ મનપા સુત્રોએ જણાવ્યું છે. આ બસ આવતી જાય તેમ ધુમાડાયુકત ડીઝલ બસોને વિદાય આપવા કોર્પો.ની તૈયારી છે.

મહાનગરમાં હાલ આઉટ ઓફ ડેટ થઇ ગયેલી બ્લુ કલરની ડીઝલ બસો દોડે છે. થોડા સમય અગાઉ બીઆરટીએસની જેમ શહેરના માર્ગો ઉપર પણ ઇલે. બસ મૂકવાનું શરૂ કરાયું છે. પરંતુ સંપૂર્ણપણે ધુમાડાયુકત બસો ત્યારે જ દુર થશે જયારે જરૂરીયાત મુજબ ઈલે. અને સીએનજી બસ આવી જશે. હાલ ઘણા રૂટ પર ઇલે. બસ દોડી રહી છે.

થોડા મહિના પહેલા કોર્પો.એ સીએનજી બસના સંચાલન માટેના ટેન્ડર ફાઇનલ કર્યા હતા. માથાકૂટમાંથી બચવા આ વખતે સંચાલન સાથે ડ્રાઈવર-કંડકટર સહિતના સ્ટાફની સપ્લાય પણ કોન્ટ્રાકટમાં સામેલ કરી દેવામાં આવી છે. હવે એપ્રિલના અંતમાં રાજકોટને ૨૫ જેટલી સીએનજી બસ મળી જશે. એટલે આવતા મહિનાના અંતે કે મે મહિનાના પ્રારંભે સીએનજી બસ રોડ પર દેખાશે.

આ ગેસ આધારીત બસોનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન ચાલી રહ્યું છે. હાલ દોડતી ઈલે. બસ અને તે બાદ આવનારી ગેસ બસના કારણે પ્રદુષણમાં ઘટાડો થશે. પૂરતી સંખ્યામાં ઈલે. અને સીએનજી બસ મળે એટલે ૨૦૨૪ના વર્ષમાં મહાનગરમાંથી ડીઝલ બસોને સંપૂર્ણપણે ઓપરેશનમાંથી પરત ખેંચી લેવામાં આવશે સૂત્રોએ જણાવ્યુ છે.

# મંગળવારે રાજકોટમાં વિદેશ મંત્રી એસ. જયશંકર પ્રબુધ્ધ નાગરિક માટે 'ભારત ભાગ્ય વિધાતા' પર સંવાદ કરશે

## રાષ્ટ્રીય એકતા મંચ દ્વારા પ્રમુખસ્વામી ઓડીટોરીયમ ખાતે કાર્યક્રમનું આયોજન



રાજકોટ,

મોદી સરકાર દ્વારા દેશની વિદેશ નીતિને અપાયેલી એક નવી ઓળખમાં શિલ્પી જેવી ભૂમિકા ભજવનાર પૂર્વ વિદેશ સચિવ અને વર્તમાન વિદેશ રાજયમંત્રી ડો. સુબ્રહ્મણયમ જયશંકર આગામી તા. ૨૨ એપ્રિલના રાજકોટના મહેમાન બની રહ્યા છે અને પ્રબુધ્ધ નાગરિકો સાથે તેઓ 'ભારત ભાગ્ય વિધાતા' પર સંવાદ કરશે. રાષ્ટ્રીય એકતા મંચ રાજકોટ મારફત આ કાર્યક્રમનું આયોજન થયું છે.

તા. ૨ એપ્રિલના મંગળવારે સવારે ૯-૩૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ રૈયા રોડ ખાતે આયોજીત આ કાર્યક્રમની જે થીમ છે તે 'ભારત ભાગ્ય વિધાતા' ૨૦૨૨ માં મોદી સરકાર દ્વારા દેશના વિવિધ સંસ્કૃતિઓ અને વૈવિધ્યરતાભરી ઓળખ છે તેને એક છત્ર હેઠળ લાવવા અને દેશ-વિદેશના લોકોને આ સંસ્કૃતિ અંગે માહિતગાર કરવા અને તે રીતે વસુધેવ કુટુંબ કમના ભારતનો જે વૈશ્વિક મંત્ર છે તેને ગુંજતો કરવા આ એક આયોજન દેશના અલગ-અલગ ભાગોમાં થઇ રહ્યું છે અને વિદેશ મંત્રી એસ. જયશંકર તેમાં રાજકોટના પ્રબુધ્ધ નાગરિકો સાથે સંવાદ કરશે.

ગુજરાતમાંથી રાજયસભામાં ચૂંટાયેલા એસ. જયશંકરની દેશ-વિદેશમાં એક ડીપ્લોમેન્ટ તરીકેની ખાસ ઓળખ બની છે. દેશના બીજા કેરીયર ડીપ્લો મેન્ટશ કે જે વિદેશમંત્રી બન્યાો છે તે બહુમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શ્રી એસ. જયંશકરને આપ્યું છે. ૧૯૭૭માં ઈન્ડીયન ફોરેન સર્વિસ (આઇએફએસ) માં પ્રવેશ લીધા બાદ તેઓએ પોતાની રાજદ્વારી કુનેહથી અનેક મિશનોમાં કામ કર્યું છે. ખાસ કરીને તેઓ ચીન અને અમેરિકા ખાતે ભારતના રાજદૂત તરીકેની કરેલી કામગીરી પ્રશંસનીય રહી છે અને અમેરિકા સાથેની શાંતિના હેતુ માટેની અણુ સમજૂતીમાં પણ તેમની મોટી ભૂમિકા રહી છે. જયારે મોદી સરકારમાં વિદેશ મંત્રી બન્યા બાદ ભારતની જે સ્વૂતંત્ર વિદેશ નીતિ છે તેને તેઓએ ઓળખ આપી છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી વૈશ્વિક નેતા તરીકે સ્થા પિત થયા તેમાં પણ એસ. જયશંકરનું યોગદાન મહત્વનનું રહ્યું છે. અને એક તરફ બેબાક ભાષામાં ચીન અને અમેરિકાને પણ સાચી વાત કરવાની હિંમત રાખનાર ડીપ્લો મેટ તરીકે તેમની ઓળખ બની છે. શ્રી એસ. જયશંકરએ વિવિધ દેશો સાથે ભારતના સંબંધોમાં નવો યુગ આવ્યોો છે તેમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ સાથે કામ કરીને સફળતા અપાવી છે.

રાજકોટના પ્રબુધ્ધ નાગરિકોને રાષ્ટ્રીય એકતા મંચના શ્રી શૈલેષભાઈ જાની, અજયભાઇ જોષી, હિરેન કાવઠીયા, નંદલાલભાઇ માંડવીયા, ડી.વી. મહેતા, મનોજભાઇ કલ્યા ણી, અનુપમભાઇ દોશી, અજયભાઇ પટેલ, દુર્લભસિંહ રાઠોડ, કશ્ય?પભાઇ છોટાઇ, સંજયભાઇ ટાંક તથા ડો. જનકભાઇ મારૂએ અપીલ કરી છે.

# રાજકોટમાં મહિલા સુરક્ષા અને મહિલા સશકિત કરણ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો




રાજકોટ,

રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ અધિક પોલીસ કમિ'ર શ્રી વિધી ચૌધરી નાયબ પોલીસ કમિશ્નશર ટ્રાફીક શ્રી પુજા યાદવ તથા મદદનિશ પોલીસ કમિશ્ન ર શ્રી મહિલા સેલ આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્પેક્ટર શ્રી આઇ.એન.સાવલીયા દ્વારા મહિલા પોલીસ સ્ટેજશન ખાતે સુરક્ષા સેતુ અંતર્ગત મહિલાઓની જાગળતિ માટે તેમજ મહિલાઓ પર થતા અત્યીચારો જેમા ઘરેલુ હીંસા, બળાત્કાસર તથા ઘરેલુ હીંસાના લીધે થતા આત્મેહત્યારના બનાવોને રોકવા માટે આવી પીડીત મહિલાઓને એનજીઓ, એફએફડબલ્યુસી, મહિલા શી ટીમ, ૧૮૧ અભ્યમ વિશે જાણકારી આપી મહિલા સુરક્ષા તથા મહિલા સશકિતકરણ માટે મહિલાઓની જાગળતિના કાર્યક્રમનુ આયોજન કરેલ હતુ તેમજ મહિલાઓના થતા પ્રશ્નો નુ નિરાકરણ લાવવા પ્રયત્ન કરવામાં આવેલ હતા.

આ પ્રસંગે પીઆઇ આઈ. એન. સાવલિયા, સી-ટીમ એએસઆઇ -સ્મિાતાબેન રમેશચન્દ્ર પીસી જાગળતિબેન શીવાભાઈ પીસી પૂજાબેન સમીરભાઈ પીસી મુક્તાજબેન હમીરભાઇ પીસી પાયલબેન ગગુભાઈ પીસી બંસીબેન રમેશભાઈ પીસી પ્રિયંકા બા ભીખુભા પીસી સોનલબેન લાલજીભાઈ ૧૮૧ અભયમ - વૈશાલીબેન, રાધિકાબેન તથા બિન સરકારી સભ્યોય ગોપાલભાઈ બોરાણા, ભાવનાબેન જોષીપૂરા, શાહનવાઝભાઈ સીદીકી, ભૂપતભાઈ અજાણી, મનુંભાઈ જોબનપુત્રા, દિનેશભાઈ ખીમસૂરીયા, નારણભાઈ ફાનગલીયા, ચંદ્રસિંહ જાડેજા ઉપસ્થિઈત રહ્યા હતા.

# રાજકોટ સરગમ પરિવારના સભ્યો માટે એપ્રિલ-મે મહિનાના કાર્યક્રમો જાહેર



રાજકોટ,

રાજકોટ સરગમ કલબના નવા વર્ષના સભ્યો માટે એપ્રિલ-મે માસના કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યાા છે. જો કોઇ સભ્યપદ લેવામાં બાકી રહ્યુ હોય તો સરગમ કલબની ઓફિસે સંપર્ક કરવા જણાવ્યું। છે. સરગમ કલબની વાર્ષિક સાધારણ સભા તા. ૧૪ને રવિવારે સાંજે ૭ વાગ્યે હેમુગઢવી હોલ ખાતે યોજાશે. ગુણવંતભાઇ ડેલાવાળાની યાદી મુજબ આ વાર્ષિક સભામાં ૨૦૨૩-૨૪ના હિસાબો રજુ કરવામાં આવશે. સાથોસાથ નવા પ્રોજેક્ટ અને આગામી પાંચ વર્ષ માટે કારોબારી સમિતિની ચૂંટણી યોજવામાં આવશે. સરગમ કલબ દ્વારા સંચાલિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટના સભ્યો માટે તા. ૧૯ને શુક્રવારે સાંજે ૭ થી ૧૦ દરમિયાન હેમુગઢવી હોલ ખાતે મ્યુપઝીકલ પાર્ટી માટે શ્રીનાથજીના ગીતોની ભકિત સંધ્યા નું આયોજન કરવામાં આવ્યુસ છે. મન્સુઢઅલી ત્રિવેદી પ્રસ્તુપત મેલોડી કલર્સના સથવારે આસિફ જેરીયા, શ્રીકાંત નાયર, બિમલ શાહ, નિલેશ વસાડવા, અશ્વિની મહેતા, પ્રીતિ ભટ્ટ અને વર્ષા ઠાકર સહિતના કલાકારો કલાનો પરિચય કરાવશે. ઈવનિંગ પોસ્ટ માટે હજુ નવા વર્ષના સભ્યોનની નોંધણી ચાલુ હોય બાકી રહી ગયા હોય તેઓને સભ્ય પદ મેળવી લેવા અનુરોધ કરાયો છે. સરગમ પરિવારના સભ્યોં માટે મુંબઇના પ્રખ્યાત નાટય શોનું આયોજન કરવામાં આવ્યું છે. કમલેશ ઓઝા લિખિત, દિગ્દર્શિત અને અભિનિત 'દોસ્તીા અનલિમિટેડ' નામનું પારિવારિક કોમેડી નાટક બધાને પસંદ આવશે. આ નાટકમાં કમલેશ ઓઝા ઉપરાંત લીના શાહ, યશ ગર્જ્જર, શૈલજા શુકલ, આકાશ સુપેડા અને અંકીત પોપટ વગેરે અભિનય આપી રહ્યા છે.

# રાજકોટના પાળ ગામે જખરાપીર દાદાની જગ્યા ખાતે ૨૦માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન



રાજકોટ,રાજકોટ તાલુકાના પાળ ગામે છેલ્લા ૫૦ વર્ષથી અન્નક્ષેત્ર, ગૌશાળા, માનવસેવા સહિતનો સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. તેમજ છેલ્લા ૨૦ વર્ષથી સર્વજ્ઞાતિના સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ વર્ષે પણ ઘુનાવાળી ખોડિયાર માતાજી તથા જખરાપીર દાદાની જગ્યાના સેવક ભકતો દ્વારા તા.૧૪ એપ્રિલના રવિવારે ૫૧ દિકરીઓનો સર્વજ્ઞાતિ સમુહ લગ્નનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષે પાળધામ જખરાપીર દાદાની જગ્યા ખાતે સમૂહ લગ્નના કાર્યક્રમના ઉપક્રમે ભકિતમય કાર્યક્રમોની સરવાણી થશે.તા.૫ એપ્રિલ પાળગામ રામજી મંદિરેથી ૩.૩૦ કલાકે પોથીયાત્રા નીકળશે.શિવમહિમા, શિવવિવાહ, રામવનવાસ, હનુમાનજી મિલન, શબરી મિલન, રામજન્મ, રામ વિવાહ, ભરત મિલન, રામેશ્ર્વર સ્થાપના, રાવણ વધ સહિતના કથા પ્રસંગોનું રસપાન કથા વકતા પ.પૂ.મહંત ક્ષિપાગીરીજી મહારાજ (બાપજી) પાલનપુરવાળા સુમધુર કંઠે સંગીતમય શૈલીમાં કરાવશે કથા દરમિયાન ક્ષિપાગીરી મહારાજ દરરોજ સવારે ભકતોને મારૂતી યજ્ઞ કરાવશે. આ મારૂતિ યજ્ઞનો ઉપસ્થિત સર્વે ભકતજનો લાભ લઈ શકશે.કથામાં આવતા તમામ ઉત્સવો વેશભુષા સાથે ઉજવાશે તેમ જયંતિભાઈ મિસ્તી ડોડિયાળાવાળાની યાદીમાં જણાવાયું છે. આ સાથે તા.૫ને શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે નવકુંડી મહાયજ્ઞ યોજાશે. તેમજ બપોરે ૧ કલાકે જખરાપીર દાદા તથા મામા સાહેબને બાવનગઢની ધ્વજા તેમજ ૧.૩૦ કલાકે ચાદર ચડાવવાનો મહોત્સવ યોજાશે.

આ કથા દરમિયાન સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવના ઉપક્રમે તા.૮ એપ્રિલના સોમવારે ભવ્યલોકડાયરો યોજાશે જેમાં લોકસાહિત્ય કાર ખીમજીભાઈ ભરવાડ, પુનમબેન ગોંડલીયા, તેમજ જયોતિદાન ગઢવી એન્ડ ગ્રુપ ઉપસ્થિત ભકતો સાથે ડાયરાની રઝટ બોલાવશે આ તકે તા.૧૦ એપ્રિલને બુધવારે આઈ શ્રી ઘુનાવાળી ખોડિયાર માતાજી તથા શ્રી મેલડી માતાજીનો ૨૪ કલાકનો અખંડ માંડવો યોજાશે. જેમાં રાવળદેવ ધર્મેશભાઈ ડાકની રમઝટ બોલાવશે.

તા.૧૪ એપ્રિલને રવિવારે ૫૧ દિકરીઓનો ભવ્યાતિભવ્ય સમૂહ લગ્નોત્સવ પ્રસંગે બપોરે ૧૧ વાગ્યે સમસ્ત ૬ ગામુધમાડાબંધ મહાપ્રસાદનું આયોજન કરેલ છે. જેમાં પાળગામ, મવડી, જસવંતપુરી, રાવકી, ઢોલરા, અને કાંગસીયાળીના ગ્રામજનો તેમજ ઉપસ્થિત ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. કથા દરમિયાન બહારગામથી પધારતા ભકતો માટે ૨૪ કલાક ભોજન પ્રસાદ તેમજ ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

# રાજકોટમાં જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટ દ્વારા અંતાક્ષરી યોજાઇ

રાજકોટ,રાજકોટમાં મેહુલ રવાણી અને હર્ષદ મહેતા દ્વારા સંયોજીત તથા જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટના નેજા હેઠળ યોજાયેલી "રીમઝીમ મ્યુઝિકલ અંતાક્ષરી"નું આયોજન જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટના સભ્યો તથા પરિવારજનો માટે કરવામાં આવ્યું હતું. જેને પ્રેક્ષકોએ બહોળો પ્રતિસાદ આપ્યો હતો. આ મ્યુઝિકલઅંતાક્ષરીમાં જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટના સભ્યોએ ભાગ લીધો હતો. અને સ્પર્ધકોના સુરીલા સ્વારોથી દર્શકો મંત્રમુગ્ધ બની ગયા હતા.આ તકે રીમઝીમ મ્યુઝિકલ અંતાક્ષરીમાં ભાગ લેનાર દરેક પાર્ટીસીપેન્ટ તથા વિજેતાને ડોલીબેન રવાણી અને વત્સલભાઈ રવાણીના વરદ હસ્તે ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

# કાલે રાજકોટના રામકૃષ્ણ આશ્રમમાં ધ્યાન શિબિરનું દિવ્ય આયોજન

રાજકોટ, સ્વામી વિવેકાનંદે કહ્યું હતું,કે 'ધ્યાન એ એવી શક્તિ છે કે જે બધાંનો સામનો કરવામાં આપણને શક્તિમાન બનાવે છે. પ્રકૃતિ આપણને કહે છે, 'હવે બેસીને રડ! દુઃખના દરિયામાં પડ!' પરંતુ ધ્યાન કરનાર કહે છેઃ 'નથી પડતો, જા.' અને ઊભો થઈ જાય છે. ધ્યાનમાં એ શક્તિ છે.આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ અને સ્વાસ્થ્ય પર થનાર સકારાત્મક અસરો વડે વર્તમાન સમયમાં મનુષ્ય પોતાની પ્રગતિ સાધી શકે છે.

તેથી શ્રીરામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા રવિવાર, ૩૧મી માર્ચ, ૨૦૨૪ ના રોજ સવારે ૮:૦૦ થી બપોરના ૧:૦૦ દરમિયાન ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં દ્રશ્ય-શ્રાવ્ય શો, ધ્યાન પર પ્રેક્ટિકલ સેશન, પ્રશ્નોત્તરી સત્ર અને ભજન-કીર્તનનો પણ સમાવેશ થાય છે. શિબિરમાં જોડાવા માટે માત્ર પચાસ રૂપિયા રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે. જેમાં બપોરનું ભોજન, ચા નાસ્તો અને વાંચન સામગ્રીનો સમાવેશ થાય છે.રસ ધરાવતા ભાઈ-બહેનોએ વધુ માહિતી માટે સોમ થી શનિવાર દરમિયાન સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૭:૦૦ ના સમયમાં આશ્રમ કાર્યાલયમાં રૂબરૂ અથવા તો ૯૩૨૮૮ ૫૯૭૧૯ પર સંપર્ક કરવો.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

# એક્સ મુસ્લિમો : ભારતમાં ઈસ્લામ છોડનારા લોકોની સંખ્યા વધી રહી છે !

## ભેદભાવ અને રૂઢિચુસ્તતા જેવા કારણોસર ઈસ્લામને છોડી રહ્યા છે

હાલ સમગ્ર વિશ્વમાં ઈસ્લામ માટે એક મોટા ખતરો ઉભો થઈ રહ્યો છે.અને એ ખતરો છે ઠ-મુસ્લિમોની વધતી જતી વસ્તી છે. ઠ- મુસ્લિમો એટલે કે ભૂતપૂર્વ મુસ્લિમો માત્ર પોતે જ ધર્મ છોડી રહ્યાં નથી, પરંતુ તેઓ વિવિધ મંચો પર ઇસ્લામની ટીકા પણ કરી રહ્યાં છે.અને તેઓ અન્ય લોકોને ઇસ્લામ છોડવા માટે પ્રેરિત કરે છે.અને તેના કરાણે અમેરિકામાં દર વર્ષે એક લાખ લોકો ઇસ્લામ છોડી રહ્યા છે.

જો આપણે ઇસ્લામમાં માનનારા લોકોની વસ્તી પર નજર કરીએ, તો આજે તે ખ્રિસ્તી ધર્મ પછી વિશ્વનો સૌથી મોટો ધર્મ છે. અને આ સાથે જ તે સૌથી ઝડપથી વિકસતો ધર્મ પણ છે, પરંતુ હાલમાં તે એક એવા ખતરાનો સામનો કરી રહ્યો છે જેનો તેણે પહેલા ક્યારેય સામનો કર્યો ન હતો.અને આ ખતરો વિશ્વમાં ઇસ્લામ છોડી ચૂકેલા લોકોની વધતી જતી વસ્તીને કારણે ઊભો થયો છે.જેઓ પોતાને ભૂતપૂર્વ મુસ્લિમ તરીકે ઓળખાવે છે. જોકે ઇસ્લામમાં ધર્મ છોડવું ખરાબ માનવામાં આવે છે. ઇસ્લામ છોડવાનો પ્રયાસ કરનારાઓને હિંસાનો સામનો કરવો પડે છે. પરંતુ ઠ-મુસ્લિમોની વધતી વસ્તી દર્શાવે છે કે આ પરિસ્થિતિ હવે બદલાઈ રહી છે.અને વિશ્વભરમાં મોટી સંખ્યામાં એવા લોકો ઉભરી આવ્યા છે જેમણે ઈસ્લામ છોડી દીધું છે.

૨૦૧૮ માં પ્રકાશિત પ્યુ રિસર્ચ સેન્ટરનો અહેવાલ દર્શાવે છે કે અમેરીકામાં મુસ્લિમ પરિવારમાં ઉછરેલા પુખ્ત વયના ૨૩ ટકા લોકો હવે પોતાને મુસ્લિમ તરીકે ઓળખાવતા નથી.અને ઇસ્લામ છોડનારાઓમાં ૭ ટકા લોકોએ કહ્યું કે તેઓ તેની ઉપદેશો સાથે સહમત નથી.. . એંગ્લિકન ઇન્ક.ના અહેવાલ મુજબ, યુ.એસ.માં થયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૫૫ ટકા ભૂતપૂર્વ મુસ્લિમો નાસ્તિક બની જાય છે, લગભગ ૨૫ ટકા ખ્રિસ્તી બને છે જ્યારે અન્ય ૧૦ ટકા અનિર્ણિત છે. તો માત્ર ઇસ્લામમાં જ નહીં, પણ ખ્રિસ્તી, હિંદુ, બૌદ્ધ અને યહૂદીઓમાં પણ મોટી સંખ્યામાં લોકો ધર્મ છોડે છે પરંતુ એક વસ્તુ જેઓ ઇસ્લામ છોડે છે તેમને અન્ય લોકોથી અલગ બનાવે છે.

જેઓ અન્ય ધર્મો છોડી દે છે તેમાંથી મોટાભાગના લોકો પોતાને નાસ્તિક કહે છે, જ્યારે ઇસ્લામ છોડનારાઓ પોતાને ભૂતપૂર્વ મુસ્લિમ તરીકે ઓળખાવે છે.ઇસ્લામિક સમાજમાં જ્યાં ધર્મ છોડવો મોટો વર્જિત માનવામાં આવે છે, ત્યાં ખુલ્લેઆમ તેની જાહેરાત કરવામાં એક મોટો સંદેશ છુપાયેલો છે.સામાન્ય રીતે, ઇસ્લામિક દેશોમાં ઇસ્લામ છોડવું ગેરકાયદેસર છે, પરંતુ યુરોપ અને અમેરિકા જેવા સ્થળોએ જ્યાં તે કાયદેસર છે, ત્યાં પણ આવું કરનારા ભૂતપૂર્વ મુસ્લિમોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એક ખાનગી સમાચાર સંસ્થાએ ૨૦૧૫માં તેની તપાસમાં શોધી કાઢ્યું હતું કે બ્રિટનમાં ઈસ્લામ છોડનારાઓને અત્યાચારનો સામનો કરવો પડે છે. માત્ર સમાજ જ નહીં પરંતુ પોતાના પરિવારના લોકો પણ આમાં સામેલ છે.અને આવી સ્થિતિમાં પૂર્વ મુસ્લિમોનું આગળ આવવું આવા લોકોને હિંમત આપે છે.

૨૦૦૭ માં જર્મનીમાં ભૂતપૂર્વ મુસ્લિમોની સેન્ટ્રલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતપૂર્વ મુસ્લિમો માટે આ પહેલું મોટું પ્લેટફોર્મ હતું. ત્યારથી,પશ્ચિમી દેશોમાં આવા ઘણા જૂથો ઉભરી આવ્યા છે, જે ઇસ્લામ છોડનારાઓને મદદ કરે છે. ઉદાહરણ તરીકે, અમેરિકાની એક્સ-મુસ્લિમ સંસ્થા આ કરનારાઓને સમર્થન આપે છે. ઇસ્લામ વિરુદ્ધની દલીલો મજબૂત રીતે ઉઠાવે છે અને સ્ત્રીઓ સાથે અસમાન વર્તન અને બહુપત્નીત્વ જેવા અવ્યવસ્થિત મુદ્દાઓ ઉઠાવે છે. ઇસ્લામ સામે આ એવી સ્થિતિ છે જેનો તેણે પહેલાં સામનો કર્યો નથી તેની અસર પણ જોવા મળી રહી છે. યુરોપમાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ ફ્રાંસ જેમાં ૧૫,૦૦૦ મુસ્લિમો છે, જ્યારે અમેરિકામાં દર વર્ષે એક લાખ મુસ્લિમો ધર્મ છોડી દે છે. ભારતમાં ઇસ્લામ છોડનારા લોકોની સંખ્યા વધી રહી છે. લોકો ભેદભાવ અને રૂઢિચુસ્તતા જેવા કારણોસર ઇસ્લામને છોડી રહ્યા છે.

જન્મદિવસ, લગ્ન, તહેવારો.અને પારીવારીક પ્રસંગોની એક યાદી છે જેને કેરળ સ્થિત નૂરજહાં દર વર્ષે ખુબ યાદ કરે છે. તેણી કહે છે કે 'હું હજી પણ તેમને મારો પરિવાર માનું છું પરંતુ એકવાર મેં ઇસ્લામ છોડી દીધું, ત્યારથી તેઓ મને નિંદા કરનાર માનવા લાગ્યા છે. તેઓ મને 'દુષ્ટ આત્માઓનો અનુયાયી' કહેવા લાગ્યા. ૪૮ વર્ષીય નૂરજહાં કે એમ, એક ભૂતપૂર્વ શાળા કર્મચારી છે.જે હવે કોટ્ટાયમમાં રાજકીય પક્ષના કાર્યકર તરીકે કામ કરે છે..તે તાજેતરના વર્ષોમાં ઇસ્લામ છોડનારા મુસ્લિમોની વધતી જતી સંખ્યામાંથી એક છે.કેટલાક લોકો ધર્મ પરિવર્તન કરે છે, જ્યારે નૂરજહાં જેવા અન્ય લોકો ધર્મનો સદંતર ત્યાગ કરી રહ્યા છે.

સામાજિક અલગતા હોવા છતાં, નૂરજહાંને ધર્મ છોડવાનો કોઈ અફસોસ નથી. હિજાબ પહેરવાથી, સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવ અને રૂઢિચુસ્તતાએ તેમને ધીમે ધીમે નાસ્તિકતા તરફ ધકેલી દીધા. તેણીએ કહ્યું કે "વર્ષોથી, મને સમજાયું છે કે તે મહિલાઓ સાથે સ્પષ્ટપણે ભેદભાવ

કરંટ ટોપિક

કરે છે અને તેમની સાથે બીજા-વર્ગના નાગરિકો તરીકે વર્તે છે, ત્યારે તમામ ધર્મોથી દૂર રહીને તે પોતાની દીકરીઓનો ઉછેર પણ કરી રહી છે.

'હૂ કિલ્ડ લિબરલ ઇસ્લામ'ના લેખક હસન સુરૂર કહે છે કે તેઓ ઘણા મુસ્લિમોને જાણે છે જેઓ નાસ્તિક બની ગયા છે.તેમણે કહ્યું કે 'એવા પૂરતા પુરાવા છે કે યુવા ભારતીય મુસ્લિમો ઈસ્લામથી દૂર જઈ રહ્યા છે.તેઓ તેની કઠોરતા (શરિયાની 'અપરિવર્તનક્ષમતા'ને ટાંકીને પરિવર્તનનો વિરોધ કરતા) અને બિન-મુસ્લિમો પ્રત્યેની અસહિષ્ણુતા, દુષ્કર્મ અને હોમોફોબિયાના તાણથી પોતાને દૂર કરી રહ્યા છે. તેમાં એવા લોકો છે જેઓ સાઉદી દ્વારા પ્રચારિત કટ્ટરપંથી અને કઠોર સલાફી ઇસ્લામને અનુસરતા નથી. હસન સુરૂરએ વધુમાં કહ્યું કે તેમના કેટલાક નજીકના પરિવારના સભ્યોએ મુસ્લિમ ધર્મમાં પરિવર્તન કરવાનું બંધ કરી દીધું છે.સામાન્ય રીતે તેઓએ ભગવાનનો વિચાર છોડી દીધો છે.જો કે, તેઓ પોતાને મુસ્લિમ કહેતા રહે છે અને જ્યારે મુસ્લિમો અથવા ઇસ્લામ પર હુમલો થાય છે ત્યારે તેઓ ગુસ્સે પણ થઈ જાય છે.

સિદ્ધાર્થ ચતુર્વેદી, અગાઉ સદાકત કુરેશી કહે છે કે, તેણે કુરાન અને અન્ય પુસ્તકોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે પરંતુ તેના પ્રશ્નોના જવાબ મેળવી શક્યા નથી.આનાથી તેની અને તેના ધર્મ વચ્ચે અણબનાવ થયો. તે કહે છે કે જ્યારે મેં મૌલવીઓને સમાન પ્રશ્નો પૂછ્યા અને તેમને ચર્ચા માટે પ્રોત્સાહિત કર્યા, ત્યારે મને સમુદાય તરફથી બહિષ્કારની ધમકીઓ મળી. સિદ્ધાર્થ ચતુર્વેદી યુટ્યુબ ચેનલ @ExMuslimSameer ચલાવે છે જ્યાં તે ઇસ્લામ અને તેની પ્રથાઓ વિશે પ્રશ્નો ઉઠાવે છે. જે લોકો કન્વર્ટ કરવા માગે છે તેમના માટે તે સપોર્ટ ગ્રૂપ તરીકે પણ કામ કરે છે. જો કે, તેમને તેમના પરિવાર અને સમુદાયના વિરોધનો ડર છે અને સિદ્ધાર્થે ગયા વર્ષે હિન્દુ ધર્મ અંગીકાર કર્યો હતો.

તેવી જ રીતે, 'એક્સ મુસ્લીમ ઓફ કેરલ', જે ૨૦૨૦ માં શરૂ થઈ હતી.તે આવા મંતવ્યો, પ્રશ્નો, પ્રસારિત કરવા અને સોશિયલ મીડિયા પર ધમકીભર્યા કોલ્સ અને સતામણીનો સામનો કરી રહેલા લોકોને સમર્થન આપવાનું પ્લેટફોર્મ બની ગયું છે.એક્સ મુસ્લીમ ઓફ કેરલ 'ના પ્રમુખ લિયાક્કાથલી સીએમ કહે છે કે વિશ્વાસની અછત કરતાં વધુ, તે સામાજિક પ્રતિબદ્ધતા, લોકશાહી મૂલ્યો અને વધતો વૈજ્ઞાનિક સ્વભાવ છે જે ઘણાને બહાર આવવા માટે પ્રોત્સાહિત કરે છે. થોડા વર્ષો પહેલા જ્યારે તેણે પોતાનો ધર્મ છોડી દીધો હતો, ત્યારે તેને પણ અનેક વખત ધમકીભર્યા ફોન આવ્યા બાદ પોલીસનો

આભાર - નિહારીકા રવિયા સંપર્ક કરવો પડ્યો હતો.

ભૂતપૂર્વ પત્રકાર શામલા ચેનલીક્કલ, જેઓ 'એક્સ મુસ્લીમ ઓફ કેરલના સભ્ય પણ છે , તે તેમના ઘરે મૌલવીઓની મુલાકાતને યાદ કરે છે જેનાથી તે ગુસ્સે થઈ હતી. શામલાએ કહ્યું કે જ્યારે મારી માતા તેની સાથે વાત કરી રહી હતી ત્યારે હું માથું ઢાંક્યા વગર બહાર આવી ગઈ હતી. મને તરત જ ઠપકો આપવામાં આવ્યો. ત્યારે મેં પૂછ્યું કે વાળ બતાવવામાં શું ખોટું છે.તો મારી માતા કે મૌલવીઓ પાસે આનો કોઈ જવાબ નહોતો.પરંતુ અસ્વસ્થ, મારી માતાએ મને ઘર છોડવા કહ્યું કારણ કે તે પરિવારના સન્માનની રક્ષા કરવા માંગતી હતી.અને મે તે જ કર્યું. બાદમાં મામલો ઉકેલાઈ ગયો અને હું ઘરે પરત ફરી.પરંતુ આ ઘટનાના સમાચાર આગની જેમ ફેલાઈ ગયા અને બધાએ મારા પર આરોપ લગાવ્યો.ત્યારે 'એક્સ મુસ્લીમ ઓફ કેરલ', મહાસચિવ સફિયા પીએમ પણ મહિલાઓની હાલત જોઈને પરેશાન થઈ ગઈ હતી. તેણી કહે છે કે 'જ્યારે મેં કુરાનનો અભ્યાસ કર્યો ત્યારે મને જાણવા મળ્યું કે તે સ્ત્રીઓને હલકી ગુણવત્તાવાળા માને છે, જે હું સ્વીકારી શકી નહી. આમ પોતાને એક્સ મુસ્લિમો કહેનારા , ઇસ્લામમાં માનવા વાળા લોકોના વિરોધમાં દલીલો પણ કરે છે.અને એવા ગણા જાણીતા એક્સ મુસ્લિમો છે જે ઇસ્લામ ટીકાકાર છે.

---

સૌરાષ્ટ્ર આજતક

## વિશ્વના બિઝનેસ હબને તોડવાનું ષડયંત્ર

છેલ્લા કેટલાક દાયકાઓથી વિશ્ર્વ સૌથી મોટું કોઈ બિઝનેસ હબ હોય તો તેમાં હોંગકોંગ પ્રથમ સ્થાને આવે છે અત્યાર સુધી બિઝનેસ વિશ્વવ્યાપી કરવો હોય તો હોંગકોંગમાં આપની કોર્પોરેટ ઓફિસ હોવી જરૂરી છે પરંતુ હોંગકોંગમાં આજે કંઈ ચાલી રહ્યું છે તે આશ્ચર્યજનક તો છે જ પરંતુ સાથોસાથ આઘાતજનક પણ છે વિશ્વના સૌથી મોટા આ બિઝનેસ હબને તોડવા માટે રીતસર નું ષડયંત્ર અમલમાં આવી ચૂક્યું છે અને તે કાવતરું સફળ પણ થઈ રહ્યું છે.વિશ્વના સૌથી મોટા બિઝનેસ અપને તોડવા માટે કોણ મેદાનમાં ઊતર્યું છે તે એક જગ જાહેર થતાં માની ન શકાય તેવી વસ્તુ છે. હોંગકોંગમાં હાલમાં એક જોક ખૂબ ચાલી રહ્યો છે.'ગ્લોબલ કેપિટલ ડાલિંગ' નો દરજ્જો ગુમાવી દેવાને કારણે સ્થાનિકો તેની હાંસી ઉડાવી રહ્યા છે અને કહી રહ્યા છે હવે આ શહેર માત્ર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ બની ગયું છે.!!!

આમ થવા પાછળનું કારણ કલમ ૨૩ છે જેને ગત અઠવાડિયે જ અહીં લાગુ કરવામાં આવી છે. આ કડક સુરક્ષા કાયદો છે જેના કારણે ચિંતાઓ વધી છે. સત્તાવાળાઓ કહે છે કે આ કાયદાને કારણે શહેરની સુરક્ષામાં વધારો થશે જ્યાકે ટીકાકારો કહે છે કે બંધબારણે થઈ રહેલા ટ્રાયલો અને રાજદ્રોહ તથા બળવાના આરોપસર અપાતી જનમટીપની સજાને કારણે અનેક લોકોના મોં બંધ કરી દેવામાં આવશે. સુરક્ષા કારણોસર પોતાનું આખું નામ છતું ન કરવા ઇચ્છતા રિયલ એસ્ટેટ સર્વેયર મિ. ચાન કહે છે, "આ કાયદો એવા સમયે આવી રહ્યો છે જ્યારે હોંગકોંગ પર ચીનનો લોખંડી પંજો વધુ મજબૂત થઈ રહ્યો છે તથા અમેરિકા અને ચીન વચ્ચેનો તણાવ વધી રહ્યો છે. આ કારણોને લીધે અહીં રોકાણકારો પહેલેથી જ ભાગી રહ્યા છે."તેઓ કહે છે, "હોંગકોંગને લોકો ચીનથી અલગ ગણતા હતા અને તેના કારણે જ અહીં તેઓ રોકાણ કરતા હતા. પરંતુ હવે એમ નહીં થાય."

જોહાનિસ હેક કહે છે કે, "અત્યારથી એ વાતનું અનુમાન લગાવી ન શકાય કે આ કલમ ૨૩ના લાગુ થવાથી વેપારને કેટલી અસર થશે. આ કાયદામાં રહેલા 'ગંભીર શબ્દો' અને જો તેનો ભંગ થાય તો ભોગવવા પડે તેવા ગંભીર પરિણામોને કારણે, આ કાયદાનું પાલન કરાવવા માટે કંપનીઓનો ખર્ચ વધી શકે છે." "કલમ ૨૩ને કારણે આ શહેરની સમૃદ્ધિમાં ઘણો વધારો થશે. તેના કારણે સામાન્ય વેપારને કોઈ ફર્ક નહીં પડે. જ્યારે અન્ય દેશોમાં પણ સુરક્ષા કાયદાઓ હોય ત્યારે હોંગકોંગને તેનાથી અલગ ન રાખી શકાય. હોંગકોંગમાં કલમ ૨૩ એવા સમયે લાગુ કરવામાં આવી છે જ્યારે શહેરનું વ્યવસ્થાપન તંત્ર વિશ્વને હજુ પણ આશ્વસ્ત કરવાના પ્રયત્નો કરી રહ્યું છે કે હોંગકોંગ હજુ પણ નાણાકીય રીતે ગતિશીલ છે. આ કલમ ૨૦૨૦માં ચીને લાદેલા રાષ્ટ્રીય સુરક્ષા કાયદનું વધુ વિસ્તરણ કરે છે. હોંગકોંગ જનરલ ચેમ્બર ઓફ કોમર્સ એવી દલીલ કરે છે કે, "આ કલમના લાગુ થવાથી હોંગકોંગ એ સ્થાનિક અને વિદેશી વ્યાપાર જૂથો માટે વધુ સુરક્ષિત સ્થળ બનશે." ૨૦૧૯માં લોકશાહી માટે થયેલા વિરોધપ્રદર્શનો અને કડક ઝીરો-કોવિડ નીતિ બાદ હોંગકોંગની અર્થવ્યવસ્થાને ચીનના ક્રેકડાઉનને કારણે અસર થઈ છે.

વેપાર માટેની જગ્યાઓ અને છૂટક જગ્યાઓ માટેના ભાડામાં ઘટાડો થયો છે. તેના કારણે ઓફિસની ઇમારતો અને દુકાનની જગ્યાઓ ખાલી પડી છે.

હોંગકોંગમાં પ્રવાસીઓ પણ ઓછા આવી રહ્યા છે. ગત વર્ષે જેટલા પ્રવાસીઓ આવ્યા એ કોવિડ મહામારી પહેલાં જેટલા પ્રવાસીઓ આવ્યા એ આંકડાના માત્ર ૬૦ ટકા હતા.

---

# રાજકીય સંકલ્પ પત્રોમાં ગાંધીના ગુજરાત માટે એક ડગલું

ત્રિપુરા ઔદ્યોગિક રીતે દેશનું સૌથી પછાત રાષ્ટ્ર ગણાય છે. એની ભૌગોલિક પરિસ્થિતિ, વસ્તીનો પ્રકાર, શિક્ષણનું સ્તર, ઇત્યાદિ બાબતો રાજ્યમાં મોટા અને મધ્યમ કદના ઉદ્યોગોની સ્થાપનામાં અવરોધરૂપ છે. તાજેતરમાં રાજ્યમાં વિપુલ માત્રામાં કુદરતી ગેસ મળી આવતાં હવે ઉદ્યોગો સ્થાપવાની આશા જન્મી છે. જો કે રાજ્યમાં હજુ સુધી આ દિશામાં કોઈ નક્કર પ્રગતિ થઈ નથી..

ઓરિસ્સામાં પ્રાકૃતિક સાધનોનો વિપુલ ભંડાર છે. એ જોતાં કૃષિ તેમજ વન સંપત્તિનો યોગ્ય ઉપયોગ થાય તો રાજ્યમાં લઘુ ઉદ્યોગના વિકાસની તકો ઝડપથી વિકસી શકે. ત્રિપુરાના ગ્રામ વિસ્તારોમાં લઘુ ઉદ્યોગો સ્થાપવાથી આ વિસ્તારોનો વિકાસ થઈ શકે એમ છે. અને રોજગારીની તકોમાં વધારો થઈ શકે તેમ છે. ત્રિપુરામાં ગ્રામ વિસ્તારોના કારીગરોની ઉપેક્ષા થઈ છે. દેશના ભાગલા પછી, એ સમયના પૂર્વ બંગાળના વણકરો તેમજ કુશળ કારીગરોએ ત્રિપુરામાં આશરો લીધો હતો. રાજ્યમાં આદિવાસી વણકરો પણ કૌશલ્ય ધરાવતા હતા. આ વણકરો, વાંસકામમાં કુશળ રહ્યા છે. આદિવાસી કારીગરો, કુંભાર કામ, મોચી કામ, તેલની ઘાણીના ઉદ્યોગ સાથે સંકળાયેલ છે. ત્રિપુરામાં મમરા બનાવતા કારીગરોની સંખ્યા આજે પણ ઘણી મોટી છે. પરંતુ એમનું કૌશલ્ય હજી ઢંકાયેલું રહ્યું છે અને રાષ્ટ્રનું ધ્યાન આ કારીગરો તરફ નથી દોરાયું.

પણ વર્ષ ૨૦૦૦ પછી આ દિશામાં ખાદી આંદોલન દ્વારા નોંધપાત્ર પહેલ થઈ. તાજેતરનાં વર્ષોમાં તો લોકોમાં ખાદી વિશેના પરંપરાગત ખ્યાલોમાં મોટું પરિવર્તન આવ્યું છે. ખાદીની વૈશ્વિક માંગમાં વૃદ્ધિ થઈ છે અને એનું બજાર વ્યાપક બનવા માંડયું છે. ખાદીની ડિઝાઈન, વણાટની ગુણવત્તા અને કાપડના ઉત્પાદન વગેરે ઘણી બાબતોમાં બદલાવ આવ્યો છે. ત્રિપુરા સરકારે ખાદી ઉદ્યોગના વિકાસ દ્વારા ગ્રામીણ કારીગરોના ઉદ્ધાર માટે કેન્દ્ર સરકાર સાથે મળી અનેકવિધ પગલાં ભર્યાં છે, અને ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે વિકાસના અંતરાયો દૂર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ખાદીના વારસાગત વણાટ ઉદ્યોગ માટે અને ધંધાકીય વિકાસ માટે રૂ.૨૨૫ કરોડના ખર્ચે પાંચ વર્ષનું પેકેજ જાહેર કર્યું છે, જેમાં ત્રિપુરા સહિત ઉત્તર-પૂર્વનાં રાજ્યો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.

બદલાતી સામાજિક જરૂરિયાતોને સાંકળતાં રાજ્ય સરકારે ખાદી ક્ષેત્રના કારીગરો માટે વીમા યોજના અમલમાં મૂકી છે. રાજ્યના અંદાજપત્રમાંથી રૂ.૩૯૦ કરોડની ફાળવણી પણ થઈ છે. તથા રૂ.૮૨૫ કરોડનાં સંસ્થાકીય ધિરાણોનો કાર્યક્રમ શરૂ કરાયો છે. ખાદી-ગ્રામોદ્યોગની બનાવટોના વેચાણ માટેનાં માર્કેટિંગની વ્યૂહરચના ધરમૂળથી બદલવામાં આવતાં

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

ખાદીની ગુણવત્તા ઉપર હવે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ખાદી અને ગ્રામોદ્યોગ પંચે દેશના સ્વાતંત્ર્યની મૂળ વિભાવનાને અમલી બનાવી છે. આ યોજનાનો ઉદ્દેશ પ્રજાના ચોક્કસ વર્ગો જેઓ આજ સુધી ખાદી-ગ્રામોદ્યોગ પ્રવૃત્તિથી અળગા રહ્યા છે એમને આ પ્રવૃત્તિ હેઠળ આવરી લેવાનો છે.

ખાદી અને ગ્રામોદ્યોગ પંચની અનેકવિધ યોજનાઓ મારફત ત્રિપુરામાં ખાસ કરી તે ગ્રામ વિસ્તારોમાં રોજગારી વધારવાનો, સ્વરોજગારી મારફત પ્રત્યક્ષ રોજગારી વધારવાનો અવકાશ ઉજળો બન્યો છે. ગ્રામીણ બેંકોની માર્જિન મની સ્કીમ મારફત ગ્રામ ઓદ્યોગિકીકરણ શક્ય છે. રાજ્યમાં ગ્રામ વિસ્તારોમાં આ યોજના અમલી બનાવવા ત્રિપુરા સરકાર તેમજ ત્રિપુરા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે પણ પગલાં ભર્યાં છે. એટલું જ નહીં પણ રાજ્યની ખાદી પ્રવૃત્તિ આગળ ધપાવવા અનિવાર્ય પગલાં લેવાની શરૂઆત થઈ ચૂકી છે.

ત્રિપુરામાં હસ્તકલા અને માટીકામ ઉદ્યોગના વિકાસમાં રાજ્ય સરકાર અને ખાદી બોર્ડે જે સક્રિયતા દાખવી તેથી નાના કારીગરો બેંક લોનની પરત ચૂકવણી વિશે વધુ જાગૃત બન્યા છે. ગ્રામોદ્યોગ ક્ષેત્રની વિવિધ યોજનાઓ ત્રિપુરાના ગ્રામ વિસ્તારોના ઔદ્યોગિકીકરણ માટે અને એ દ્વારા ગ્રામ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે અનુકૂળ અને સહાયક પુરવાર થઈ છે. અને એથી જ ખાદી ગ્રામોદ્યોગ પંચે ત્રિપુરાની કાયાપલટ માટે રાજ્યમાં ગ્રામોદ્યોગલક્ષી યોજનાઓનો અધિક અમલ થાય એના ઉપર એનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ત્રિપુરાના ગરીબ અને પીડિત લોકો હવે પોતાની હુન્નર કળા અને કારીગરીથી જાણીતા બનતાં આજે ત્રિપુરાનાં વણાટકામ, માટીકામ અને વાંસકામ દેશમાં પ્રચલિત બન્યાં છે. દેશભરમાં ત્રિપુરાએ પોતાની આગવીઓળખ ઉભી કરી છે. ત્રિપુરાનાં ભીંતચિત્રો પણ દેશ-વિદેશમાં જાણીતાં બન્યાં છે. પ્રાકૃતિક રીતે અતિ રમણીય ત્રિપુરામાં પ્રવાસન ઉદ્યોગ વિસ્તરી રહ્યો છે. તે સાથે ગેસ આધારિત ઉદ્યોગો વિસ્તરે, શિક્ષણનું સ્તર વિસ્તરે અને પૂર્વ ભારતના તટવિસ્તારમાં ત્રિપુરા એકવીસમી સદીનું વિકાસ કેન્દ્ર બની રહેતે માટે સરકાર સજાગ જણાય છે.

ત્રિપુરામાં જે રીતે શૂન્યમાંથી સર્જન થયું અને લાખ્ખો ગરીબો પગભર થયા. રાજ્ય સરકાર, ગૃહ ઉદ્યોગો અને આમ લોકોની આવડતના સમન્વય થકી જે રચનાત્મક સહયોગ વિકસ્યો તે શું સૌરાષ્ટ્રમાં શય નથી ? આઝાદી પહેલાં સ્થપાયેલ કાઠિયાવાડ ખાદી સંઘ દ્વારા સૌરાષ્ટ્રમાં મજબૂત મંડાણ નંખાયું છે. પણ તે પછી ઉપાડ થયો નહીં. ગોંડલમાં ઉદ્યોગ ભારતી, ભાવનગર જિલ્લાના મહુવા ગામે ગ્રામ વિકાસ સંઘ અને રાજકોટમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ જે સફળ પ્રયોગો કર્યા તે પ્રકારે બીજે ક્યાંય શક્ય બન્યું નહીં. આથી સૌરાષ્ટ્રના રબારી, કાઠી રાજપૂત અને કોળી લોકોમાં જે કસબ છે તે હવે તૂટી રહ્યા છે. જામનગર અને વઢવાણ શહેરનું બાંધણી કામ મૃતપ્રાય સ્થિતિએ પહોંચ્યું છે.

બીજી ઓકટોબરથી એક માસ માટે રાજ્ય સરકારની સબસિડી ઉમેરી ખાદીમાં વળતર યોજના રહેતી હોય છે. પણ વળતર આવતાં પહેલાં ખાદીની સંસ્થાઓ માલ-સામાની કિમતમાં વધારો કરી નવી પ્રાઇસ-ટેગ લગાડી છેવાડાના માણસના વિકાસને કોળવા દેતા નથી. આથી જન-જન સુધી ખાદીના વિચારને પહોંચાડવામાં ક્ષતિ પહોંચે છે, ખાદી પોતાની ગુણવત્તા ગુમાવી દે છે અને બજારના અન્ય કાપડ સામે જર્જરિત સાબિત થાય છે. ગુજરાતના જાણીતા ચિંતક શ્રી મનુભાઈ પંચોળી કહેતા: "ખાદી ઉપર વળતર એ ઓક્સિજન છે. માંદો માણસ ઓક્સિજનથી સાજો થાય. પણ ઓક્સિજનના સિલિંડર ખભે રાખી માણસ જીવી શકે નહીં."

રાજ્ય સરકાર સ્વર્ણિમ ગુજરાતને એક આંદોલન બનાવી રહ્યું છે ત્યારે આ વાતનો ખ્યાલ રહે કે ગરીબ અને મધ્યમ વર્ગના લાખ્ખો ગુજરાતી કારીગરોને ખાદી-ગ્રામોદ્યોગ દ્વારા સાંકળી શકાય તો રાજ્યના વિકાસનો પથ વધુ મજબૂત અને કાયમી બની રહેશે. જોકે આ કામ હવે ખાદીની સંસ્થાના ભરોસે છોડવાના બદલે રાજકીય પક્ષોએ પોતાના મેનીફેસ્ટોમાં ઉપાડી કોઈ નવી વ્યવસ્થા દ્વારા સાકાર કરવાનો વખત આવી ગયો છે. ઓરિસ્સામાં જે થયું તે ગાંધીના ગુજરાતમાં ન થાય ?

---

# વૈજ્ઞાનિકોને અંતરીક્ષમાં શિવ શક્તિના દર્શન થયા

## વૈજ્ઞાનિકો ને આકાશગંગા મિલકી-વે માં સિતારોની બે અતિ-પ્રાચીન શ્રેણીઓ શોધી છે, જેને શિવ અને શક્તિના નામથી જાણવામાં આવે છે



વૈજ્ઞાનિકોએ આકાશમાં શિવ અને શક્તિને શોધ્યું છે. હિંદુ દેવોના નામથી જાણવામાં આવે છે સિતારોની બંને પ્રાચીન શ્રેણીઓ છે, જેના વિશે વૈજ્ઞાનિકો રહી રહ્યા છે કે મિલકી-વેના નિર્માણમાં ઉનકી અહમ ભૂમિકા રહેશે. આ શોધ કરતા વૈજ્ઞાનિકો મિલકી-વે ની જીવન યાત્રા વિશે નવી જાણકારો મિલી છે.

યુરોપિયન જગ્યા એવંઈ (ઈએસએ) કે ગયા ટેલીસ્કોપથી શોધ કરી છે, શ્રેણીઓ વિશે બંને વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે અલગ-અલગ આકાશગંગાના અવશેષો શોધવામાં આવી છે. શક્તિ અને શિવ શ્રેણીઓ કે સિતારોનો રાસાયણિક ઢોંગ વહી છે જેવો ૧૨-૧૩ અરબ વર્ષો પહેલા જન્મ સિતારોમાં હતો. બંને શૃંખલાઓનો ભાર આપના સૂર્ય કરતા કરોડો ગણો વધુ છે

બ્રહ્માંડ અને તારાવિશ્વોની ઉત્ક્રાંતિ : જો બ્રહ્માંડની ઉત્પત્તિ આ રીતે જ થઈ હોય તો આપણે જ્યારે અતિ દૂરનાં તારાવિશ્વો જોઈએ છીએ ત્યારે બ્રહ્માંડના ભૂતકાળનું દર્શન કરીએ છીએ; દા.ત., આપણે જ્યારે પાંચ અબજ પ્રકાશવર્ષ દૂરના તારાવિશ્વનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આટલાં વર્ષો પૂર્વે એટલે કે સર્જનના આઠ અબજ વર્ષ બાદ તારાવિશ્વો કેવા પ્રકારનાં હતાં તેનો અભ્યાસ કરીએ છીએ. ૧૯૬૩માં ક્વેસાર (Quasi Stellar Sources) તરીકે ઓળખાતા અવકાશી પદાર્થો શોધાયા. આ પદાર્થો દેખાવમાં તારા જેવા બિંદુવત્ જણાય છે, પરંતુ તેમાંથી સામાન્ય તારાવિશ્વ કરતાં સેંકડો ગણી વધુ ઊર્જાનું ઉત્સર્જન થતું હોય છે. આપણાથી નજીકમાં નજીકનો આવો પદાર્થ બે અબજ પ્રકાશવર્ષના અંતરે આવેલો છે અને ચારથી પાંચ અબજ પ્રકાશવર્ષના અંતર ઉપર તો સારી એવી સંખ્યામાં ક્વેસાર આવેલા જણાય છે.

આ પ્રકારનાં ઘણાં તારાવિશ્વોનાં કેન્દ્ર ઘણાં તેજસ્વી જણાય છે તેમજ તેમાંથી ઉત્સર્જિત થતી ઊર્જાની માત્રામાં દિવસોથી માંડીને મિનિટોના ટૂંકા સમયગાળામાં થતા ઝડપી ફેરફાર જોવા મળે છે. આવી ઘટનાઓ ઓછી-વધતી માત્રામાં બ્લેક હોલમાં પ્રપાત થતા પદાર્થોને કારણે હોઈ શકે. તારાવિશ્વોને સક્રિય તારાવિશ્વકીય નાભિઓ (Active Galaric Nucllei) તેમજ જેકીપ્રિકારના તારાવિશ્વ તરીકે ઓળખવામાં આવે છે.

આસપાસ ચોપાસ

સરેશ ભટ્ટ

બ્રહ્માંડમાં તારાવિશ્વોની ઉત્ક્રાંતિના સંકેતો સૌપ્રથમ, ભારતીય રેડિયો વૈજ્ઞાનિક વિજય કપાહીએ ઉટી રેડિયો ટેલિસ્કોપ દ્વારા રેડિયો-તારાવિશ્વોના અભ્યાસમાં મેળવ્યા હતા. તેમણે શોધ્યું કે ભૂતકાળમાં રેડિયો-તારાવિશ્વો વધુ પ્રમાણમાં હતાં તેમજ તેમનાં કદ પ્રમાણમાં નાનાં હતાં. બ્રહ્માંડની બાલ્યાવસ્થામાં તેનાં તારાવિશ્વોમાં શક્તિશાળી વિસ્ફોટક ઘટનાઓ બનતી હોવી જોઈએ. તેના સંકેત અવારનવાર જાણવા મળતા ગેમા કિરણોના વિસ્ફોટ (gamma ray bursts) ઉપરથી પણ મળે છે. આવી એક ઘણી શક્તિશાળી ઘટના ૨૩ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ Bappo-જેટ ઉપગ્રહે નોંધી હતી. જેના પછી થોડા સમયમાં પ્રકાશી વિકિરણોમાં પણ તે નોંધાઈ અને આના અભ્યાસ પરથી જણાયું કે તે, દસ અબજ પ્રકાશવર્ષ દૂરના તારાવિશ્વમાં બનેલી ઘટના હતી ! આ પ્રકારની ઘટના મહાકાય તારાના અંતિમ તબક્કાના સુપરનોવા વિસ્ફોટ બાદ ન્યૂટ્રોન તારાના સર્જન સાથે સંકળાયેલી હોઈ શકે.

૨૦૨૨ માં, વૈજ્ઞાનિકોએ ગૈયા દ્વારા તારાઓના અન્ય જૂથની શોધ કરી, જેને 'પૂર ઓલ્ડ હાર્ટ' નામ આપવામાં આવ્યું. આકાશગંગાના જન્મથી આ જૂથ ત્યાં હાજર છે. પરંતુ શિવ અને શક્તિ જૂથના તારાઓ આકાશગંગાના અન્ય તારાઓ કરતાં અલગ રાસાયણિક રચના ધરાવે છે. આ તારાઓમાં આયર્ન, કાર્બન, ઓક્સિજન અને અન્ય ભારે ધાતુઓ ઓછી માત્રામાં હોય છે. આ ધાતુઓ બ્રહ્માંડની રચનાની શરૂઆતમાં બનેલા તારાઓમાં હાજર હતી. જ્યારે તે તારાઓનું જીવન સમાપ્ત થયું અને તે તૂટી ગયા, ત્યારે આ તત્વો સમગ્ર બ્રહ્માંડમાં વિખેરાઈ ગયા.

શક્તિ અને શિવ શ્રેણીના તારાઓની રાસાયણિક રચના ૧૨-૧૩ અબજ વર્ષો પહેલા જન્મેલા તારાઓમાં જોવા મળતી સમાન છે. બંને સાંકળોનું દળ આપણા સૂર્ય કરતા એક કરોડ ગણું વધારે છે.વૈજ્ઞાનિકોએ આકાશગંગામાં તારાઓની બે અત્યંત પ્રાચીન સાંકળો શોધી કાઢી છે, જે શિવ અને શક્તિ તરીકે ઓળખાય છે. વૈજ્ઞાનિકોએ આકાશમાં શિવ અને શક્તિની શોધ કરી છે. આ તારાઓની બે પ્રાચીન સાંકળો છે, જે હિન્દુ દેવતાઓના નામથી ઓળખાય છે, જેઓ આકાશગંગાના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. આ શોધ સાથે, વૈજ્ઞાનિકોને આકાશગંગાની જીવન યાત્રા વિશે નવી માહિતી મળી છે. વિજ્ઞાનીઓ માને છે કે યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) ના ગૈયા ટેલિસ્કોપ દ્વારા શોધાયેલ આ સાંકળો બે અલગ અલગ તારાવિશ્વોના અવશેષો છે જેણે મળીને નવી આકાશગંગા આકાશગંગાને જન્મ આપ્યો છે.

# તમિલનાડુના મંદિરમાં ભગવાનને ચઢાવાયેલા નવ લીંબુની હરરાજી રૂ.૨.૩૬ લાખમાં થઈ



ચેન્નાઈ,

તમિલનાડુના વિલ્લુપુરમ જિલ્લામાં સ્થિત ઓટ્ટાનંદલ ગામમાં પ્રસિદ્ધ રથિનાવેલપાંડિયન મુરુગન મંદિર આવેલું છે, જે એક પર્વતની ચોટી પર સ્થિત છે અને તેની આકર્ષક સુંદરતા માટે પ્રખ્યાત છે. મંદિરના મુખ્ય દેવતા, મુરુગન, ૫ ફૂટની ઊંચાઈએ બિરાજમાન છે, જે પૂજા કરવા આવતા ભક્તોને મંત્રમુગ્ધ કરે છે. આ મંદિરમાં દર વર્ષે પંગુની ઉથિરમ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે આ તહેવાર ૧૫ માર્ચથી શરૂ થયો હતો અને ૨૩ માર્ચ સુધી નવ દિવસ સુધી ચાલ્યો હતો. ઉજવણીના આ નવ દિવસ દરમિયાન, રથિનાવેલપાંડિયન મુરુગન મંદિર સાથે સંકળાયેલી એક અનોખી વિધિ સંપન્ન થઈ હતી. ૯ દિવસ સુધી ચાલેલા આ ઉત્સવ દરમિયાન વિવિધ પ્રાર્થના અને આશીર્વાદના પ્રતીક તરીકે કુલ નવ લીંબુ અર્પણ કરવામાં આવ્યા હતા. આ ૯ દિવસના ઉત્સવ દરમિયાન મંદિરમાં જે નવ લીંબુની પૂજા કરવામાં આવી હતી તેને હરાજી માટે મૂકવામાં આવ્યાં હતાં અને તેમના માટે બોલી લગાવવા ભક્તોમાં જોરદાર હરીફાઈ થઈ હતી. અહીં એક માન્યતા છે કે આ લીંબુની પૂજા કરવાથી સંતાન પ્રાપ્તિના આશીર્વાદ મળે છે. એક લીંબુની સૌથી વધુ ૫૦,૫૦૦ રૂપિયામાં હરાજી થઈ હતી.

# The Sabarmati Report ફિલ્મનું ટીઝર થયું રિલીઝ

મુંબઈ,

ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. વિક્રાંત મેસી આ ફિલ્મ સાથે દિલને હચમચાવી દે તેવી સ્ટોરી લઈને ફરી આવી રહ્યા છે. ૧૨ંર ક્ક્કૈૈ બાદથી વિક્રાંત છવાઈ ગયો છે. ત્યારે ધ સાબરમતી રિપોર્ટ સાથે ફિલ્મની વાર્તા ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરા રેલવે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસમાં બનેલી ઘટના પર આધારિત છે. હવે મેકર્સે 'ધ સાબરમતી રિપોર્ટ'નું ટીઝર રિલીઝ કર્યું છે. ટીઝરમાં દર્શકો માટે એક ખૂબ જ હૃદયદ્રાવક ઘટના રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મ એક અલગ અસર છોડવા માટે તૈયાર છે. 'ધ સાબરમતી રિપોર્ટ'ના ટીઝરમાં ૨૨ વર્ષથી છુપાયેલા અજાણ્યા




તત્વોની ઝલક આપવામાં આવી છે. ૨૨ વર્ષ પહેલા સાબરમતી એક્સપ્રેસમાં એક કરુણ ઘટના બની હતી. ટીઝરમાં અભિનેતા વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા દમદાર ભૂમિકામાં બતાવવામાં આવ્યા છે.

# જો હું સાસરે આવીશ તો પ્રેમીની સાથે જ રહીશ, કન્યાએ લગ્ન પહેલા શરત મુકી, છતાંય વર રાજી થઈ ગયો...!

ન્યુયોર્ક,

સામાન્ય રીતે તો કન્યા લગ્ન માટે તેના સાસરે એકલી જ આવે છે, પરંતુ એક કન્યા એવી છે જેણે તેના એક્સ બોયફ્રેન્ડ અને પતિને પણ સાથે લાવવાની જીદ કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, વરરાજા પણ આ વાત પર સંમત થયો હતો. આનું કારણ સાંભળીને તમે પણ દુલ્હનના વખાણ કરી ઉઠશો.

તમામ બાબતો બંને પરિવારો દ્વારા નક્કી કરવામાં આવે છે. આમાં છોકરાના પરિવારનો જ દબદબો હોય છે. જો કે આજે અમે તમને જે દુલ્હનની કહાણી જણાવવા જઈ રહ્યા છીએ તે સાવ અલગ છે. તેણે લગ્ન પહેલા જ વરને સ્પષ્ટ કરી દીધું હતું કે, જો તે તેના સાસરે આવશે તો તેનો એક્સ બોયફ્રેન્ડ પણ તેની સાથે આવશે.સામાન્ય રીતે કન્યા લગ્ન માટે તેના સાસરે એકલી આવે છે, પરંતુ એક કન્યા એવી છે જેણે તેના એક્સ બોયફ્રેન્ડ અને પતિને પણ લાવવાની વાત કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, વરરાજા પણ આ માટે સંમત થયા હતા. આ મામલો ખૂબ જ સંવેદનશીલ છે. આ ઘટના જાણશો ત્યારે તમે વર કરતા કન્યાના વધુ વખાણ કરશો, જે તેના એક્સ બોયફ્રેન્ડનો સાથ છોડવા પણ તૈયાર ન હતી. આવી ઘટનાઓ માનવતાનું ઉદાહરણ છે.

આ કહાણી ક્રિસ નામની એક મહિલાની છે, જે ૩૮ વર્ષની ઉંમરે ૩૬ વર્ષના જેમ્સ આર્મસ્ટ્રોંગ સાથે લગ્ન કરવા જઈ રહી હતી. લગ્ન પહેલા ક્રિસે જેમ્સની સામે એવી શરત મૂકી હતી, જે સાંભળીને તે ચોંકી ગયો હતો. ક્રિસે કહ્યું કે, તે તેના બાળપણના મિત્ર અને પૂર્વ પતિ બ્રાન્ડનને પોતાની સાથે રાખવા માંગે છે. જેમ્સને ક્રિસની આ સ્થિતિથી કોઈ વાંધો નહોતો અને મહિલાના પતિએ બ્રાન્ડનને માત્ર પોતાના જીવનનો હિસ્સો જ નહીં, પરંતુ તેની પત્ની સાથે તેનો કાનૂની વાલી પણ બન્યો હતો. સીબીએસ મૉર્નિંગ્સ સાથે વાત કરતી વખતે જેમ્સે જણાવ્યું કે, તે તેની પત્નીની સાથે સાથે તેના પૂર્વ પતિને પણ પ્રેમ કરે છે.

# અલ્લુ અર્જુને મેડમ તુસાદ દુબઈ ખાતે તેની મીણની પ્રતિમાનું અનાવરણ કર્યું : 'પુષ્પા' શૈલીમાં પોઝ આપ્યો

મુંબઈ,

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુને સફળતાની વધુ એક સીડી ચઢી છે. અલ્લુ અર્જુને એક નવો 'માઈલસ્ટોન' હાંસલ કર્યો છે. અભિનેતાએ આખરે મેડમ તુસાદ દુબઈ ખાતે તેની મીણની પ્રતિમાનું અનાવરણ કર્યું. ૨૮ માર્ચ, ગુરુવારે સાંજે પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જે અભિનેતાએ ખૂબ જ ઉત્સાહ સાથે ચાહકો સાથે શેર કર્યું હતું, અને તેની ખુશી વ્યક્ત



કરી હતી. અલ્લુ અર્જુને તેની મીણની પ્રતિમા સાથેની પોતાની કેટલીક તસવીરો પણ શેર કરી છે, જે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે.

અલ્લુ અર્જુન 'પુષ્પા ૨:ધ રૂલ' માટે સમાચારમાં રહે છે. તે જ સમયે, તેણે ફિલ્મ 'પુષ્પા: ધ રાઇઝ'ના પહેલા ભાગ માટે વૈશ્વિક ઓળખ મેળવી હતી. 'પુષ્પા' સ્ટારને મીણના પૂતળાથી સન્માનિત કરવામાં આવેલ નવીનતમ છે. આવી સ્થિતિમાં, તેણે પુષ્પા સાથે 'પુષ્પા'ના આઇકોનિક પોઝનું પુનરાવર્તન કર્યું અને 'પુષ્પા' શૈલીમાં ફોટોગ્રાફ્સ મેળવ્યા.

# અમેરિકા બાદ હવે ઈરાકમાં પણ ટિકટોક પર પ્રતિબંધની ઉઠી માંગ

ઈરાક,

ક્યારેક સામાજીક કારણોસર તો ક્યારેક સુરક્ષાના કારણે ટિકટોક પર દરરોજ સવાલો ઉભા થતા રહે છે. ઘણા દેશોએ ટિકટોક એપ પર પ્રતિબંધ લગાવી દીધો છે. અમેરિકામાં પણ પ્રતિબંધની તૈયારીઓ ચાલી રહી છે, આ દરમિયાન ઈરાકમાંથી પણ એવો અવાજ ઉઠ્યો છે કે ટિકટોક પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

ભારતની સાથે ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, કેનેડા, ફ્રાન્સ, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન અને યુરોપિયન યુનિયન પહેલાથી જ ટિકટોક પર પ્રતિબંધ લગાવી ચુક્યા છે. હવે આ યાદીમાં ઈરાક પણ સામેલ થવા જઈ રહ્યું છે. ઈરાકના કોમ્યુનિકેશન મિનિસ્ટરે સરકારને દેશમાં ચીની કંપનીની એપ ટિકટોક પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી છે. તેની પાછળનું કારણ તેમણે સમાજ પર ટિકટોકની નકારાત્મક અસર ગણાવી છે. મંત્રી અલ-યાસિરી દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં વ્યક્ત કરવામાં આવેલી ચિંતા બાદ આ મુદ્દાએ દેશભરમાં ચર્ચા જગાવી છે. મંત્રીએ મીડિયાને કહ્યું, કે મેં ટિકટોકને બ્લોક કરવા માટે મંત્રી પરિષદને પત્ર સુપરત કર્યો છે અને મને આશા છે કે તેના પર ટૂંક સમયમાં વિચાર કરવામાં આવશે.




# દિવંગત અભિનેતા સતીશ કૌશિકને યાદ કરીને સલમાન ખાન ભાવુક થયો

મુંબઈ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને તેના ભાઈ અરબાઝ ખાનના પ્રોડક્શન વેન્ચર 'પટના શુક્લા'ની સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. આ દિવંગત અભિનેતા સતીશ કૌશિકનો છેલ્લો પ્રોજેક્ટ હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. સલમાન ખાન અને સતીશ કૌશિકે ઘણી વખત સાથે કામ કર્યું હતું. હવે 'પટના શુક્લા'ની સ્ક્રિનિંગ દરમિયાન, સલમાન ખાને તેના પ્રિય મિત્ર સતીશ કૌશિકને યાદ કર્યા અને તેના વિશે વાત કરતી વખતે તે ભાવુક જોવા મળ્યો.

સ્ક્રિનિંગનો એક વીડિયો હવે ઈન્ટરનેટ પર વાયરલ થયો છે, જેમાં સલમાન સતીશ કૌશિક વિશે વાત કરતી વખતે ઈમોશનલ થતો જોવા મળ્યો હતો. પોતાનો પ્રેમ વ્યક્ત કરતા તેણે કહ્યું, 'સતીશ જી હજુ પણ અમારી સાથે છે, સૌથી આશ્ચર્યની વાત એ છે કે તેમણે મૃત્યુ પહેલા દરેક પ્રોજેક્ટ પૂરા કર્યા હતા. તે 'કિસી કા ભાઈ કિસી કી જાન'માં પણ હતો. તેમના મૃત્યુના થોડા મહિના પહેલા જ, સતીશ કૌશિકે 'પટના શુક્લા'નું શૂટિંગ પૂર્ણ કર્યું હતું અને તેણે ફિલ્મ પૂર્ણ થવાની જાહેરાત કરીને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આખા 'ખાન-દાન' સાથેની એક તસવીર પણ શેર કરી હતી. જો કે દરેક ફિલ્મ સતીશની છેલ્લી ફિલ્મ હોવાનું કહેવાય છે. અભિનેતા કંગના રનૌત સાથે બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ઈમર્જન્સી'માં પણ જોવા મળશે. ફિલ્મ 'પટના શુક્લા' ડિજિટલી રીલિઝ કરવામાં આવી છે.



# બોબી દેઓલ આલિયા ભટ્ટ સ્ટાર ફિલ્મ સ્પાય યુનિવર્સમાં વિલનની ભૂમિકા ભજવશે

મુંબઈ,

બોબી દેઓલ આલિયા ભટ્ટ સ્ટારર ફિલ્મ સ્પાય યુનિવર્સમાં વિલનની ભૂમિકા ભજવશે. આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષે શરૂ થવા જઈ રહ્યું છે. 'એનિમલ'માં અબરારનું ખતરનાક પાત્ર ભજવનાર બોબી દેઓલ હવે ફિલ્મોથી પોતાની બેગ ભરી રહ્યો છે. સાઉથમાં સુરૈયાની 'કંગુવા' બાદ હવે તેના હાથમાં બીજી મોટી ફિલ્મ આવી ગઈ છે. બોબી દેઓલે વાયઆરએફ ના સ્પાય યુનિવર્સમાં એન્ટ્રી કરી છે. લેટેસ્ટ રિપોર્ટ છે કે 'સ્પાય યુનિવર્સ'ની આગામી ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શરવરી વાઘની સામે બોબી ખતરનાક વિલન તરીકે ઊભો રહેશે. રસપ્રદ વાત એ છે કે, બોબી 'એનિમલ'માં રણબીર કપૂરની સાથે હતો અને હવે તે તેની પત્ની આલિયાનો સામનો કરશે. એક અહેવાલ મુજબ, શિવ રવૈલના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મમાં આલિયા ભટ્ટ એક મહિલા જાસૂસની ભૂમિકા ભજવશે.



# પાકિસ્તાન ટીમના ફિટનેસ ટેસ્ટમાં ખુલાસો આઝમ બે કિલોમીટરની રેસ ન દોડી શક્યો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન ક્રિકેટ ટીમના ફિટનેસ ટેસ્ટનો ખુલાસો થયો છે. પાકિસ્તાનની ટીમ હાલ પોતાની સેના સાથે ટ્રેનિંગ કરી રહી છે. આ દરમિયાન બે કિલોમીટરની રેસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા ખેલાડીઓ નિષ્ફળ ગયા હતા એટલું જ નહીં એક ખેલાડીએ રેસ પણ પૂરી કરી ન હતી. આ ખેલાડીનું નામ આઝમ ખાન છે, જે જાડો છે અને તે બે કિલોમીટરની રેસમાં દોઢ



કિલોમીટર પછી બેઠો હતો. આ અંતર પણ તેણે લગભગ ૨૦ મિનિટમાં કાપ્યું હતું.

પાકિસ્તાની ટીમની ફિટનેસનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઘણા ખેલાડીઓ શાહીન શાહ આફ્રિદી અને મોહમ્મદ રિઝવાન કરતાં પણ વધુ ઝડપથી દોડ્યા અને ટૂંક સમયમાં જ બે કિલોમીટરની રેસ પૂરી કરી. યુવાન ઈરફાનુલ્લા નિયાઝી આ રેસમાં સૌથી આગળ રહ્યો. પ્રથમ દિવસે યોજાયેલી બે કિલોમીટરની દોડમાં તે પ્રથમ રહ્યો હતો. તેણે આ અંતર માત્ર ૬ મિનિટ અને ૪૭ સેકન્ડમાં પૂરું કર્યું હતું.

પાકિસ્તાની મીડિયા અનુસાર, આઝમ ખાન ૨૦ મિનિટમાં દોઢ કિલોમીટરની રેસ પૂરી કરી શક્યો હતો.

# દેશના 542 સાંસદોમાંથી 225 સામે ફોજદારી કેસ

નવીદિલ્હી,

ક્રિમિનલ કેસ ધરાવતા સીટીંગ સાંસદો: ૫૧૪ સીટીંગ સાંસદોમાંથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે, ૨૨૫ (૪૪%) સીટીંગ સાંસદોએ પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ગંભીર ફોજદારી કેસો ધરાવતા સીટીંગ સાંસદો: ૧૪૯ (૨૯%) સીટીંગ સાંસદોએ ગંભીર ફોજદારી કેસો જાહેર કર્યા છે જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, સાંપ્રદાયિક અસંતોષ, અપહરણ, મહિલાઓ સામેના ગુનાઓ વગેરેને લગતા કેસો સામેલ છે. ૯ સીટીંગ સાંસદોએ હત્યા સંબંધિત કેસ જાહેર કર્યા છે. આમાંથી ૫ વર્તમાન સાંસદો ભાજપના છે, ૧ સાંસદ એનસીપી બીએસપી વાયએસઆરસીપી દરેક અને એક સાંસદ અપક્ષ છે.

૨૮ સીટીંગ સાંસદોએ હત્યાના પ્રયાસના કેસ જાહેર કર્યા છે. આમાંથી ૨૧ વર્તમાન સાંસદો ભાજપના છે અને આઈએનસી,એઆઈટીસી બસપા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર),વાયએસઆરસીપી રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી અને વિદુથલાઈ ચિરુથાઈગલ કાચીમાંથી એક-એક સાંસદ છે. ૧૬ બેઠક સાંસદોએ મહિલાઓ વિરુદ્ધ અપરાધો સંબંધિત કેસ જાહેર કર્યા છે. ૧૬ સિટિંગ સાંસદોમાંથી ૩ સિટિંગ સાંસદોએ બળાત્કાર સંબંધિત કેસ જાહેર કર્યા છે ભાજપના ૨૯૪ સિટિંગ સાંસદોમાંથી ૧૧૮ (૪૦%), ભાજપમાંથી ૪૬ સિટિંગ સાંસદોમાંથી ૨૬ (૫૭%), ડીએમકેના

## ૫૧૪ સીટીંગ સાંસદોમાંથી વિશ્લેષણ કરવામાં આવ્યું

૨૪ સિટિંગ સાંસદોમાંથી ૧૧ (૪૬%), ૮ ( એઆઈટીસી) ના ૧૯ સીટિંગ સાંસદોમાંથી ૪૨%), જદયુના ૧૬ સિટિંગ સાંસદોમાંથી ૧૨ (૭૫%) અને વાયએસઆરસીપી દ્વારા મેદાનમાં ઊતરેલા ૧૭માંથી ૮ (૪૭%) એ તેમના સોગંદનામામાં પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે.

જયારે ૨૯૪ સિટિંગ સાંસદોમાંથી ૮૭ (૩૦%) બીજેપીના, ૪૬માંથી ૧૪ (૩૦%) કોંગ્રેસના, ૨૪માંથી ૭ (૨૯%) સિટિંગ સાંસદો ડીએમકેના, ૪ એઆઈટીસીના ૧૯ સિટિંગ સાંસદોમાંથી (૨૧%), જદયુના ૧૬માંથી ૮ (૫૦%) અને વાયએસઆરસીપી દ્વારા મેદાનમાં ઊતરેલા ૧૭માંથી ૭ (૪૧%) સિટિંગ સાંસદોએ પોતાની વિરુદ્ધ ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા છે.

ઉત્તર પ્રદેશના ૭૬ સાંસદોમાંથી ૪૧ (૫૪%), મહારાષ્ટ્રના ૪૬માંથી ૨૫ (૫૪%), પશ્ચિમ બંગાળના ૪૦ સાંસદોમાંથી ૩૧ (૭૮ %), બિહારના ૪૦ સાંસદોમાંથી ૧૯ (૪૯%), તામિલનાડુના ૩૯ સાંસદોમાંથી ૧૦ (૩૬%), કર્ણાટકના ૨૮માંથી ૧૦ (૩૬%), કેરળના ૨૦ સાંસદોમાંથી ૧૭ (૮૫%), આંધ્ર પ્રદેશના ૨૨ સાંસદોમાંથી ૧૧ (૫૦%) ), તેલંગાણાના ૧૩ સાંસદોમાંથી ૭ (૫૪%) અને હિમાચલ પ્રદેશના ૪ સાંસદોમાંથી ૩ (૭૫%) એ તેમની એફિડેવિટમાં પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે. ઉત્તર પ્રદેશના ૭૬ સાંસદોમાંથી ૩૩ (૪૩%), મહારાષ્ટ્રના ૪૬માંથી ૧૩ (૨૮%), પશ્ચિમ બંગાળના ૪૦ સાંસદોમાંથી ૧૬ (૪૦%), ૨૨( બિહારના ૪૦ સાંસદોમાંથી ૫૫%), તમિલનાડુના ૩૯ સાંસદોમાંથી ૧૧ (૨૮%), કર્ણાટકના ૨૮માંથી ૬ (૨૧%), કેરળના ૨૦ સાંસદોમાંથી ૮ (૪૦%), ૮ (૩૬%) %) આંધ્રપ્રદેશના ૨૨ સાંસદોમાંથી, તેલંગાણાના ૧૩ સાંસદોમાંથી ૫ (૩૮%) અને હિમાચલ પ્રદેશના ૪ સાંસદોમાંથી ૨ (૫૦%) એ તેમની એફિડેવિટમાં પોતાની સામે ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા છે.

# મંગળવારે રાજકોટમાં પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પાંચ ભૂદેવ પ્રતિભાઓને પરશુરામ એવોર્ડ

## પાંચ બ્રહ્મ-કર્મયોગીઓને એવોર્ડથી નવાજાશે : સંતો-મહંતો, મહાનુભાવો ઉપસ્થિત રહેશે

રાજકોટ, પરશુરામ યુવા સંસ્થાશન રાજકોટનાં ઉપક્રમે આગામી તા.૦૨/૦૪/૨૦૨૪નો મંગળવારે કાલાવડ રોડ ઉપર આવેલ બોચાસણવાસી અક્ષરપુરષોતમ સંસ્થો સ્વાથમીનારાયણ મંદિર ખાતે સંસ્થાનાં આદ્યસ્થાવપક શ્રી અભયભાઈ ભારેજિના જન્મ દિવસે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ ૨૦૨૪ યોજાય રહયો છે. બ્રહ્મસમાજની અડીખમ સેવાનો ભેખ ધારી, સમાજ માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર, શ્રેષ્ઠ કાનુનવિદ, કર્મઠ નેતા, હાક કરો ત્યાં હાજર એવા બ્રહ્મતેજનો તણખો સમાન, બ્રહ્મસમાજનો મોભી અને રાજયસભાના સાંસદ શ્રી અભયભાઈ ભારેજિે વર્ષ-૧૯૮૯ માં પરશુરામ યુવા સંસ્થોનની બુનીયાદ નાંખી ભારતવર્ષમાં સૌપ્રથમ પરશુરામ જન્મોલ્ત્સરવની ભવ્યા શોભાયાત્રા શ્રી અભયભાઈ ારા ઉના ખાતેથી પ્રારંભ કરવામાં આવી. બ્રહ્મપતિભાઓ કે જેમનું સમાજમાં વિશીષ્ઠ અને મુઠી ઉંચેરૂ યોગદાન હોય, એવા વ્યિક્ત વિશેષ એવા બ્રહ્મ-કર્મયોગીઓને સન્માન વડે વિભુષિત કરવાની પરંપરા શ્રી અભયભાઈનો વિચારથી શરૂ કરવામાં આવી હતી. શ્રી અભયભાઈના કૈલાશ પ્રયાણ બાદ આ પરંપરાને કાર્યરત રાખવા છેલ્લા ત્રણ વર્ષથી પરશુરામ યુવા સંસ્થામન રાજકોટ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનું આયોજીત કરે છે પ્રતિવર્ષથી અભયભાઈના જન્મોદિવસ નિમિત્તે પાંચ બ્રહ્મ-કર્મયોગીઓને 'પરશુરામ એવોર્ડ' એનાયત કરવામાં આવે છે.

આ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ કાર્યક્રમનાં અધ્યેક્ષ પદે કેન્દ્રિ ય કેબિનેટ મંત્રી શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિમત રહેશે. સમારોહનું ઉદઘાટન અભયભાઈના સાથી અને પરમમિત્ર શ્રી વિજયભાઈ રૂપાણી પૂર્વ મુખ્યામંત્રીશ્રી, ગુજરાત રાજયના શુભ હસ્તેન કરવામાં આવશે.

સમારોહનુ દીપ પ્રાગટય પૂ. બ્રહ્મતીર્થ સ્વોમી, કોઠારી સ્વાનમીશ્રી, બીએપીએસ સ્વા મિનારાયણ મંદિર, રાજકોટના હસ્તેયથી કરવામાં આવશે. ત્યા,રબાદ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનો પ્રારંભ થશે. ગુજરાત રાજયના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, અતિથી વિશેષ તરીકે ઉપસ્થિોત રહેશે. ત્યારબાદ પૂ. અપૂર્વમુની સ્વાબમી અને પ્રસિદ્ધ ભાગવતાચાર્ય, પૂ. ચૈતન્યશંભુ મહારાજ પોતાના આશીર્વચન પાઠવશે. આ સમારોહ દરમ્યારન જે સંતોનુ પાવન સાનિધ્યદ પ્રાપ્તર થવાનું છે તેમાં પૂજય જેન્તિારામ બાપા(સંત પુરણ ધામ ધુનડા), પૂજય ઘનશ્યામજી મહારાજ (ભુવનેશ્વ?રી પીઠ ગોંડલ) અને પૂજય રમેશભાઈ શુકલ(કાલભૈરવ મંદિર, પાલીતાણા)ની પાવન ઉપસ્થિઉતીમાં સંપૂર્ણ સમારોહ યોજાશે.

પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહમાં શ્રી રામભાઈ મોકરીયા( સાંસદ રાજયસભા), શ્રી ઉદયભાઈ કાનગડ(ધારાસભ્ય ), શ્રી રમેશભાઈ ટીલાળા(ધારાસભ્ય)) અને શ્રીમતી દર્શિતાબેન શાહ(ધારાસભ્ય ) ઉપસ્થિમત રહેશે. સમારોહમાં વિશેષ આમંત્રિત તરીકે શ્રી છેલભાઈ જોષી(બ્રહ્મ અગ્રણીશ્રી સૌરાષ્ટ્ર -કચ્છથ), શ્રી નિતિનભાઈ ભારેજિ(પ્રદેશ ભાજપ અને બ્રહ્મ અગ્રણીશ્રી) અને શ્રી પંકજભાઈ ભટૃ(મ્યુઝિક ડાયરેકટર) ઉપસ્થિહત રહેશે.

કાર્યક્રમના પ્રારંભમાં હાસ્યિ કલાકાર કપીલભાઈ જોષી હાસ્યભ રસ પીરસશે. ત્યારબાદ સુપ્રસિધ્ધભ લોકગાયકો તુષારભાઈ ત્રિવેદી, ઉર્વશીબેન પંડયા તથા ચૈતાલીબેન છાયાં પોતાના બ્રહ્મગૌરવ ઉજાગર કરતા ગીતોની પ્રસ્તુીતી કરશે.

પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ-૨૦૨૪ સંસ્થાતનના સ્થાતપક શ્રી અભયભાઈના પુત્ર અંશ અભયભાઈ ભારદ્વાજ તેમજ તેમની ઓફિસ ટીમ અને શ્રી નિરંજનભાઈ દવે, પરશુરામ યુવા સંસ્થા નની ટીમ સમારોહને સફળ બનાવવા કમરકસી છે. પરશુરામ યુવા સંસ્થાને બ્રાહ્મણજ્ઞાતીના પરિવારોને બહોળી સંખ્યાસમાં આમંત્રણ આપેલ છે. કાર્યક્રમના સમાપન બાદ બ્રહ્મભોજનનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# રાજકોટના અમીન માર્ગ પર પુરૂષોત્તમભાઈ રૂપાલાના નિવાસ સ્થાને સુરક્ષા વધારાઈ

## હવે રૂપાળાની જે સ્થળે સભા, રેલી થાય ત્યાં ખાસ બંદોબસ્ત જાળવવા સુચના




રાજકોટ, લોકસભાની રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા પુરૂષોત્તમભાઈ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને કરેલા નિવેદનને કારણે ઠેકઠેકાણે વિરોધ વંટોળ ઉભો થયો છે. આક્રોશની આગ સતત વધી રહી છે. આ વચ્ચે રાજકોટના અમીન માર્ગ પર હરિ સોસાયટી ખાતેના પુરૂષોત્તમભાઈ રૂપાલાના હંગામી નિવાસ સ્થાન ખાતે સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યોત છે. સુરક્ષા ગાર્ડ, એસઆરપી ગાર્ડ, ત્રણ વધારાના સુરક્ષા ગાર્ડ સતત રૂપાલાની સાથે રહેતાં હોવાનું જાણવા મળે છે.

ઉમેદવાર રૂપાલા સભા, રેલી કે પ્રચાર માટે જાય ત્યાં જે તે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને બંદોબસ્ત જાળવવાની સુચના અપાઈ છે. ભક્તિનગર સર્કલ વિસ્તારમાં એક સભામાં રૂપાલા પહોંચ્યાન ત્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ મયુરધ્વેજસિંહ સરવૈયા સહિતની ટીમ પણ પહોંચી હતી અને બંદોબસ્ત્ જાળવ્યોય હતો. આઈબીના ઈનપુટના આધારે આ સુરક્ષા વ્ય વસ્થાસ વધારવામાં આવી હોવાનું જણાવાયુ છે. વિવાદનો નિવેડો ન આવે ત્યાંબ સુધી આ સુરક્ષા પુરી પાડવામાં આવશે તેવું જાણવા મળે છે.

# લોધીકા પોલીસ મથકમાં પકડાયેલા વિદેશી દારૂના જથ્થા ઉપર રોડ રોલર ફેરવી નાશ કરાયો



રાજકોટ, રાજકોટ રેન્જ,ના પોલીસ મહાનિરીક્ષક શ્રી અશોકકુમાર યાદવ, જીલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા દારૂ તથા અન્યમ તમામ મુદામાલનો નાશ કરવા માટે જુબેશ ચાલુ હોય જે અનુસંધાને સબ ડીવીઝન મેજીસ્ટ્રેટિ રાજકોટ તથા નાયબ પોલીસ અધિક્ષક ગોંડલ, પો. ઈ. ના નશાબંધી અને અબકારી ખાતુ રાજકોટ તથા સર્કલ પો. ઈ. ગોંડલ તથા આયુષ જૈન, આઈ. પી. એસ. થાણા અધિકારી લોધીકા પો. સ્ટ્રેની ઉપસ્થિતીમાં કારી ડેમના પાળા પાસે અભેપર જવાના જુના રસ્તાો પાસે આવેલ સરકારી ખરાબાની જમીનમાં કુલ બોટલ નંગ લોધીકા પોલીસ સ્ટોશનની ૧૯૨૨૮ કિ. રૂા. ૧૯૨૯૦૭૫ તથા મેટોડા જી. આઈ. ડી. સી. પો. સ્ટે. ની કુલ બોટલ નં. ૧૨૫ કિ. રૂા. ૪૦૩૨૮ નો મળી કુલ બોટલ નં. ૧૯૩૫૩ કિ. રૂા. ૧૯૬૯૪૦૩ ના ઈંગ્લીશ દારૂનો રોડ રોલર ફેરવી કરાયો હતો.

# ચૂંટણીમાં મતદાન કવરેજ કરનારા પત્રકારો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે : ચૂંટણી પંચની પહેલ

## દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, વીજ, બી.એસ.એન.એલ., રેલવે, આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, પરિવહન વિભાગના કર્મીઓનો આવશ્યક સેવા કર્મીઓમાં સમાવેશ

રાજકોટ, ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓને સર્વસમાવેશી બનાવવાના ભાગરૂપે જાહેરનામાથી વીજળી વિભાગ, બી.એસ.એન.એલ., રેલવે, દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, ગુજરાતના આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, ગુજરાત રાજ્ય પરિવહન નિગમની લાંબા અંતરની બસ સેવાઓ, અગ્નિશમન સેવાઓ, ચૂંટણીના દિવસે કવરેજ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલા મીડિયાકર્મીઓ, ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવા શ્રેણીમાં સમાવિષ્ટ આ મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટે પાત્ર બનશે. પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા ઈચ્છતા ગેરહાજર મતદારે તમામ જરૂરી વિગતો આપીને ફોર્મ-૧૨ ડીમાં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે.

એસેનસિઅલ સર્વિસ વોટર્સ કે જે ફરજના લીધે મતદાનના દિવસે તેના મતદાન મથકે જઈને મતદાન કરી શકે એમ નથી તે પોસ્ટલ બેલેટનું ફોર્મ નં .૧૨ ડી ભરીને પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. મતદાર પોતાના મતદાનનો ઉપયોગ કરી શકશે.

જેથી મતદારો મતદાનથી વંચિત ના રહે તથા પોસ્ટલ બેલેટથી અગાઉ જ મતદાન કરી શકે. ઈમરજન્સી અને એસેનસિઅલ સર્વિસ વોટર્સને પોસ્ટલ બેલટથી મતદાન કરાવવા સમય મર્યાદામાં ફોર્મ નં .૧૨ ડી ભરાવવામાં આવે છે.

# રાજકોટમાં વિરાણી સાયન્સ કોલેજ તથા ધોરાજીમાં અચૂક મતદાન અંગે લેવાયા શપથ



રાજકોટ, હાલ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે, ત્યારે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે.

જે અંતર્ગત રાજકોટ શહેરમાં મણીભાઈ વિરાણી તથા શ્રીમતિ નવલબેન વિરાણી સાયન્સ કોલેજ ખાતે મતદાન જાગૃતિ અંગે શપથ લેવામાં આવ્યા હતા. જેમાં ફર્સ્ટ ટાઈમ વોટર્સ એવા કોલેજીયનો, ઉપરાંત અધ્યાપકો તથા અન્ય સ્ટાફ પણ જોડાયો હતો. આ સાથે "ચૂંટણીનું પર્વ, દેશનું ગર્વ" હોવાના સંદેશ સાથે લોકોને લોકશાહની આ પ્રક્રિયામાં સહભાગી થવા અપીલ પણ કરવામાં આવી હતી. ઉપરાંત ધોરાજીમાં તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફર્સ્ટ ટાઈમ વોટર્સ તથા કોલેજીયન યુવાનોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. બાદમાં સૌ અચૂક મતદાન કરવા તથા અન્યોને પણ મતદાન માટે પ્રેરિત કરવા સંકલ્પબદ્ધ થયા હતા.

# રાજકોટ શહેરમાં અનેક સ્થળે હોળીની રાખના ઢગલા દૂર કરવા શહેર કોંગ્રેસના પ્રમુખની માંગ



રાજકોટ, રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી જણાવે છે કે રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧ થી ૧૮ ના વોર્ડમાં જુદા જુદા વિસ્તારોમાં અંદાજે ૬૦૦ થી વધુ હોલિકા દહન થાય છે ત્યારે તારીખ ૨૪/૦૩ શનિવારે હોળી પ્રગટાવવામાં આવ્યા બાદ બે દિવસમાં રાજકોટ શહેરમાં આ હોળીના ઢગલાઓ ઉપાડી લેવામાં આવતા હોય છે પરંતુ કેટલાક વર્ષોથી તંત્ર દ્વારા ફરિયાદ કરવામાં આવે ત્યારે જ ઢગલાઓ ઉપાડવામાં આવતા હોય છે. અને આ રાખના ઢગલાઓ ચોકની વચ્ચો વચ હોવાને પગલે લોકોને હાલાકી ભોગવવી પડે છે. પવનને પગલે રાખ ઉડતી રહે છે અને રાત્રે અકસ્માત સર્જાવાનો ભય રહે છે. શહેરના પદાધિકારીઓ ચૂંટણીમાં વ્યસ્ત છે અને અધિકારીઓ ભર ઊંઘમાં કે અંધારામાં હોવાને પગલે અનેક વિસ્તારોમાં આજે પણ ચોકમાં હોળીના ઢગલાઓ યથાવત રહેતા આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીએ રાજકોટ મહાનગરપાલિકામાં ફરિયાદ નંબર ૨૪૦૯૦૬૯૫ થી શહેરમાંના તમામ ઢગલાઓ તાત્કાલિક અસરથી ઉપાડી લેવા તાકીદ કરવામાં આવી છે. અને ૨૪ કલાક માં શહેરમાં હોળીના રાખના એક પણ ઢગલો ન હોવો જોઈએ અને હશે તો વોર્ડ ઓફિસે રાખના ઢગલાઓ કરવામાં આવશે.વધુમાં અનેક વિસ્તારોમાં રાખના ઢગલાઓ યથાવત હોવાને પગલે આ ઢગલાઓ ઉપાડવામાં ન આવે તો રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ગજેન્દ્રસિંહ ઝાલા મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર ફોટા સાથે વિગતો મોકલી આપવા અંતમાં રાજાણીએ અપીલ કરી છે.

# રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ત્રિ-દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




રાજકોટઃ રાજકોટની જાણીતી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ માં વિદ્યાર્થીઓ અને વાલીઓના સંબંધોના તાણાવાણા ગુંથવા માટે વાર્ષિક કાર્યક્રમના આયોજન કરવામાં આવે છે. કલા અને કૌશલ્યના માધ્યમથી માતા-પિતા અને તેમના ભુલકાઓને એક મંચ ઉપર પ્રસ્તુત કરવાના હેતુ સાથે તાજેતરમાં ધોરણ ૦૧ થી ૦૩ના ભુલકાઓ માટે ત્રિ-દિવસીય પેરેન્ટ ચાઈલ્ડ ટેલેન્ટ બોનાન્ઝા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ થી વધુ વાલીઓએ તેમના બાળકો સાથે મંચ પ્રસ્તુતી કરી હતી.

આ ત્રણ દિવસ ચાલનાર કાર્યક્રમમાં ભુલકાઓએ ડાન્સ, સિંગિંગ, રોલ પ્લે, પ્રઝન્ટેશનના માધ્યમથી પોતાનું કૌશલ્ય રજુ કર્યું હતું. જેમાં બાળકોએ પાત્ર અનુસાર વેશભુષા ધારણ કરીને મંચ ઉપર શિક્ષકો, નિર્ણાયકો અને સહપાઠી સમક્ષ આત્મવિશ્વાસ સાથે રજુઆત કરી નિર્ણાયકોની વાહવાહી મેળવી હતી. નિર્ણાયકોએ પણ શ્રેષ્ઠ અભિનય અને રજુઆતને ધ્યાનમાં રાખી વિજેતા ઘોષિત કર્યા હતા. જેમાં ૨૮ વિજેતાઓને શિલ્ડ અને ૫૧ સહભાગીઓને પ્રોત્સાહક ભેંટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા

પેરેન્ટ ચાઈલ્ડ ટેલેન્ટ બોનાન્ઝાના સફળ આયોજન માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંતો અને શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શાળાના શિક્ષકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં વેસ્ટરર્ન રેલ્વે મજદુર સંઘ આયોજીત નાઈટ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## રેલ્વેના અધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ સ્ટેંશનો, વિભાગો,શાખાઓની કુલ ૨૨ ટીમો વચ્ચે મેચ રમાશે



રાજકોટ, હિરેન મહેતા વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘના ડિવિઝનલ સેક્રેટરી યાદી મુજબ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રેલવે કર્મચારીઓ માટે કરવામાં આવે છે. એ સાતત્ય ની કડી રુપ વર્ષ ૨૦૨૪ માં સ્વર્ગસ્થ દાદા માહૂરકરજીની જન્મ જયંતી નિમિત્તે આ ટૂર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે એડીઆરએમ કૌશલ કુમાર ચૌબેજી, સીપીએમ સુધીર દુબેજી, ભાજપા સિનિયર લીડર શ્રી કશ્યપ ભાઈ શુક્લાએજી, સિનિયર ડી એફ એમ કિરનેન્દુ આર્યજી, સિનિયર ડી એમ ઈ અભિષેક કુમાર સિંઘજી, સિનિયર ડીપીઓ મનિષ મેહતા જી, બ્રહ્મસમાજના પ્રમુખ દર્શિત ભાઈ જાની, મહિલા પ્રમુખ શ્રીમતી પૂર્વીબેન જાની, હીનાબેન શુક્લા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

એડીઆરએમ કૌશલકુમાર ચૌબેજી એ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. આ સાથે ગ્રાઉન્ડ પર જઈને આમંત્રિત મહેમાનો એ બેટીંગ અને બોલીંગ કરી ટૂર્નામેન્ટવની શરુઆત કરાવી હતી. પ્રથમ દિવસે કોમર્સ વિભાગ અને મેડીકલ વિભાગ તથા સુરેન્દ્રનગર શાખા અને જામનગર શાખાના મેચ આયોજિત કરવામાં આવ્યાી હતા.

# રાજકોટ કલેકટર કચેરીના કન્ટ્રોલરૂમમાં ૧૩ દિવસમાં આચારસંહિતા ભંગની ૪૨ ફરિયાદો

રાજકોટ, લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતા જ જિલ્લા વહીવટી તંત્ર કાર્યક્રમ જાહેર થતા જ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આચાર સંહિતાનો ચૂસ્તપણે અમલ થાય તે માટે કવાયત શરૂ કરી દેવામાં આવેલ છે.

આ માટે જિલ્લા કલેકટર કચેરીમાં ધમધમતા કરાયેલા કન્ટ્રોલરૂમમાં છેલ્લા ૧૩ દિવસમાં આચાર સંહિતા ભંગની ૪૨ જેટલી ફરિયાદો નોંધાયેલ છે જેમાં ત્રણને ડોપ કરી તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

જેમાં સી.વીજીલ એપમાં અત્યાર સુધીમાં ૩૦ ફરિયાદો નોંધાયેલ છે. તેમજ ફોન ઉપર રાજકીય પક્ષોના પ્રતિનિધિએ આચાર સંહિતા ભંગની નવ ફરિયાદ નોંધાવી છે. જયારે ત્રણ નાગરિકોએ આવી ફરિયાદ નોંધાવી છે. કન્ટ્રોલરૂમના જણાવ્યા મુજબ ગોંડલમાં ૭ જસદણ-જેતપુરમાં ૧-૧, રાજકોટ પુર્વ દક્ષિણમાં ૩-૩ અને રાજકોટ પશ્ચિમમાં ૧૦ આચાર સંહિતા ભંગની ૧૦ ફરિયાદો નોંધાવી છે. જેમાં ત્રણ ફરિયાદોને ડોપ કરી તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

# રાજકોટ ૫. વિધાનસભા મતવિસ્તારના ૩૫૦ પ્રિસાઈડિંગ ઓફિસરોની ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

રાજકોટ, લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને આગામી ૭ મેના રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ ચૂંટણી સાથે સંકળાયેલ સ્ટાફને તાલીમ આપવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વિરાણી સ્કુલ ખાતે ૬૯ રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનાં લગભગ ૩૫૦ જેટલા પ્રીસાઈડિંગ ઓફિસરોને ઈવીએમ અને વીવીપેટ તેમજ તેમની ચૂંટણી ફરજ સંદર્ભે તાલીમ આપવામાં આવી હતી.

તાલીમમાં પ્રિસાઈડીંગ ઓફિસરોને મતદાનના દિવસે બજવવાની થતી ફરજ અને આ કામગીરી માટે રાખવાની તકેદારી અંગે રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી નિશા ચૌધરી દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, મતદાનના આગલા દિવસે કરવાની થતી પૂર્વતૈયારી અને પ્રક્રિયાઓ વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને ઈ.વી.એમ. મશીનના નિદર્શન સાથે પ્રેક્ટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ પણ તાલીમ સ્થળની મુલાકાત લીધી હતી, તેમ મામલતદારશ્રી એમ.ડી. શુકલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં રણજિતસાગર રોડ પર ડાઈવર્ઝનથી ટ્રાફિક જામ થતાં વાહનચાલકોને મુશ્કેલી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં રણજીતસાગર રોડ પર નિલકંઠ નગરથી સાધના કોલોની વચ્ચેનાં માર્ગ પર ખોદકામ કરવામાં આવેલ હોય અને ડાયવર્ઝન કાઢી એક તરફનો માર્ગ બંધ કરવામાં આવ્યો છે, જેને પગલે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. બીજી તરફ રસ્તાના કિનારે રેંકડીઓ અને કેબિનધારકોનાં દબાણ અને તેઓની દાદાગીરીથી ટુ-વ્હીલર ધારકો માટે રસ્તાની બાજુમાંથી ફૂટપાથ સમાન વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પણ શક્ય રહ્યો નથી. આ માર્ગ પર કેબિન ધારકો ઇરાદાપૂર્વક વાહનો આડા ગોઠવી રસ્તો બંધ કરી દે છે. જેને પગલે ટુ-વ્હીલર ચાલકો આ રસ્તાનો વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકતા ન હોય તેઓ પણ ડાયવર્ઝનનો ઉપયોગ કરવા મજબૂર બને છે. જેને પગલે ટ્રાફિકનું ભારણ વધે છે. ખોદકામને અનુલક્ષીને ડાયવર્ઝનને લીધે થતી સમસ્યા તો સમજી શકાય, પરંતુ રેંકડી ધારકોના જાહેર માર્ગ ઉપર દબાણને કારણે સર્જાયેલી સમસ્યા નિવારવા તંત્ર જાગૃત બની પગલા લે તેવી માંગ ઉઠી છે.

## કાલાવડના નવાગામે આશ્રમમાંથી યુવતીના અપહરણથી ચકચાર

### વિશ્વાસધામ આશ્રમમાં યુવતીને તેના બે ભાઈ સહિત ૯ શખ્સોએ માર મારી અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાઈ

જામનગર : કાલાવડ તાલુકાના નવાગામમાં આવેલ વિશ્ર્વાસધામ આશ્રમમાં રહેતી ભાવનગર પંથકની યુવતિનું તેના બે સગા ભાઈઓ સહિત નવ જેટલા શખ્સોએ ઢોર માર મારી અપહરણ કરી જતા ચકચાર મચી છે.

આ ચકચારી બનાવની વિગત એવી છે કે, કાલાવડના નવાગામમાં વિશ્ર્વાસધામ આશ્રમમાં સેવા પૂજા કરતી છાયાબેન કરશનદાસ મકવાણા (ઉ.વ.૨૯) મુળ તરેડ ગામ, તા.મહુવા જી.ભાવનગરની યુવતિએ નોંધાવેલી ફરિયાદ મુજબ તે છેલ્લા દોઢેક મહિનાની આ આશ્રમમમાં રહી સેવા પૂજા અને ભજન કિર્તન કરે છે, જે તેના પરિવારને મંજૂર ન હોવાથી તેઓ વારંવાર ઘરે પરત આવવા રૂબરૂ આવી ધમકીઓ પણ આપતા હતા, દરમિયાન ગત તા.૨૫/૦૩ના રોજ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં તેણીના બે સગાભાઇ મોરારીદાસ અને દયાનંદભાઇ તેમજ આજુબાજુ ગામના ઘનશ્યામ ભગવનભાઇ ગૌસ્વામી, સંજયભાઇ જીવણભાઇ, દિનેશભાઇ મુળજીભાઇ રાઠોડ, મનહરભાઇ વાળા, નંદરામદાસ બાપુ, રફીક હાસમભાઇ શેખ, રામભાઇ સોલંકી સહિતનાઓ એક બોલેરો તેમજ કે-૧૦ ગાડી લઇને આવેલ અને તેના ભાઇ દયાનંદભાઇએ કહેલ કે, આપતા દાદીમાં સીરીયસ છે અને તેમને રાજકોટ હોસ્પિટલમાં દાખલ કરેલ છે અને તને જોવા માંગે છે, તું અમારી સાથે ચાલ... જેથી તેણીએ આવવાની ના પાડતા ઉશ્કેરાયેલા ભાઇઓએ ઢીકાપાટુનો માર મારી સાથે આવેલ માણસોને કહેવા લાગેલ કે આ છાયાને ઉપાડીને ગાડીમાં નાંખી દઇએ જેથી આશ્રમમાં હાજર ભરતભાઇ દેવશીભાઇ રાઠોડ, છગનભાઇ પ્રેમજીભાઇ મકવાણા, ભાવેશભાઇ ગોંડલીયા અને તેના પત્ની ભાવનાબેન વચ્ચે પડતા આ શખ્સોએ ગાડીમાંથી લાકડાના ધોકા કાઢી કહેવા ગયેલ કે કોઇ વચ્ચે પડશે તેને મારી નાંખીશું તેમ કહી તેણીના બન્ને ભાઇઓ અને સાથે આવેલ અન્ય શખ્સોએ ધોકા વડે માર મારી ગાડીમાં બેસાડી ફરાર થઇ ગયા હતા, ત્યારબાદ ભરતભાઇએ પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરતા પોલીસે જામકંડોરણા પોલીસ ચેક પોસ્ટે ગાડી રોકાવી તેણીને મૂક્ત કર્યા હતા અને છાયાબેનને સૌ પ્રથમ કાલાવડની સરકારી હોસ્પિટલમાં સાવાર અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગર ખસેડવામાં આવેલ, જ્યાં તેણીને સારૂ થઇ ગયા બાદ રજા આપતા છાયાબેન કાલાવડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઇ.પી.કો. કલમ-૩૬૫, ૩૨૩, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૫૨ તથા એટ્રોસીટી અને જી.પી.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામ્યુકોના સિટી ઈજનેર ધમકી પ્રકરણમાં સુરક્ષા અંગે ટેકનિકલ કર્મચારીઓએ પાઠવ્યું એસ.પી.ને આવેદન


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સીટી ઈજનેરને ફાઈલ ક્લિયર કરવા બાબતે પૂર્વ કોંગી કોર્પોરેટરે આપેલી ધમકીના મહાનગરપાલિકાની કચેરીમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે, અને આ મામલે ટેકનીકલ યુનિયન દ્વારા જિલ્લા પોલીસ વડાને આવેદન પાઠવવામાં આવ્યું છે.

જામનગર મહાનગર પાલિકાના સિટી ઈજનેર ભાવેશ જાની પાસે દર મહિને એક લાખની ખંડણી માંગ્યાની ફરિયાદના બનાવ પછી જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં ફરજ બજાવતા ટેકનીકલ યુનિયનના તમામ કર્મચારીઓ દ્વારા પોતાની સુરક્ષાને લઈને ગઈકાલે જામનગર મહાનગર પાલિકાના કમિશનર ડી. એન. મોદીને વિસ્તૃત આવેદન પાઠવ્યું હતું, દરમિયાન સુરક્ષાની માંગણી સાથે ગઈકાલે સિટી ઈજનેર ભાવેશ જાનીની આગેવાનીમાં મહાનગર પાલિકાના ટેકનિકલ કર્મચારીઓ દ્વારા જામનગરના જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

## લાલપુરના મોટી રાફુદડ ગામેં વાડીમાંથી ઈંગલિશ દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

### વાડીમાંથી ૧૬૬ બોટલ ઈંગ્લિશ દારૂ, ફોરવીલ- મોબાઈલ સહિત રૂ. ૫.૭૫ લાખની મતા કબ્જે


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોટી રાફુદડ ગામમાં આવેલી એક વાડીમાં અનવર ઉર્ફે અનિયો અબ્દુલભાઈ બેગ તેમજ માલાભાઇ ઉર્ફે માલદે હીરાભાઈ પંડત ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહ્યા છે, તેવી બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ઉપરોક્ત વાડીમાં બોલેરો પિકપ વાનની અંદરથી ઇંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

આથી પોલીસે વાડીમાંથી ૧૬૬ નંગ ઈંગ્લીશ દારૂની બાટલીનો જથ્થો, બે નંગ મોબાઈલ ફોન, સહિત રૂપિયા ૫,૭૬,૪૦૦ ની માલમતા કબજે કર્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન ઉપરોક્ત બંને શખ્સોએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના ભરતભાઈ કાઠી નામના શખ્સ પાસેથી ઈંગ્લિશ દારૂનો જથ્થો આયાત કર્યો હોવાનું કબુલ્યું હતું. જેથી ભરત કાઢીને ફરારી જાહેર કરી તપાસનો દોર ચોટીલા તરફ લંબાવાયો છે.

## જામનગરમાં કરોડોની જીએસટી ચોરી કરનાર કારખાનેદાર પિતા-પુત્રના જામીન રદ

જામનગર : સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા રૂપિયા ૭૮.૫૦ કરોડની ખરીદીના વ્યવહારો દ્વારા ખોટી વેરાશાખ દ્વારા રૂા. ૧૪.૧૨ કરોડની જીએસટી ચોરી પ્રકરણમાં ફરિયાદ દાખલ થયા બાદ ધરપકડ પામેલા જામનગરના પિતા–પુત્ર કારખાનેદારના રેગ્યુલર જામીન અદાલતે નકારી કાઢયા છે.

જામનગર જીઆઈડીસી શંકર ટેકરીમાં મેટલ ઈન્ડસ્ટ્રીઝ અને લિબર્ટી પેઢીમાં સંયુક્ત રાજ્ય વેરા કમિશનર–જૂનાગઢ કચેરીના જીએસટી અધિકારીઓએ તા. ૦૨–૦૪–૨૦૨૨ના ૨૪ પેઢીના કરોડોના વ્યવહારો અંગે તપાસ આદરી હતી.

મહિનાઓ સુધી ચાલેલી આ તપાસમાં સંખ્યાબંધ વિગતો સામે આવી હતી. જે બાદ તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ જીએસટીના અધિકારીઓએ વિવિધ પેઢીના નામે રૂા. ૪૧.૪૦ કરોડની ખરીદી દર્શાવીને રૂા. ૭.૪૫ કરોડની જીએસટી ચોરી અંગે જીએસટીની વિવિધ કલમો હેઠળ સ્મિત દીપેન શાહ નામના ટ્રેડરની ધરપકડ કરી હતી. જેની તપાસ બાદ તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ તેના પિતા દીપેન શાહ સામે પણ અસ્તિત્વ ન ધરાવતી હોય તેવી પેઢીઓ પાસેથી રૂા. ૩૭.૧૦ કરોડી ખરીદી દર્શાવીને રૂા. ૬.૬૭ કરોડની ખોટી વેરાશાખ મેળવી જીએસટી ચોરી અંગે કેસ નોંધીને બાદમાં તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ તેની ધરપકડ રી હતી. જે બાદ પકડાયેલા પિતા–પુત્રએ જામનગરની સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી.

જેની સુનાવણી દરમ્યાન સરકારી વકીલ દીપક આર. ત્રિવેદીએ અદાલત સમક્ષ રજૂઆત કરી હતી. જે રજૂઆત માન્ય રાખી પિતા–પુત્રની જામીન અરજી રદ કરવા અદાલતે હુકમ કર્યો હતો.

## ખંભાળિયામાં નવનિર્મિત જિલ્લા ભાજપ કાર્યાલય દ્વારકેશ કમલમનું પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં થશે ઉદ્‌ઘાટન

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે નિર્માણ પામેલા જિલ્લા ભાજપ કાર્યાલય ''દ્વારકેશ કમલમ'' ને આગામી તારીખ ૧૨ એપ્રિલના રોજ વિધિવત રીતે ખુલ્લું મુકવામાં આવશે.



ખંભાળિયા નજીકના દ્વારકા માર્ગ પર અશોક પંપ પાસેની વિશાળ જગ્યામાં કરોડો રૂપિયાના ખર્ચે ત્રણ માળનું જિલ્લા ભાજપ કાર્યાલય બનાવવામાં આવ્યું છે. અનેકવિધ સુવિધાઓ સાથેના આ જિલ્લા ભાજપ કાર્યાલય ''દ્વારકેશ કમલમ''નું ઉદઘાટન આગામી તારીખ ૧૨ એપ્રિલના રોજ કરવામાં આવે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશાળ જગ્યામાં સફેદ માર્બલ તથા સફેદ કલરમાં વિશિષ્ટ બાંધકામ સાથે કરોડો રૂપિયાના ખર્ચથી તૈયાર કરવામાં આવેલા આ ભવ્ય જિલ્લા ભાજપ કાર્યાલયને ''દ્વારકેશ કમલમ'' નામ આપવામાં આવ્યું છે. તેના સ્વાગત કક્ષમાં જ સુદર્શન ચક્ર સાથે ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ ભવ્ય જિલ્લા કાર્યાલયનો પાયો ભાજપના તત્કાલીન પ્રમુખ ખીમભાઈ જોગલ દ્વારા નાખવામાં આવ્યો હતો. જે પછી તેમની તબિયત નાદુરસ્ત બની રહેતા હાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી તથા તેમની ટીમ દ્વારા આ કાર્યાલયનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જેને સંભવતઃ આગામી તારીખ ૧૨ એપ્રિલના રોજ ભાજપના રાજ્ય પ્રમુખ સી.આર. પાટીલ તથા અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુકવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

## જામનગરમાં સાયકલની ચોરી કરનાર તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં કાલાવડ નાકા બહાર મકવાણા સોસાયટી વિસ્તારમાં આવેલી એક મસ્જિદની બાજુમાં રાખવામાં આવેલી સાઈકલની ચોરી કરનાર એક તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થયો છે.

ગત મોડી રાત્રીના સમયે હાફ પેન્ટ અને બ્લેક કલરનું ટીશર્ટ પહેરેલો એક તસ્કર દબાયેલા પગે ધીમી ગતિએ મકવાણા સોસાયટીની શેરીમાં પ્રવેશ્યો હતો, અને આસપાસના વિસ્તારમાં નજર કર્યા પછી ત્યાં રાખેલી એક સાયકલની ચોરી કરી રફૂચક્કર થઈ ગયો હતો, સ્થાનિક રહેવાસીના કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ હોવાથી તેનું ફૂટેજ મેળવીને જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસમાં સંપર્કમાં આવ્યો છે. જેના ફૂટેજના આધારે પોલીસે સાયકલ ચોરની શોધ ખોળ હાથ ધરી છે.

## દ્વારકામાં ખાનગી હોટલમાં ઉતરેલ યાત્રિકનું હાર્ટ એટેકથી મોત

દ્વારકા : દ્વારકામાં આવેલ એક ખાનગી હોટલમાં ઉતરેલા આધેડને અચાનક હૃદયરોગનો હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, મૂળ ઉત્તરપ્રદેશના લખનૌ જિલ્લાના મેવાનર્સરી ગામના રહેવાસી પ્રણયકુમાર પ્રવીણકુમાર ગુપ્તા નામના આધેડ દ્વારકા આવ્યા હોય અને તેઓ હોટલ રૂદ્રપ્લાઝામાં ઉતર્યા હોય, દરમ્યાન તેમને એકાએક હૃદયરોગનો હુમલો આવી જતાં બેશુધ્ધ બની ગયેલ જેથી તેમને હોસ્પિટલ ખસેડતા ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે જ્યોતિકુમાર રાજેન્દ્રકુમાર ગુપ્તાએ પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે જઈ મૃતદેહન કબ્જો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉનાળામાં વિજતંત્ર આકરેપાણી..! હાલારમાં વિજબીલ નહિ ભરનાર વધુ ૬૦૦ ગ્રાહકોના જોડાણ કટ કરાયા

જામનગર : હાલારના બંને જિલ્લાઓ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીજીવીસીએલની વર્તુળ કચેરી દ્વારા બાકી રોકાતા વીજબીલના નાણાની વસુલાત માટે જુદી જુદી પાંચસો ટુકડીઓને દોડતી કરાવાઈ છે, અને બાકી રોકાતી રકમ વસૂલવા માટેની ઝુંબેશને વેગવંતી બનાવી છે, જેના ભાગરૂપે ૨૭.૪.૩૦૨૪ ના દિવસે ૨૧૩૮ વિજ ગ્રાહકએ પોતાના વીજબિલના અંદાજે એક કરોડ ૪૪ લાખ જેટલા નાણા ભરપાઈ કર્યા ન હોવાથી તેઓના વીજ જોડાણ કટ કરી નાખવામાં આવ્યા હતા.

દરમિયાન ગત ૨૮ મી તારીખે વીજ વસુલાતની ઝુંબેશને વધુ વેગવંતી બનાવી હતી અને વધુ ૬૦૦ ગ્રાહકો કે જેની અંદાજે ૫૫ લાખ જેટલી રકમ ભરવાની બાકી હોવાથી તેઓના પણ વિજ જોડાણ એક જ દિવસમાં કટ કરી નાખવામાં આવ્યા છે. ગત તા ૨૩.૩ થી ૨૮.૩.૩૦૨૪ના પાંચ દિવસના સમયગાળા દરમિયાન ૫૦૦ થી વધુ ટીમોને હાલારના બંને જિલ્લાઓમાં દોડતી કરાવવામાં આવી હતી, જે પૈકી ૧૯,૧૧૧ વિજ ગ્રાહકોએ અંદાજે પાંચ કરોડ ૨૦ લાખની રકમ ભરતભાઈ કરી દીધી હતી.

ગત તારીખ ૨૮.૩.૨૦૨૪ની સ્થિતિ મુજબ હજુ ૩૯.૮૪ કરોડની વસૂલાત બાકી છે, તે પૈકીના ૪,૫૬૧ વિજ ગ્રાહકોએ માત્ર એક જ દિવસમાં ૧૩૧ લાખનું ચુકવણું કરી દીધું છે. ઉપરાંત ૩૧ માર્ચ સુધીના સમયગાળા દરમિયાન જે વીજ ગ્રાહકોની વિજબીલના નાણાં ભરવાની બાકી હોય તેઓએ ભરપાઈ કરી દેવા પીજીવીસીએલ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. જે વીજ ગ્રાહકો પોતાના બાકી બીલની રકમ ભરપાઈ નહિ કરે તો તેઓના વીજ કનેક્શન કટ કરી નાખવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું.

## લાલપુર નજીકના રંગપુર ગામે રહેણાંક મકાનમાંથી ૪૭ બોટલ દારૂ ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રંગપુર ગામે એક મકાનમાં દારૂ સંતાડવામાં આવ્યો છે તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની ૪૭ બોટલ મળી આવી હતી. જેથી મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે સપ્લાયરને ફરારી જાહેર કર્યો છે.


તસવીર: સુનિલ ચુડાસમા

આ બનાવની વિગત એવી છે કે, લાલપુર તાલુકાના રંગપુર ગામમાં ભરવાડપાડામાં રહેતો હેમત જીવાભાઈ ઝાપડા નામનો શખ્સ ખાનગીમાં દારૂનું વેચાણ કરી રહયો છે અને તેમના મકાનમાં દારૂ સંતાડયો હોવાની બાતમી પોલીસને મળી હતી. આથી સ્થળ પર જઈ દરોડો પાડયો હતો. જ્યાં મકાનમાંથી રૂા. ૧૮,૮૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની ૪૭ બોટલ મળી આવી હતી. જેથી હેમત ઝાપડાની મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર લાલપુરના દલતુંગીનો રહેવાસી માલા હીરાભાઈ રબારીને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

## દ્વારકા અને ભાણવડમાં જુગારના બે દરોડામાં ૧૦ ખેલૈયાઓ ઝડપાયા

દ્વારકા : દેવભૂમિ દ્વારકામાં આવેલ યાત્રિક આવાસમાં તેમજ ભાણવડના મોટા કાલાવડ ગામે પોલીસે જુગાર અંગેના બે દરોડા પાડી ૧૦ શખ્સોને ઝડપી લીધા હતા અને તેઓ પાસેથી રૂા. ૨૭ હજારની રોકડ રકમ કબ્જે કરી હતી.

દ્વારકામાં આવેલ ગીતા મંદિર રોડ પાસે રાધે ફાઉન્ડેશનની સામે ભારતીય યાત્રિકા આવાસમાં બીજા માળે રૂમ નંબર ૧૯માં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં ગંજીપાના વડે જુગાર રમી રહેલ હનુભા સિદુભા વાઢેર, બાબુભાઈ ભાનુભાઈ ઝાખરિયા, જયેશ ગોવિંદભાઈ ચાવડા, રવાભા ભીખાભા માણેક, ચંદુભાઈ વલ્લભભાઈ સામાણી સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી તેઓ પાસેથી રોકડ રૂા. ૧૫,૨૦૦ કબ્જે કર્યા હતા.

આ ઉપરાંત બીજો દરોડો ભાણવડના મોટા કાલાવડ ગામે આવેલ નવા આહિર સમાજની સામેના વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલ વલ્લભભાઈ પાલાભાઈ ચાવડા, મુકુંદભાઈ ભીખાભાઈ કનારા, ભીમાભાઈ મેપાભાઈ વારોતરિયા, માલદેભાઈ અરશીભાઈ કરમુર તેમજ સાજણભાઈ રાણાભાઈ ગાગલિયા નામના પાંચ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂપિયા ૧૧,૭૨૦ કબ્જે કર્યા હતા.

### દ્વારકાના વિપ્ર યુવાન સાથે ૪.૫૦ લાખની છેતરપિંડી

દ્વારકા : દ્વારકામાં રહેતા એક વિપ્ર યુવાનને વિશ્વાસમાં લઈ અને રૂપિયા ૪.૪૪ લાખની છેતરપિંડી કરવા સબબ ચોક્કસ મોબાઈલ નંબર ધરાવતા એક શખ્સ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા પોલીસ મથકમાં દ્વારકાના હોળી ચોક વિસ્તારમાં રહેતા અને યજમાનવૃત્તિ કરતા તેજસભાઈ મહેન્દ્રભાઈ ઠાકર નામના ૩૩ વર્ષના બ્રાહ્મણ યુવાને ૭૨૩૩ મોબાઈલ નંબર ધરાવતા ભૈલુભાઈ નામના શખ્સ સામે નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ફરિયાદી તેજસભાઈ તથા તેમની સાથે અન્ય બ્રાહ્મણ આસામીઓને બ્રહ્મ ભોજન કરાવવાનું તેમજ બ્રાહ્મણોને દક્ષિણા આપવાની વાત કરી ફરિયાદી તેમજ સાહેદોને આરોપીએ વિશ્વાસમાં લીધા હતા. ત્યાર બાદ તેઓને અલગ અલગ ચેક આપી અને તેઓ પાસેથી અલગ અલગ કુલ રૂપિયા ૪,૪૪,૦૦૦ મેળવી લીધા હતા. જેથી ભૈલુભાઈ સામે દ્વારકા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

# મોરબી : ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલ આરોપીની ૧.૮૦ કરોડની મિલકત, ૧૨.૫૦ લાખની રોકડ જપ્ત

સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૩૧

મોરબી શહેરમાં વર્ષ ૨૦૨૧ માં નોંધાયેલ ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલ ઈસમોની મિલકત જપ્તીની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવી રહી હોય જેમાં પોલીસે આશરે ૧.૮૦ કરોડની મિલકત જપ્ત કરી છે તો ૨૪ બેંક ખાતામાં રહેલ ૧૨.૫૦ લાખની રોકડ રકમ જપ્ત કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

મોરી એ ડીવીઝન પોલીસ મથકમાં હત્યા અને આર્મ્સ એક્ટ મુજબ વર્ષ ૨૦૨૧ માં ગુનો નોંધાયો હતો જે ફરિયાદને પગલે પોલીસે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ (ગુજસીટોક) એક્ટ ૨૦૧૫ ની કલમ અન્વયે ગુનો નોંધી વધુ તપાસ ચલાવી હતી મોરબી શહેર અને જીલ્લામાં સંગઠિત ગુના આચરતી



ટોળકી વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરી હતી જેમાં તપાસ દરમિયાન પુરાવાને આધારે ૧૮ પૈકી ૧૫ ઈસમોને ઝડપી લેવામાં આવ્યા હતા અને ૩ આરોપીઓ હજુ નાસતા ફરતા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જે ઓર્ગેનાઈઝ ક્રાઈમ આચરનાર ટોળકી વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરવા રાજકોટ રેંજ આઈજી અને જીલ્લા પોલીસવડાની સુચના મુજબ ડીવાયએસપી પી એ ઝાલાના માર્ગદર્શન હેઠળ આરોપીઓની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે જેમાં પોલીસે ૧૮ આરોપીઓ, તેના પત્નીજી, ભાઈ સહિતનાની મિલકત અને બેંક એકાઉન્ટ અંગે રેવન્યુ વિભાગ અને બેંક સાથે સંકલન કરી મિલકત અંગેની માહિતી સરકાર દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ની નિમણુક કરી મિલકતનું એનાલીસીસ કર્યું હતું.

અને ૧૮ આરોપીઓ પૈકી ચાર આરોપીની મિલકત જપ્ત તેમજ સંડોવાયેલ આરોપીના અલગ અલગ બેંકના એકાઉન્ટમાં રહેલ રોકડ ઈરાકમ જપ્ત કરવા દરખાસ્ત તૈયાર કરી ગૃહ વિભાગને મોકલી હતી જે દરખાસ્તને આધારે આરોપી ઈમરાન ઉર્ફે બોટલ હનીફ ચાનિયા, રીયાઝ રજાક ડોસાણી, ઈરફાન અલ્લારખા ચોચોદરા અને આરીફ ગુલમહમદ મીર રહે બધા મોરબી વાળા અને તેની પત્ની અને ભાઈના નામે વસાવેલ કુલ ૩૦ સ્થાવર અને જંગમ મિલકત જપ્ત કરવા તેમજ અલગ અલગ બેંકમાં રહેલ ૨૪ બેંક એકાઉન્ટમાં રોકડ રૂપિયા આશરે ૧૨.૫૦ લાખની રોકડ જપ્ત કરવા હુકમ કર્યો હતો જેને પગલે ૧.૮૦ કરોડની મિલકત અને ૨૪ બેંક ખાતામાં રહેલ ૧૨.૫૦ લાખની રોકડ જપ્ત કરવામાં આવી છે.

જે કામગીરીમાં ડીવાયએસપી પી એ ઝાલા, એ ડીવીઝન પીઆઈ એચ એ જાડેજા, પીએસઆઈ એ વી પાતળિયા, રાજદીપસિંહ ઝાલા, દિલીપભાઈ ચૌધરી, ચકુભાઈ દેવશીભાઈ, રાજુભાઈ રમેશચંદ્ર, પ્રદીપસિંહ બહાદુરસિંહ, પુનમબેન બેચરભાઈ, વહીદાબેન બસીરભાઈ, પુજાબેન વિનોદભાઈ તેમજ ડીવાયએસપી કચેરી મોરબી અને એ ડીવીઝન પોલીસની ટીમ જોડાયેલ હતી.

# રાજકોટ રૈયા ચોકડી બીઆરટીએસના સ્ટોપ સાથે ઈ-બસ અથડાઈ : મહિલા મુસાફરને સામાન્ય ઈજા

રાજકોટ,

રાજકોટ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા બીઆરટીએસ રૂટ પર થોડા સમયથી ઈલેકટ્રીક બસ દોડાવવામા આવી રહી છે બપોરે ઈ બસના ચાલકે બેફીકરાઈથી બસ ચલાવી ઈલેકટ્રીક બસ બીઆરટીએસના સ્ટોપમાં ઘુસાડી દેતાં મહિલા મુસાફરને સામાન્ય ઈજા પહોંચી હતી. જ્યારે ઈલેકટ્રીક બસ અને આરટીએસ સ્ટોપને ભારે નુકસાન થયું છે.આ ઘટના અંગેની જાણવા મળતી વિગત મુજબ, માધાપર ચોકડીથી ગોંડલ રોડ ચોકડી તરફ જઈ રહેલી ઈલેકટ્રીક બસના ચાલકે પોતાના હસ્તકની ઈ.બસ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી રૈયા ચોકડી પાસે ઈલે.બસ બીરઆટીએસ સ્ટોપ સાથે ધડાકાભેર અથડાવી હતી.

આ અકસ્માતમાં ઈલે.બસમાં મુસાફરી કરતી મહિલાને સામાન્ય ઈજા થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે જયારે ઈલે.બસમાં અને બીઆરટીએસ સ્ટોપમાં ભારે નુકસાન થયું હતું.



# રાજકોટ આયકર વિભાગે વિવિધ કલમો હેઠળ સહકારી મંડળીઓને નોટિસો ફટકારતાં રોષ ફાટી નીકળ્યો

## આયકર ખાતુ 'મોટા મગર મચ્છો'ને પકડવાને બદલે 'નાની નાની માછલીઓ' ઉપર પ્રહારનો આક્ષેપ

રાજકોટ,

રાજકોટ સહિત ગુજરાતભરની અનેક સહકારી મંડળીઓને આવકવેરા ખાતા દ્વારા વિવિધ બ્હાના - વિવિધ કલમો હેઠળ નોટિસો - દંડ - રીકવરીની નોટિસો ફટકારતાં સહકારી મંડળીઓ અને સભાસદોમાં ભારે રોષ ફેલાયો હોવાનું જાણવા મળે છે

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આવકવેરા ખાતાએ અમુક મંડળીઓને ૧૫-૧૫ કરોડ રૂપિયાની વસુલાતની નોટિસ ફટકારી છે. એક મંડળીના સંચાલકના જણાવ્યા પ્રમાણે એમને ૨ કરોડથી વધુની રીકવરીની નોટિસ મળી છે. હવે આ સામે અમારે ન છુટકે ૨૦ ટકા રકમ ભરી આગળની કાર્યવાહી એટલે કે અપીલમાં જવુ પડશે. આયકર ખાતુ કોઈને કોઈ બહાના હેઠળ 'બધાને ચોર' ગણવાની નીતિ અપનાવી રહ્યુ છે જે વ્યાડજબી નથી : અમુક મંડળીઓ તો ૨૦ ટકા રકમ ભરીને અપીલમાં પણ ગઈ હોવાનું જાણવા મળે છે. મંડળીના સંચાલકના જણાવ્યાઈ પ્રમાણે આયકર ખાતુ 'મોટા મગર મચ્છર'ને પકડવાને બદલે 'નાની નાની માછલીઓ' ઉપર પ્રહાર કરી રહ્યુ છે. જે બંધ થવુ જોઈએ : સહકારી કાયદા - કાનુનનુ પાલન કરતી મંડળીઓને સાણસામાં લેવી એ ન્યાય નથી તેવો રોષ મંડળીઓના સંચાલકે વ્યનકત કરી રહ્યા છે. આવકવેરા ખાતાની કનડગત બંધ કરવા અનેક સ્તયરે રજુઆતો પણ થઈ છે છતા યોગ્ય ઉકેલ આવ્યો નથી. ગુજરાતના વતની દેશના સહકારી બાબતોના મંત્રી છે તેમણે દરમ્યાોનગીરી કરવી જોઈએ નહિતર સહકારનો હેતુ ખર્યો જશે અને સહકારી મંડળીઓ 'ગુંમળામણ' હેઠળ કામ કરતી રહેશે. જે મંડળીઓને નોટિસો મળી રહી છે તેઓએ ન છુટકે સીએ અથવા વકિલોને કેસ સોંપવા પડી રહ્યા છે એટલુ જ નહિ તેઓની તગડી ફી પણ ચુકવવી પડી રહી છે.

# ૧૪ વર્ષની સગીરાને ઉઠાવી ઘરે લઈ જઈ કૌટુંબિક કાકાએ બીભત્સ અડપલાં કર્યાં,પોલીસે આગવીઢબે સરભરા કરી

## સગીરાના માતા-પિતાએ ના કહી છતાં પ્રસંગમાંથી લઈ ગયો અને માનસિક વિકૃતિ ઠાલવીઃકાકા-ભત્રીજીના સંબંધને લાંછન લગાવનાર આરોપીની પોક્સો સહિતની કલમો હેઠળ ધરપકડ : આરોપી ૧ સંતાનનો પિતા

રાજકોટઃ શહેરમાં હવે બાળાઓ અને તરૂણીઓ સાથે જાતિય સતામણીનાં કિસ્સા સામાન્ય બની ચૂક્યા છે. વાલીઓ માટે ચિંતાજનક આ પ્રકારનાં કિસ્સામાં વધુ એકનો ઉમેરો થયો છે. ધો. ૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની તરૂણીને લગ્ન પ્રસંગમાંથી ઉઠાવી જઇ તેનાં શરીર સાથે તેનાં જ કૌટુંબીક કાકાએ અડપલાં કર્યાનો ચોંકાવનારો બનાવ ગાંધીગ્રામ પોલીસમાં જાહેર થયો છે. જેનાં આધારે પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ૩૯ વર્ષનાં અને એક સંતાનનાં પિતા એવા આરોપીની ધરપકડ કરી હતી.ભોગ બનનાર તરૂણીની માતાએ પોલીસને જણાવ્યું કે, તેને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. પુત્રીની ઉંમર ૧૪ વર્ષ છે અને તે ધો. ૮માં અભ્યાસ કરે છે. ગઈ તા. ૧૪ના રોજ તેની તબિયત સારી ન હતી. જેથી ભાઈને ત્યાં પુત્ર સાથે રોકાવા ગઇ હતી. જ્યારે તેનાં પતિ મુંબઇ ગયા હતાં.પાછળથી તેની પુત્રી કૌટુંબીક નણંદનાં પુત્રનાં લગ્ન પ્રસંગનું જ્યાં રિસેપ્શન યોજાયું હતું તે પાર્ટી પ્લોટમાં ગઇ હતી. ખુદ તેનો ભાઈ તેની પુત્રીને રિસેપ્શનમાં મૂકી આવ્યો હતો. રાત્રે દસેક વાગ્યે તેનાં કૌટુંબીક દિયરે તેને કોલ કરી તેની પુત્રીને પોતાનાં ઘરે લઇ જઇ રહ્યાનું કહ્યું હતું. પરંતુ તેણે ના પાડી હતી. પતિને વાત કરતાં તેણે પણ ના પાડી હતી.આમ છતાં તેનો કૌટુંબીક દિયર તેની પુત્રીને પોતાનાં ઘરે લઇ ગયો હતો. બીજા દિવસે તેની પુત્રીને



તેનાં ભાઈનાં ઘરે બહાર જ ઉતારી જતો રહ્યો હતો. તેની પુત્રી તેની પાસે આવતાં જ તેને બથ ભરી જોરથી રડવા લાગી હતી. કારણ પૂછતાં કહ્યું કે, ગઈકાલે રાત્રે કાકા મને તેનાં ઘરે લઇ ગયા હતાં.બાદમાં હું તેનાં બેડ પર સુવા જતાં કાકા મારી બાજુમાં આવીને સૂઇ ગયા હતા અને મારી દિકી, મારી દિકી કહીને મારા શરીર સાથે અડપલાં શરૂ કરી દીધા હતા. સાથોસાથ મારા અંગોને સ્પર્શ કરવા લાગ્યા હતાં. મેં ના પાડતાં મારા બંને હાથ પકડી, મારૂં ટી-શર્ટ ઉંચું કરવા લાગ્યા હતાં. પરંતુ મેં ટી-શર્ટ ઉંચુ કરવા દીધું ન હતું. ત્યારબાદ પૂછ્યું કે, તારે પૈસાની જરૂર પડે છે, તો હું આપું, જવાબમાં મેં કહ્યું કે, મારા મમ્મી-પપ્પા મને પૈસા આપે છે. તે સાથે મારી ઉપર ચડી ગયા હતાં અને મારા બંને હાથ પકડી રાખી, કીસની માંગણી કરી હતી પરંતુ મેં ના પાડી હતી. આમ છતાં મારા ગાલ પર કિસ કરી હતી. સાથોસાથ મને કહ્યું કે ચાલ આપણે ફોનમાં અશ્લિલ વીડિયો જોઈએ. પરંતુ મેં ના પાડી હતી. આખરે મેં આંખો બંધ કરી દેતા થોડી વારે મારા પર ટોર્ચ કરી મારી આંખો પર પ્રકાશ કરી હું સૂઇ ગઇ છું કે નહીં તેની ખાતરી કરતા હતા.પરંતુ હું બીકનાં લીધે સૂતેલ નહીં અને તેઓ પણ રાતનાં સૂતા ન હતાં. વહેલી સવારે પાંચેક વાગ્યે નાહીને બહાર આવીને મને કહ્યું કે તું આ વાત કોઈને કહેતી નહીં, મારી દિકરી બહુ ડાહી. ત્યારબાદ તેને મામાનાં ઘરે મૂકી જતાં રહ્યા હતાં.ભોગ બનનાર તરૂણીની માતાએ આગળ પોલીસને જણાવ્યું કે આ વાત સાંભળી તે ચોંકી ગઇ હતી. પરંતુ આરોપી તેનો દિયર હોવાથી સમાજમાં બદનામીનાં ડરથી કોઈને આ વાત કરી ન હતી. પતિ મુંબઈથી પરત આવતા તેને નણદોયા, નણંદ વગેરેને વાત કરી હતી. આખરે તેનાં પરિવારનો સભ્યો આરોપીને ઘરે ગયા હતા અને આરોપીનાં પરિવારનાં સભ્યોને તેનાં કરતૂતો જણાવતાં આરોપીએ મારી ભૂલ થઇ ગઇ, હવે આવી ભૂલ ક્યારેય નહીં થાય તેવી વાત કરી હતી. જેથી પરત આવતાં રહ્યા હતાં. થોડા દિવસો બાદ જૂનાગઢ સાસરીયા પક્ષને જાણ કરતાં તેમણે ફરિયાદ કરવાનું કહેતા તેમ કર્યું હતું.

## રાજકોટ કલેકટર કચેરીના કન્ટ્રોલરૂમમાં ૧૩ દિવસમાં આચારસંહિતા ભંગની ૪૨ ફરિયાદો

રાજકોટ,

લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતા જ જિલ્લા વહીવટી તંત્ર કાર્યક્રમ જાહેર થતા જ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આચાર સંહિતાનો ચૂસ્તપણે અમલ થાય તે માટે કવાયત શરૂ કરી દેવામાં આવેલ છે.

આ માટે જિલ્લા કલેકટર કચેરીમાં ધમધમતા કરાયેલા કન્ટ્રોલરૂમમાં છેલ્લા ૧૩ દિવસમાં આચાર સંહિતા ભંગની ૪૨ જેટલી ફરિયાદો નોંધાયેલ છે જેમાં ત્રણને ડોપ કરી તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

જેમાં સી.વીજીલ એપમાં અત્યાર સુધીમાં ૩૦ ફરિયાદો નોંધાયેલ છે. તેમજ ફોન ઉપર રાજકીય પક્ષોના પ્રતિનિધિએ આચાર સંહિતા ભંગની નવ ફરિયાદ નોંધાવી છે. જયારે ત્રણ નાગરિકોએ આવી ફરિયાદ નોંધાવી છે. કન્ટ્રોલરૂમના જણાવ્યા મુજબ ગોંડલમાં ૭ જસદણ-જેતપુરમાં ૧-૧, રાજકોટ પુર્વ દક્ષિણમાં ૩-૩ અને રાજકોટ પશ્ચિમમાં ૧૦ આચાર સંહિતા ભંગની ૧૦ ફરિયાદો નોંધાવી છે. જેમાં ત્રણ ફરિયાદોને ડોપ કરી તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

# રાજકોટમાં ધુમાડાયુકત ડીઝલ બસોને વિદાય આપવા કોર્પો.ની તૈયારી : સીએનજી બસ દોડાવાશે

રાજકોટ,

રાજકોટ મહાનગરમાં નવા નાણાકીય વર્ષથી સીએનજી બસ દોડાવવાની તૈયારી મનપાએ કરી છે ત્યારે એપ્રિલના અંતમાં આ ગેસ આધારીત બસો રોડ પર મૂકાવાની શરૂ થઈ જશે તેમ મનપા સુત્રોએ જણાવ્યું છે. આ બસ આવતી જાય તેમ ધુમાડાયુકત ડીઝલ બસોને વિદાય આપવા કોર્પો.ની તૈયારી છે.

મહાનગરમાં હાલ આઉટ ઓફ ડેટ થઈ ગયેલી બ્લુ કલરની ડીઝલ બસો દોડે છે. થોડા સમય અગાઉ બીઆરટીએસની જેમ શહેરના માર્ગો ઉપર પણ ઈલે. બસ મૂકવાનું શરૂ કરાયું છે. પરંતુ સંપૂર્ણપણે ધુમાડાયુક્ત બસો ત્યારે જ દુર થશે જયારે જરૂરીયાત મુજબ ઈલે. અને સીએનજી બસ આવી જશે. હાલ ઘણા રૂટ પર ઈલે. બસ દોડી રહી છે. થોડા મહિના પહેલા કોર્પો.એ સીએનજી બસના સંચાલન માટેના ટેન્ડર ફાઈનલ કર્યા હતા. માથાકૂટમાંથી બચવા આ વખતે સંચાલન સાથે ડ્રાઈવર-કંડકટર સહિતના સ્ટાફની સપ્લાય પણ કોન્ટ્રાકટમાં સામેલ કરી દેવામાં આવી છે. હવે એપ્રિલના અંતમાં રાજકોટને ૨૫ જેટલી સીએનજી બસ મળી જશે. એટલે આવતા મહિનાના અંતે કે મે મહિનાના પ્રારંભે સીએનજી બસ રોડ પર દેખાશે.આ ગેસ આધારીત બસોનું થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન ચાલી રહ્યું છે. હાલ દોડતી ઈલે. બસ અને તે બાદ આવનારી ગેસ બસના કારણે પ્રદુષણમાં ઘટાડો થશે. પૂરતી સંખ્યામાં ઈલે. અને સીએનજી બસ મળે એટલે ૨૦૨૪ના વર્ષમાં મહાનગરમાંથી ડીઝલ બસોને સંપૂર્ણપણે ઓપરેશનમાંથી પરત ખેંચી લેવામાં આવશે સૂત્રોએ જણાવ્યુ છે.

# વધુ એક હિટ એન્ડ રનઃઆઈસરે એક્ટિવાને અડફેટે લેતા પિતરાઈ ભાઈઓ ફંગોળાઈ નીચે પટકાયા, ઈજાગ્રસ્તનું સારવારમાં મોત



રાજકોટઃરાજકોટ શહેરમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. શહેરના કોઠારિયા રોડ બ્રહ્માણી હોલ નજીક એક્ટિવાને પાછળથી આઈસરનો ચાલક ઠોકરે લઈ નાસી છૂટતા એક્ટિવાચાલક પ્રૌઢ અને પાછળ બેઠેલા તેમના પિતરાઈ ભાઈ ફંગોળાઈ જતાં બંનેને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં પિતરાઈ ભાઈનું સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે, બંને ભાઈઓ ખોખડદળ ગામે સગાઈ પ્રસંગમાંથી પરત ઘરે આવી રહ્યા હતાં ત્યારે રાત્રે અકસ્માત થયો હતો.હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતીરાજકોટ શહેરમાં ગઈકાલે રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ કોઠારિયા રોડ પર આવેલા બ્રહ્માણી હોલ નજીક એક્ટિવાને પાછળથી આઈસર ટ્રકના ચાલકે ઠોકર મારતાં એક્ટિવા ચાલક ધનસુખભાઈ કિશોરભાઈ ગોંડલિયા (ઉં.વ.૫૪) તથા પાછળ બેઠેલા તેમના ફઈના દીકરા રાજેશભાઈ ભીખુભાઈ શિશાંગિયા (ઉં.વ.૫૦) રસ્તા પર પટકાયા હતા અને બન્નેને ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.ઈમર્જન્સી વોર્ડમાં બન્ને પિતરાઈ ભાઈઓને દાખલ કરવામાં આવ્યા હતાં. પરંતુ વહેલી સવારે રાજેશભાઈ શિશાંગિયાએ દમ તોડી દેતાં પરિવારે કલ્પાંત કર્યો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. જે બાદ આજીડેમ પોલીસે આવી મૃતદેહ પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ૮ વર્ષે લૂંટેરી દુલ્હન ઝડપાઈ,લગ્નનું નાટક કરી પરિણીત સ્ત્રી અઢી લાખના ઘરેણાં લઈ ફરાર હતી




રાજકોટઃલગ્નવાંચ્છુ યુવાનો સાથે પરપ્રાંતિય યુવતીને પરણાવી છેતરપિંડી કરવાના બનાવો અવાર-નવાર સામે આવી રહ્યા છે. આવી જ એક ઘટનામાં રાજકોટ શહેરના એક યુવાન સાથે ૨.૫૦ લાખની ઠગાઈ કરવામાં આવી હતી. ૮ વર્ષ પહેલાના આ બનાવમાં અગાઉ પોલીસે ટોળકીના ૫ આરોપીને પકડી લીધા હતાં, પરંતુ લૂંટેરી દૂલ્હન એવી મહિલા હાથમાં આવી નહોતી. જેને આજ રોજ યુનિવર્સિટી પોલીસે છોટુઉદેપુર પંથકમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૬માં એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં એક યુવાનને લગ્ન કરવા હોઇ તેણે એજન્ટ મારફત સંપર્ક કરતાં નર્મદા જિલ્લાના તીલવાડા તાબેના ધણસીદા ગામની યુવતી ગીતા ઉર્ફે સંગીતા પ્રવિણભાઈ તડવી સાથે તેના લગ્ન કરાવી દેવાયા હતાં. આ યુવતી પરણેલી હોવા છતાં તે કુવારી છે તેવું કહી તેના લગ્ન યુવાન સાથે કરાવી દેવાયા હતાં. તેના બદલામાં એક લાખ રોકડા મેળવી લેવાયા હતાં. લગ્નના બીજા જ દિવસે ગીતા ઉર્ફે સંગીતા માવતરે કામ છે તેમ કહીને નીકળી ગઈ હતી. બાદમાં ખબર પડી હતી કે તે ઘરમાંથી અઢી લાખના દાગીના પણ લઈ ગઈ છે.આ મામલે જે તે વખતે સંગીતા ઉર્ફે ગીતા તેમજ તેની ટોળકીના ઈશ્વર ફુલજી તડવી, અનસુયા ઈશ્વર, જશી વેચા તડવી, મયુર ઝવેર ગોટી, રમણ રણછોડ પટેલ અને સામત જોગા જોગરાણા વિરૂદ્ધ આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૯૫, ૧૨૦બી મુજબ ગુનો નોંધાયો હતો. જે સમયે પોલીસે અનસુયા, મયુર, જશી, ઈશ્વર અને રમણને પકડી લીધા હતાં. જ્યારે લૂટેરી દુલ્હન બનેલી ગીતા ઉર્ફે સંગીતા સાત વર્ષથી ફરાર હતી. તે હાલમાં છોટાઉદેપુરના સંખેડા તાબેના ખુનવાર ગામે હોવાની ચોક્કસ બાતમી મળતાં પોલીસ સંખેડા પહોંચી હતી અને ગીતા ઉર્ફે સંગીતાને ઝડપી પાડી રાજકોટ લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વેરા વસૂલાત, ૩ નળ કનેકશન કપાયા, કુલ ૬૬ લાખ વસૂલ્યા

રાજકોટઃમનપાની વેરા વસૂલાત શાખાએ શુક્રવારે ૩૦ મિલકતને સીલ કરી, ૨૦ને ટાંચ જપ્તીની નોટિસ ફટકારી તેમજ ૩ સ્થળે નળ કનેક્શન કાપી નાખ્યા છે અને એક જ દિવસમાં ૬૬ લાખની ઉઘરાણી કરી છે. આ કાર્યવાહીમાં સૌથી વધુ ઢેબર રોડ પર આવેલા સદગુરૂ આર્કેડમાં સેલર સહિતની ૬ દુકાનોને સીલ લગાવ્યા છે. આ સાથે મનપાને ૩,૯૩, ૩૨૦ મિલકતમાંથી ૩૫૮.૧૭ કરોડ રૂપિયાના મિલકતવેરાની આવક થઈ છે. આ આવકનો આંક ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે આમ છતાં માર્ચના છેલ્લા ૩ દિવસમાં મનપા દોડી લેવાના મૂડમાં છે અને સરકારી કચેરીઓના વેરાની રાહ જોવાઈ રહી છે.

# ગોંડલ નગરપાલિકા પ્રમુખ પર કર્મચારી દંપતીનો હુમલો

## પાલિકા પ્રમુખે ડેટા ચોરી કરતા ઝડપ્યા; બહાર નીકળી જવાનું કહેતા બંનેએ જાનથી મારી નાખવાની ધમકી આપી

ગોંડલઃહાદસોં કા શહેર મનાતા ગોંડલમાં નીતનવા બનાવો અને વિચિત્ર બનાવો બનવાની પરંપરા જળવાઈ રહી છે. ગોંડલ નગરપાલિકા પ્રમુખ પર કર્મચારી દંપતિએ હુમલાની કોશિશ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પાલિકા વર્તુળમાં આ ઘટના ચર્ચાનો વિષય બની જવા પામ્યો હતો. પાલિકામાં જ અગાઉ સેનિટેશન શાખામાં કામ કરતો કર્મચારી પાલિકાની ગુપ્ત માહિતી અને ડેટા ચોરી કરી લીક કરતો હોવાથી તેને અગાઉ છૂટો કરી દેવામાં આવ્યો હતો પરંતુ તેના પત્ની અહીં જ શાખામાં કામ કરતી હોવાથી તે વારંવાર પાલિકાએ આવીને આવી હરકતો કરતો હોવાથી તેને





ટપારવામાં આવતાં દંપતિએ પ્રમુખ પર હુમલાની કોશિશ કરી હોવાની ફરિયાદ થતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.ગોંડલ પાલિકા પ્રમુખ મનીષભાઈ ચનિયારાએ શહેર પોલીસમાં સેનિટેશન શાખાના પૂર્વ કર્મચારી હિરેન ચોટલીયા અને NULM શાખાના સુપરવાઈઝર મિતલબેન હિરેનભાઈ ચોટલીયા વિરૂદ્ધ હુમલાની કોશિશ અને જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૫૦૪, ૫૦૬ (૨) ૧૧૪ મુજબ તપાસ હાથ ધરી હતી.પાલિકા પ્રમુખ મનીષ ચનિયારાએ પોલીસને જણાવ્યું હતું કે હિરેન ચોટલીયા સેનીટેશન શાખાઓમાં અગાઉ નોકરી કરતો હતો અને ડેટા લીક કરી પાલિકાનું ગુપ્ત સાહિત્ય ચોરી કરી જાહેર કરતો હોય તે ધ્યાને આવતા છુટો કરી દેવાયો હતો, પરંતુ તેમ છતાં પણ વારંવાર નગરપાલિકાએ આવી ડેટા ચોરી કરવાનો પ્રયત્ન કરતો હોવાનું ધ્યાને આવ્યું હતું. દરમિયાન શાખામાં નોકરી કરતા તેના પત્ની મિતલબેનની ઓફિસમાં તે લેપટોપ લઈ આવ્યો હોય, ડેટા ચોરીની કોશિશમાં જ હતો એ જાણમાં આવતાં દંપતીને પાલિકાની ઓફિસમાં જ આવવાની ના પાડી દેવાતાં દંપતી ઉશ્કેરાયું હતું અને માર મારવાની કોશિશ કરી હતી, એટલું જ નહીં તેમજ જાનથી મારી નાખવાની ધમકી હતી આપી હતી. આથી મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

# ખાંભાના સરપંચના પિતા વિરૂધ્ધ થયેલ ફરિયાદ રદ કરવા માંગ

## ગાંધીચોકથી રેલી સ્વરૂપે વેપારીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

અમરેલીઃખાંભા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ કુમારી રીનાબહેન ખુમાણનાં પિતાજી બાબાભાઈ બી. ખુમાણ ઉપર દલિત યુવકે એટ્રોસિટી ફરિયાદ નોંધાવતા ખાંભા શહેરના વેપારીઓ અને રહીશોમાં રોષ ઉભો થયો છે.

ફરિયાદી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાંભા ગ્રામ પંચાયતમાં તેણે એક આર. ટી. આઈ. હેઠળ માહિતી માંગવા અંગે સરપંચના પિતાજીએ તેઓને ઢીંકા પાટુનો માર માર્યો તેમજ તેમને જ્ઞાતિ વિશે હડધુત કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે આજે ખાંભાના દરેક નાના મોટા વેપારીઓ દ્વારા બાબાભાઈખુમાણના સમર્થનમાં આવ્યા હતા અને વેપારી અગ્રણીઓએ ગાંધી ચોકમાંથી રેલી કાઢી રેલી સ્વરૂપે મામલતદાર કચેરીમાં પહોંચી આવેદનપત્રપાઠવેલ. સવારથીજ સ્વૈચ્છિક રીતે પોત પોતાના ધંધા રોજગાર અને શાક માર્કેટના વેપારીઓ દ્વારા પણ બંધ રાખી ખાંભા મામલતદાર અંટાળાને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આવેદનપત્રમાં માંગ કરવા માં આવી હતી કે આ આ ફરિયાદને રદ કરવામાં આવે તેમજ ભોગ બનાનાર સરપંચના પિતાને ન્યાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

મળતી માહિતી પ્રમાણે ખાંભા ગ્રામ પંચાયતમાં કુમારી રીનાબહેન બાબાભાઈ ખુમાણ છે જયારે ખાંભાના ગીરીશભાઈ બાબરીયા નામના દલિત યુવક દ્વારા ગત દિવસોમાં તેના ઘર પાસેની ગટર બાબતે રજૂઆત કરાયેલ જેના ઉકેલ માટે ગામના અગ્રણી તરીકે માટે બોલાવેલ હોવાનું બાબાભાઈએ જણાવેલ છે.

આ ફરિયાદના પગલે બાબાભાઈ ખુમાણના સમર્થન માં ખાંભા વેપારી એસોસિયન તેમજ તમામ વેપારીઓ આજે તેમના ધંધા રોજગાર બંધ રાખીને ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આ ખોટી ફરિયાદ કરવા માં આવી હતી તે રદ કરવાની માંગ કરવા માં આવી હતી.